હોમીઓપૅથીક અને બાયોકૅમીક

વૈદક શાસ્ત્રનો

સરળ ભોમીઓ.

(સાધારણ વ્યાધીઓની ચીકીત્સા માટેનું

ઘરગથુ મદદગાર પુસ્તક.)

" કુદરતના નીયમોનુ પાલન કરો " ડા. કુલકર્ણી.

મુંબઇ.

રૉય એન્ડ કુંપની,

હોમીઓપૅથીક દવાવાળા,

ભરૂચા બીલડીંગ, મીનસેસ સ્ત્રીટ.

૧૯૨૩.

હોમીઓપૅથીક અને બાયોકૅમીક
વૈદક શાસ્ત્રનો

સરળ ભોમીઓ.

(સાધારણ વ્યાધીઓની ચીકીત્સા માટેનું
ઘરગથુ મદદગાર પુસ્તક.)

" કુદરતના નીયમોનું પાલન કરો " ડૉ. કુલકર્ણી

મુંબઇ.

રૉય એન્ડ કુંપની.

હોમીઓ પૅથીક દવાવાળા

ભરૂચા બીલડીંગ, મીનર્વા સ્ટ્રીટ.

૧૯૨૩.

પ્રસ્તાવના

અમારા ઘણા ગ્રાહકો તથા મીત્રો તરફથી, સાધારણ વ્યાધીઓની ચીકીત્સામાં ઉપયોગી થઇ પડે તેવું ધરગથુ નાના પુસ્તકની માગણી થવાથી આ પુસ્તક પહેલું ઇંગ્રેજીમાં બહાર પાડવામાં આવેલ હતું. અને હાલમાં તેની બે આવૃત્તીઓ ઇંગ્રેજીમાં બહાર પડી ચુકી છે; પણ ઘણા ગુજરાતી ગ્રાહકોએ આ પુસ્તક ગુજરાતીમા છપાય એવી માંગણી કરવાથી આજે આ પુસ્તક ગુજરાતીમાં બહાર પાડવામાં આવેલ છે; તો આશા છે કે આ અલ્પ પ્રયાસ તેમને વ્યાધીનીવારણમાં તથા દરદના અટકાવ માટે મદદગાર થઇ પડશે.

સર્વે સાધારણ વ્યાધીઓમાં આ પુસ્તકમાં બતાવ્યા પ્રમાણે ઔષધોપચાર કરવો. તે છતાં એમ સમજવાનું નથી જે બધા દરદોને માટે પુસ્તક ડાકટરની ગરજ સારશે. બીકટ અને જુના વ્યાધીઓમાં સારા ડાકટરની સલાહ લેવી અને દરદનું નીદાન કરાવી ઔષધોપચાર કરવો.

છેવટે આ પુસ્તકનો ઇંગ્રેજીમાંથી ગુજરાતીમાં તરજુમો કરવામાં ડાકટર છગનલાલ ર. કેશાણી (એલ. એમ. એન્ડ એસ.) એ અમારે માટે જે પરીશ્રમ લીધો છે તેને માટે આ ઠેકાણે અમો તેમનો આભાર માનીએ છીએ.

તા. ૨૮ મી જુલાઇ ૧૯૨૨ }

રૅાય એન્ડ કુંપની,
હોમીઆપાથસ
મુંબઇ.

સાંકળીયું.

પહેલો ભાગ—હોમીઓપૅથી તથા બાયોકેમીક વૈદક પધ્ધતી વિષે સાધારણ સમજ. ૧

બીજો ભાગ—હોમીઓપૅથીક અને બાયોકેમીક દવાઓના ગુણદોષ; અમેરીકાની બનાવટની બીજી વનસપતિ ઔષધીઓ વીગેરે. ૫

ત્રીજો ભાગ—દરદોની ચીકીત્સા. ૫૪

ચોથો ભાગ—આ દવાથી આરામ થયેલા કેટલાક દર્દીની નોંધ. ૯૬

હોમીયોપૅથીક અને બાયોકેમીક દવાઓનો ભોમીઓ

ભાગ ૧

(Homoeopathy) હોમીઓપૅથી.

" જેના થી જે થાય તેનાથી તે મટે. "

હોમીઓપૅથીક વૈદક પદ્ધતીનો એવો સીધ્ધાંત છે કે કોઇ અમુક દવા (વધારે પ્રમાણમા) તંદુરસ્ત માણસને આપવામાં આવ્યાથી જે ચીન્હો ઉત્પન્ન થાય છે, તેવાજ શારીરીક ચીન્હો વાળા એક દરદીને તેજ દવાઓ ઓછા પ્રમાણમાં આપવામાં આવે તો તેના દરદના ચીન્હો શમીજાય છે અને રોગી સારો થાય છે; દાખલા તરીકે અફીમથી અતી નીદ્રા અને દસ્ત ની કબજીયાત, કોફીથી ઉંઘની ખામી, રૂબાર્બ Rubarb થી અતીસાર, પારાથી ઉપદંશ અને આઇપીકેકયુના થી ઉલટી તથા શ્વાસના વ્યાધીઓ મટેછે.

ઘણી ઓષધીઓનો એવો ગુણ હોય છે કે તેને વધુ પ્રમાણમાં લેવાથી તે અમુક રોગના જેવાજ ચિન્હો ઉત્પન્ન કરે છે અને જયારે તેને ઘણાજ ઓછા પ્રમાણમાં લેવામાં આવેતો તેજ ચીન્હો શમાવી દેછે હોમીઓ પૅથીની ઘણી દવાઓ તંદુરસ્ત સ્ત્રી તથા પુરૂષો ઉપર તથા નામાંકીત ડાકટરોએ પોતાના ઉપર અજમાવેલી છે અને ત્યાર પછીજતેની બધી સાબીતીઓ (Provings) બહાર મૂકવામાં આવેલી છે; આ વૈદક પધ્દતી એ જરમનીના પ્રખ્યાત ડાકટર હાનીમાન ને કુદરતી બક્ષીસ તરીકે માલુમ પડી હતી જે તેણે ૧૭૯૦ મા બહાર પ્રસીદ્ધીમાં મુકી હતી હોમીયોપૅથીના આવા સીધ્ધાંતોથી તેણે દરેક દરદોની ચીકીત્સામાં ઍલોપૅથી કરતાં ઘણી સારી નામના મેળવી છે.

(Biochemistry) જીવન રસાયનશાસ્ત્ર

" રકતમાં રહેલા ક્ષારોની ન્યુનતા પુરી કરો "

આ પધ્દતી હૉમીઓપૅથીમાથીજ નીકળેલી છે અને તેની ઘણી ખરી દવાઓ હૉમીયોપૅથીક દવાના કોષમાં આવેલી છે; તેનો સીધ્ધાંત જર્મનીના પ્રખ્યાત વીજ્ઞાનશાસ્ત્રના પ્રોફેસર ફીરશોની શોધ ઉપરથી ડૉ. શુસલરે સ્થાપીત કરેલછે. શરીરની અંદર રહેલું લોહી તે આખા શરીરમાટે જીવન રૂપછે અને લોહીની અંદર રહેલા અમુક જાતના ક્ષારો તે શરીરનાં જીવંત બીંદુઓ (cells) માટે એક તરેહના ખોરાકની ગરજ સારેછે; જ્યારે જ્ઞાન તંતુઓની નબલાઇને લીધે અગર બીજા કોઇપણ કારણથી લોહીની અંદર આ ક્ષારોની ખામી જણાય છે અગર જીવંત બીંદુઓને આ ક્ષાર મળી શકતા નથી ત્યારે અમુક જાતનો વ્યાધી ઉત્પન્ન થાય છે; આ ક્ષારોનુ પ્રમાણ લોહીમાં બરોબર જાળવવાનું છે. અને તે પ્રમાણમાં તેની ખામી જણાયતો સુક્ષ્મ પ્રમાણમાં આ ક્ષારો આપવાથી વ્યાધી તુરત શમી જાયછે. આ ક્ષારો તંદુરસ્ત માણસો ઉપર અજમાવવામા આવેલાછે. આ પ્રમાણે લોહીમાં રહેલી ક્ષારોની ન્યુનતા તે પુરી પાડે છે અને કુદરતને અનુસરીને કામ કરેછે.

દાખલા તરીકે નષ્ટાર્તવ તથા પાંડુરોગમાં ફૅરમ ફોસ આપવાથી સારૂ થાય છે કારણ જે તે ક્ષાર લોહીમા રહેલો છે અને લોહીને રાતુ બનાવવાનું ખાસ તત્વ છે; તે ઉપરાંત હાડકાની નબળાઇમાં તથા ભાંગેલા હાડકા જોડવામાં કૅલ્કેરીઆ ફોસ ઘણોજ ઉપયોગનો ક્ષાર છે; કારણ જે તે ક્ષાર સાધારણ રીતે હાડકામાં રહેલો છે, અને હાડકાને માટે જીવન રૂપ છે.

શરીરને બાળી નાખવા પછી પાછળ જે રાખ રહે છે તેની અંદર જીવન રસાયનના બારે ક્ષારો રહેલા છે; આ ઉપરથી સાબીત થાય છે જેઆ ક્ષારો સ્થુલ શરીરના બધારણમાં મુખ્ય તત્વોનું કામ કરે છે; અને શરીરના દરેક અવયવોના બંધારણમાં અમુક અમુક ક્ષાર ઉપયોગનો છે. અમેરીકાના એક પ્રખ્યાત જીવન રસાયન શાસ્ત્રના ડાકટર (જેને વૈદકી જ્યોતીશનું પણ જ્ઞાન છે) તે જણાવે છે કે જ્યારે પૃથ્વી સુર્યની આસપાસના પોતાના ભ્રમણમાં અમુક રાશીમાં આવે છે ત્યારે સુર્ય મનુષ્ય શરીરમાં આ ક્ષારો બનાવે છે.

(જુઓ ડા. કુલકરનીનું બાયોકેમીક પ્રીસક્રાઇબર)

હોમીયોપેથી અને બાયોકેમીક વૈદક પદ્ધતીના ફાયદા.

(૧) આ પદ્ધતીઓ વિજ્ઞાનની શોધ ઉપર તથા તંદુરસ્તીને લગતા કુદરતના કાયદા ઉપર રચાયલી છે.

(૨) ઔષધીઓ તદ્દન નીર્દોષ છે અને ઘણા સુક્ષ્મ પ્રમાણમાં આપી શકાય છે.

(૩) ઔષધીઓનો સ્વાદ પાણી જેવો અગર સાકર જેવો લાગે છે અને બચ્ચાઓ ઘણી ખુશીથી લઇ શકે છે.

(૪) આ ઔષધીઓ શરીરનો જે ભાગ વ્યાધીગ્રસ્ત હોય છે તેના ઉપરજ કામ કરે છે. અને પાછળ કાંઇ પણ ખરાબ ચીન્હો રહેવા દેતી નથી (જેમ કે કવીનાઇન ખાધાથી તાવ દબાય છે પણ કાને બહેરાપણુ થઇ જાય છે.)

(૫) આ ઔષધીઓ ઘણીજ ફાયદાકારક છે. અને સચોટ કામ કરે છે.

(૬) સાધારણ સમજણવાળો માણસ પણ સાધારણ દરદોનું પોતાની મેળે નિવારણ કરી શકે છે.

(૭) કોઇ પણ જાતની બીજી ક્રીઆઓ જેમ કે (ઊલટી, ઝાડા, બ્લીસ્ટર મારવા; ફસ ખોલાવવી વીગેરે) ક્રીયાઓની મદદ વગર દરદ મટાડી શકાય છે.

(૮) ખાસ કરીને જુના દરદોમા તથા વંશ પરંપરાથી મેળવેલા દરદો પણ આ ઔષધીઓથી નિર્મૂળ થઈ શકે છે.

(૯) આને લગતી ઔષધીઓ તથા ચોપડી એક નાની પેટીમાં પણ સાથે રાખી શકાય છે.

(૧૦) ચિકીત્સા ઘણી સાદી હોવાથી કોઇ પણ જાતનો ગુચવાડો ઉભો થતો નથી.

(૧૧) આ ઔષધીઓ દર્દ મટાડવામાં કુદરતને અનુસરીને કામ કરે છે.

ખાસ સુચના.

કોઇપણ જાતની વાસવાળી દવાઓ (સઘળી ઇંગ્રિજી તેમજ આયુરવેદીક દવાઓ) તેમજ સુગંધી અતરો, ફુલ, વીગેરેને આ તદન સાદી અને સુક્ષ્મ દવાઓ પાસે રાખવાથી તેનો ગુણ બગડી જાય છે અને દવાઓ તદન ન કામી થઇ પડેછે; તેટલા માટે આ ઔષધીઓ વાપરવાવાળા સદગ્રહસ્થોને ખાસ જણાવવાની જરૂર છે કે જે દવાવાળાઓ એકલી હોમીયોપૅથીક અને બાયોકેમીક દવા વેચવાનો ધંધો કરતા હોય તેની પાસેથીજ પોતાને જોઇ તી દવા લેવી, અમો ફક્ત હોમીયોપેથીક, બાયોકેમીક અને ઇલેકટ્રો હોમીયોપેથીક દવાઓજ વેચીએ છીએ. અને અમોને જર્મની અમેરીકા તેમજ ઇગ્લાંડથી દવાઓનો જથ્થો મળે છે.

રોય એન્ડ કું૦ હોમીયોપેથીસ્ટ બાયોકેમીસ્ટ.

હોમીયોપૅથીક ઔષધો લેવાની રીત તથા પ્રમાણ.

પ્રવાહી દવા—એક ચમચા પાણીની અંદર બે ટીપા દવા.

ગોળીઓ મોટી—બે થી ત્રણ ગોળીઓ.

નાની ગોળીઓ—છ થી દશ ગોળીઓ.

ભૂકીની દવાઓ (ચુર્ણ) ૪ થી ૫ ગ્રેઇન.

ઉપરની દવાનું પ્રમાણ પુખ્ત ઉંમરના માણસોને માટેનુ છે; બચ્ચાઓને માટે અડધા પ્રમાણમાં અને ધાવણા બાળકોને માટે ઉપરના પ્રમાણથી ત્રીજા ભાગનું (૧/૩) લેવાનુ છે.

(ઔષધ લેવાની રીત.)

નવીન વ્યાધીની અંદર દવા દર બે અથવા ત્રણ કલાકે આપવામાં આવે છે; જુના વ્યાધીઓની અંદર ઉંચાં (વધુ) પાવરની દવા (૩૦x થી ૨૦૦)

ફૉસફેરા.

તે એક શકતીની દવા છે; તે લોહીને શુદ્ધ કરે છે; અને ભયંકર તાવ આવ્યા પછી રહેલી નબળાઇ ને મટાડે છે. પ્લેગ, ઇનફ્લુએન્ઝા સામે બચાવ કરે છે

દીવસમાં બે વખત અગર એક વખત આપવામાં આવે છે, જુના વ્યાધી-ઓની અંદર દવા લાંબો વખત સુધી લેવી પડે છે; કોલેરા, ઝાડા, મરડો, શુલ્મ, વિગેરે ભયંકર વ્યાધીઓમાં દર પા કલાકે દવા આપવાની જરૂરછે. ભૂકીની દવા, ગોળીઓ વિગેરેને જીભ પર મૂકીને ધીરે ધીરે પીગળવા દેવી, ગળી જવાની જરૂર નથી;

દવા હંમેશા જમ્યા પહેલા એક કલાક અગાઉ અગર જમ્યા પછી એક કલાકે લેવી, ને સવારમાં ઊઠતી વખતે ને રાત્રે સુતી વખતે પણ લેવામાં હરકત નથી.

સાધારણ રીતે નવીન વ્યાધીઓમાં વનસ્પતીક દવાઓ ૩ જી પાવરની તથા ખનીજ ઔષધીઓ ૬ ઠી પાવરની વાપરવામાં આવે છે; જુના વ્યાધી-ઓમાં ૩૦, ૧૦૦, અને ૨૦૦ પાવરની દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે, તે ઉપરાંત વંશપરંપરા થી લાગુ પડેલા અને અત્યંત જુના દરદમાં ૧૦૦૦ અને સી એમ પાવરની દવા વાપરવાની જરૂર પડછે આ ઉંચી-પાવરની દવાઓ વારંવાર આપવાની જરૂર રહેતી નથી.

ટયુબર કયુલીનમ, સોરીનમ, વેરીઓલીનમ બેસીલીનમ વાગેરેનોઝોડની દવાઓ તો ૨૦૦,૧૦૦૦ અને સીએમ પાવરમાજ ફકત વાપરવામાં આવે છે.

(હોમીયોપેથી દવાનો પ્રયોગ ચાલતો હોય ત્યારે પાળવાના નીયમો.)

બનતા સુધી દરદીએ નીચેની ચીજોનો વપરાસ તદન બંધ કરી દેવો જોઇએ. કાફી, ચા, તંબાકુ, બીડી, દારૂ, સોડા વીગેરે; આ પ્રમાણે પથ્ય પાળવાથી દવાની અસર જલદી થાય છે; અને આરામ તુર્ત મળે છે. હોમીઓપેથીક અગર બાયોકેમીક દવાં વધારે લેવાઇ હોય તો કૉફી તેનું નીવારણ છે.

બહાર લગાડવાની દવા.

કોઇ પણ અસલ દવાના (મધર ટીકચર) ના ૧૦ થી ૨૦ ટીપા એક આંઉસ ચોખ્ખા પાણી સાથે મેળવીને બહાર લગાડવાની દવાનું પ્રવાહી (લોશન) બનાવવામાં આવે છે. અને તે કોઇ પણ ઘા અગર ચાંદુ ધોવામાં અગર સુજેલા ભાગ ઉપર પટી તરીકે લગાડવાના ઉપયોગમાં આવે છે.

ભીની પટી—લીટનો ટુકડો અગર મલમલની ચોવડી પટ્ટી બહાર લગાડવાના પ્રવાહી લોશનમાં બોળીને દરદવાળા ભાગ ઉપર મૂકવામાં આવે છે.

હોમીયોપેથીક દવાઓની પાવર.

હોમીયોપેથીક અને બાયોકેમીક દવાઓની પાસે બે જાતની પાવર લખવામાં આવે છે એટલે કે તેવી રીતે બનાવવામાં આવે છે.

(૧) **દશાંસ પદ્ધતી—** (૧ ભાગ મુળ દવાને ૯ ભાગ દુધની ખાંડ અગર પ્રવાહી સ્પીરીટ) દાખલા કરીકે એકોનાઇટ ૩× કાલી ફોસ ૬× આની અંદર× લખેલ છે તે દશાંશ પદ્ધતિ બતાવેલ છે.

(૨) **શતાંશ પદ્ધતિ**—(૧ ભાગ મૂળ દવા અને ૯૯ ભાગ દુધની ખાંડ અગર પ્રવાહી સ્પીરીટ) દાખલા તરીકે એકોનાઇટ ૧ c અગર ૧ બ્રાયાનીયા ૩ c અગર ૩ ઘણુ ખરૂં શતાંશ પદ્ધતીની પાવર લખતી વખતે c નો આંકડો લખવામાં આવતો નથી.

ભાગ બીજો.

ઔષધીઓના ગુણદોષ.

Aconitum (એકોનાઇટમ્ ૩-૨૦૦)

સઘળી જાતના જ્વરની શરૂઆતમાં; સંધીવામાં; સોજામાં શરદી. ખાસી; સન્નીપાત જ્વર (ન્યુમોનીઆ) વિગેરે દરદોની શરૂઆતમાં ધાસ્તી લાગવાથી થયેલી ખરાબ અસર વિગેરે દરદોમાં ઉપયોગમા આવે છે. વળી તે ઉપરાંત કોઇ પણ જાતના બહારના સોજામાં અથવા લોહીના એકઠા થવામાં અગર સંધીવામાં બહાર થી લગાડવામાં આવે છે; વરમની શરૂઆત, શરીરની ગરમીના વધારો, ભરેલી નાડી, મરણનો ભય, અતી દુઃખાવો, ધણી ચીતા અને બેચેનીના ચીન્હો માટે આ દવા ખાસ છે (સરખાવો ફેરમફૉસ.)

Antimony Tart (એન્ટીમનીટારટમ ૬ થી ૩૦)

સાદી ખાંસી, બાળકોને થયેલી મોટી ઉધરસ, શ્વાસ, સસણી, છાતીમાં કફનું ભરાઇ રહેવું. એમ માલમ પડતુ હોય, કફ સડસડ બોલતો હોય પણ ઉધરસથી બહાર નીકળતો ન હોય; ફેફસામાં સોજો ચડયો હોય; તો આ દવા ઉપયોગી થઇ પડે છે; તે ઉપરાંત શીળીના વ્યાધીમાં પણ આ દવાનો ઉપયોગ થાય છે. (કાલીમ્યુર). તે ઉપરાંત કફ થી પીડાતા દરદીઓની જીભ ઉપર સફેત છારી રહેછે.

Antimony Crudum (ઍન્ટી મોનીયમ ક્રુડમ ૬ થી ૩૦)

અન્ન માર્ગના શ્લેષ્મ પડનો કાંઇ રોગ થયો હોય તેની સાથે ચામડી ઉપર ફોડકા, ચાંદાં, શીળસ વિગેરે રોગ થયો હોય, ત્યારે આદવા કામની છે ઘણું કરીને બાળકો કે વૃદ્ધમાણસોને આ દવા જરૂરની છે; આ દવાની જરૂર વાળા દર્દીઓની જીભ શફેત દુધ જેવી હોયછે;

Apis mellifica (એપીસ મેલીફીકા. ૩૦-૨૦૦)

શરીરના જુદા જુદા ભાગમાં એકદમ થઇ આવેલો તીક્ષણ વરમ, રતવાના દર્દ, તથા મુત્ર માર્ગના પડના વરમ મટાડવામાં આ દવા ધણીજ

ઉપયોગી છે; ચામડીના દરદોમાં જેમાં દાહ, ચટકા, તથા ચળ આવવી વીગેરે ચીન્હો; તથા સોજો હોય તો આ દવા ઘણોજ ફાયદો કરે છે; મુત્ર નું અટકી જવું અથવા મુત્રમાં લોહી જવું, શરીરમાં સોજા થઇ આવવા અને તે સાથે પાણીની તૃષ્ણા મુદ્દલ ન હોય તો આ દવા વપરાય છે, સ્ત્રીઓના અંડાશયના જળંદરને માટે પણ આ દવા ઉપયોગની છે.

Argenti Nitricum (૩૦ થી ૨૦૦).

(આરજેન્ટમ નાઇટ્રીકમ)

આ દવા મજાતંત્રની મંદતા, મગજની નબળાઇ, પક્ષાઘાત, પેટનો દુખાવો, શ્લેષ્મ પડનો ક્ષોભ, શ્લેષ્મ વૃધ્દી, રકતની અશુધ્ધી, ફેર આવવા નપુંસકત્વ, અતીમુત્રતા વિગેરે વ્યાધીઓમાં ઉપયોગની છે;

તે ઉપરાંત માથાના સખત દુખવામાં, તથા આંખ આવી હોય અને તેમાંથી ચીપડા બહુ નીકળતા હોય સવારમાં આંખ ચોટી જતી હોય આંખમાં ખીલ થયા હોય તો આ દવા કામમાં આવે છે. જમ્યા પછી પેટમાં દુખવા આવતુ હોય, હોજરીમાં ચાંદુ પડયું હોય, વાયુનુ જોર બહુ હોય અને બહુ ઓડકાર આવતા હોય, ઉલટી થતી હોય તે સાથે ઝાડાને પેટનો દુખાવો હોય તો આ દવા ઉપયોગની છે.

Arnica (આરનીકા ૩)

પડી જવાથી, મારપડવાથી, ગાડીના ઘઘડાટથી અતી મેહેનતને લીધે થતા થાકથી, ચામડી છોલાણી હોય અગર મુઢ માર પડયો હોય, મારને લીધે હાથ પગના સાંધા લચકાઇ ગયા હોય તો આ દવા અંદર વાપરવામાં આવે છે; તેમ બહારથી પણ લગાડવાના ઉપયોગમાં આવે છે; જયાં ઘા લાગ્યો હોય ત્યાંજ ફકત **ઘા ઉપર આ દવા ન લગાડવી** હાથ પગ થાકી ગયા હોય ત્યારે ગરમ પાણીમાં આ દવા નાંખી ને અવયવો ઝારવાથી થાક ઉતરી જાય છે.

Arsenicum Album (આર્સેનીકમ આલબમ ૬ થી ૨૦૦)

ઘણી નબળાઇ, ઘણી સુસ્તી તથા બેચેની, દાહ, સોજો, અતીશય તૃષ્ણા, માંસનું સુકાઇ જવું, રોગનું રહી રહીને ફરી થવુ ઈત્યાદી લક્ષણવાળા દર્દોમાં; તથા શ્લેષ્મપડ, રસપડ, તથા ચામડીના વરમમાં અને ઝીણા

તાવમાં આ દવા ફાયદાકારક છે; અતીશય કવીનાઇન ખાધા પછી પણ જેમની બીમારી ન મટી હોય તેવાઓને આ દવા ખાસ ઉપયોગની છે

લાંબા વખતનું ઉલટી તથા ઉબકાનુ દર્દ તથા અન્નાશયમાં ક્ષત પડયું હોય તો આ દવા ઘણોજ સારો ફાયદો કરે છે.

Influenza (ચેપીસળેખમ) થયુ હોય, અને નાકમાંથી પુષ્કળ દાહક પાતળો.રસ નીકળતો હોય તેમ જુની ખાંસી અને દમ જેમાં ખાંસીમાં કફ સાથે લોહી નીકળતુ હોય અને શરીરે ઘણીજ નબળાઇ હોય તો આ દવા ઉપયોગની છે; દરદ હમેશા રાતના ૧૨ થી ૨ પછી વધેછે.

Aurum Metalicum (ઓરમ મેટાલીકમ ૩૦ થી ૧૦૦૦)

મુખ્ય ઉપયોગ—મગજના વ્યાધી. આત્મઘાત કરવાની મનોવૃત્તી, અતીશય ઉદાસીનતા, અસ્થીના વ્યાધી, સડો વિગેરે; રકતાશયની નબળાઇ ગર્ભાશયની નબળાઇ, ને પારાને લીધે થયેલી શરીર ઉપર ખરાબ અસર તે ઉપરાંત ઉપદંશથીકે ક્ષય, ગંડમાળ વિગેરેથી શરીર છેક બગડયું હોય ત્યારે પણ આદવાથી ફાયદો થાય છે; એકદમ દુર્બળ નાતવાન હાડકાની નબળાઇ વાળા બાળકોને માટે આ દવા સારી છે.

Bacillinum (બેસીલીનમ ૨૦૦ અને સી. એમ.)

મુખ્ય ઉપયોગ—ક્ષય, ફેફસાનો વરમ, દમ, માથામાં થતી દાદર ગંડમાળ વિગેરે દર્દમાં વપરાય છે.

Baptisia (બેપટીઝીઆ ૧ × થી તે ૩૦ સુધી.)

અન્નમાર્ગમાં રહેલા શ્લેષ્મ પડમાં સોજા સાથે કોઇ રોગ હોય; તાવની સાથે અજીર્ણ વીકાર (ઝાડા તથા ઉલટી હોય), એકવીસ દીવસની મુદતના તાવમાં, ઇનફલુએનઝાના તાવમાં જેમાં ઘણીજ સુસ્તી જણાતી હોય, મોઢામાં કે આંતરડાના છેલ્લા ભાગમાં કોઈ વરમ કે ક્ષત થયા હોય; જીભ મધ્ય ભાગમાં લાલ થઇ આવી હોય, કોરી રહેતી હોય, અને તેના ઉપર તપકીરીઆ રંગનો થર જામ્યો હોય, તો આદવા ખાસ ઉપયોગની છે. ક્ષયના તાવમાં, આ દવા વપરાય છે.

સન્નીપાત જ્વરમાં પણ આ દવા ઘણોજ ફાયદો કરે છે.

Belladona (બેલાડોના ૩ થી ૩૦)

મગજ અને કરોડ રજ્જુમાં રહેલ મજ્જાતંતુના દરદોમાં, તથા આંખ, ગળુ, મુત્રાશય, ચામડી, તથા શ્લેષ્મપડના વ્યાધીઓ મટાડવામાં આ દવા ઉપયોગની છે, સ્ત્રી અને બાળકને મગજના વરમ સાથે થઇ આવતા તાવમાં આ દવા ઉપયોગની છે. તે ઉપરાંત નીચેના વ્યાધીઓમાં ખાસ કામની છે; જેવાકે, માથાનો દુખાવો, ચકરી, આંચકી; રતવા, ભયંકર સન્નીપાત, દાંતનો દુખાવો શરીરમાં રહેલી ગાંઠોનો સોજો, ગળાનો વરમ, અવાજનું બેસી જેવું, ગળાના ચોરીઆં આવી ગયા હોય; (આ દવા ઉપરના દર્દો માટે બહારથી પણ લગાડવાના કામમાં આવે છે.

Bryonia (બ્રાયોનીઆ ૩–૨૦૦)

મુખ્ય ઉપયોગ—શ્વાસમાર્ગના દર્દોની અંદર શરૂઆતમાં અને જ્યારે જીભ ઉપર સફેત છારી બાઝેલી હોય, સંધીવા, પીઠનો દુખાવો, પીતના તાવો (એકાતરીઓ, મુદતનો તાવ, વીગેરે કે જેમાં તાવની ગરમી ઘણીજ રહે છે તથા માથાનો દુખાવો તથા સાથે ઝાડાની કબજીઆત રહે છે તે ઉપરાંત પાણીની તૃષા પણ ઘડી ઘડી લાગે છે. દીવસ આખો રહેતી સુકી ખાંસી કે જેમાં છાતીમાં શુળ આવતું હોય તેમાં આ દવા ખાસ ઉપયોગની છે, સંધીવાના દરદમા આ દવા બહારથી લગાડવાને કામમાં આવે છે.

Calcarea Carbonica (કેલકેરીઆ કાર્બ ૬, ૩૦, ૨૦૦)

મુખ્ય ઉપયોગ—શરીરને બરાબર પોષણ મળતું ન હોય, હાડકાની નબળાઇ રહેતી હોય, હાડકા બરોબર બંધાતા ન હોય, યકૃતના વ્યાધી હોય, તથા સંધીવા, નાના બાળકોને દાંત મોડા અને મુશકેલીથી આવતા હોય, અને સાથે ઝાડા થતા હોય; તે ઉપરાંત કંઠમાળ, ક્ષયના વ્યાધીમાં રાત્રે ખુબ પસીનો થતો હોય, સ્ત્રીઓને સફેત પ્રદર હોય, તથા નાકમાં મસા હોય અને ઘડી ઘડી શરદી થઇ આવતી હોય; ત્વચાના રોગો જેવાકે ખરજવું, મસા, આંટણ વીગેરેમાં પણ આ દવા ઘણી ઉપયોગની છે.

Camphor (કેમફર કપુર ૦ થી ૩૦)

મુખ્ય ઉપયોગ—જ્યારે શરીર ઠંડુ બરફ જેવું થઇ ગયું હોય, શરીરની શક્તી કમ થઇ હોય, નાડી સાવ નબળી ચાલતી હોય, કોલેરા થઇ આવ્યો હોય, ટાઢીઆ તાવમાં ટાઢ આવવાની શરૂઆત હોય, છીંકો

આવીને સખત શરદી શરૂ થઇ હોય. ત્યારે આ દવા ઉપયોગની છે. કોલેરામાં, ડા. રૂબીનીનુ તૈયાર કપુર અર્ક આવે છે તે ખાસ વપરાય છે; તેનો ડોઝ; ૩ થી ૫ ટીપા સાકર સાથે દરેક ૦। કલાકે જ્યાં સુધી ઝાડા બંધ ન થયા હોય ત્યાં સુધી આપવું.

Cannabis Sativa (કેનાબીસ સેટાઇવા ૧×થી ૩૦×, C.M.)

મુત્રમાર્ગના વ્યાધીઓમાં આ દવા ઉપયોગી છે; મુત્રમાર્ગમાં સોજા જો થયો હોય, કીડીઓ ચટકા ભરતી હોય તેમ દરદ થતુ હોય, તથા પ્રમેહના વ્યાધીમાં પેશાબની અંદર રસી નીકળતી હોય અને બળતરા થતી હોય ત્યારે આ દવા ઘણોજ ફાયદો કરે છે.

Cantharis (કેનથારીસ ૩૦c–૨૦૦)

મુખ્ય ઉપયોગ—રતવા, તથા અન્ન માર્ગ, અને મુત્ર માર્ગના વ્યાધીઓ જેમાં દાહ સાથે દુખાવો હોય વારંવાર પીસાબની હાજત થતી હોય, અને પેસાબમાં લોહી પડતું હોય, પેસાબ થોડો ઉતરતો હોય, ગુરદાનો વરમ, પ્રમેહ, દાઝવાને લીધે થતા ફોલ્લા વીગેરે દર્દોમાં આ દવા ઉપયોગની છે; વળી તે અંદર તેમ બહાર પણ લગાડવાના કામમા આવેછે.

Carbo Veg (કારબો વેજ ૬ થી ૨૦૦)

ઉપયોગ—અજીર્ણ, અજીર્ણ સાથે પેટમાં વાયુ, તથા તેને લીધે થઇને શુળ મારતું હોય, રકતસ્ત્રાવની આદત હોય, જીવન શકતી એકદમ ઘટી ગઇ હોય, સ્વરભેદ થયો હોય, અને શરીર થંડુ પડીગયું હોય, વીગેરે દર્દોમાં આ દવા ઉપયોગની છે; તે ઉપરાંત શરીરમાથી જે મળ મુત્ર તથા વાયુ નીકળે તે બધા દુર્ગંધયુકત હોય; અને હાથ પગ થંડા હોય; પેઢામાંથી લોહી નીકળતું હોય, છાતીમાં બળતરા થતી હોય, ત્વચા ઉપરના ગંધાતા ચાંદા વીગેરે દર્દોમાં પણ આ દવા ઘણો ફાયદો કરેછે.

Caulophyllum (કોલોફાઇલમ ૧×થી ૨૦૦)

આ દવા સ્ત્રીઓને આર્તવ વીકાર, પીડીતાર્તવ, પ્રદર, હીસટીરીઆ, સંધીવા જેવા દરદો મટાડવા અપાયછે; ગર્ભાધાન, પ્રસુતી અને બાળકને ઉછેરવા વીગેરેના પ્રસંગમાં આ દવા ઉપયોગનીછે, સ્ત્રીને પ્રસુતી સમયે વેણુ

જોઇએ તેવી ન આવતી હોય તો આ દવા વેણુ લાવવામાં સારે ફાયદો કરેછે.

Chamomilla Matricaria (કેમોમીલા મેટ્રીકેરીઆ ૩--૨૦૦

મુખ્ય ઉપયોગ—મગજમાં બીગાડ થયો હોય, ક્રોધક ચીતા થ સ્વભાવ બહુ ચીડીયો થયો હોય, શરીરમાં દરેક ઠેકાણે અસહ્ય દુખાવે લાગતો હોય, ચાહ કાફી વીગેરે કેફી વસ્તુનુ સેવન ક્યાંથી સ્વભા ચીડીઓ થઇ ગયો હોય, ક્રોધને લીધે થઇને તાવ આવતો હોય, તો અ દવા ખાસ ઉપયોગમાં આવેછે, તે ઉપરાંત બાળકોને દાંત આવતી વખ પેટમાં ચુંક આવતી હોય, ઝાડા થતા હોય, બહુ રડતા હોય, અને રીસા હોય, તો આ દવા ખાસ ઉપયોગમાં આવે છે; દાઢ દુખવા આવી હોય કાનમાં દુખ થતુ હોય, પીતના પ્રકોપ થી માથુ દુખતું હોય, સ્ત્રીઓ પીડીતાર્તવમાં રાત્રે સખત દુખાવો થતો હોય તો આ દવા ઘણેજ સારે ફાયદો કરેછે (કેલકેરાફોસ, નેટ્રમસલ્ફ)

China off (ચાઇના ૩ થી ૨૦૦)

મુખ્ય ઉપયોગ—શરીરમાંથી જુદા જુદા રસો વહી જવાથી અશક્ત આવી ગઇ હોય, રોગ ફરીફરીને થઇ આવતો હોય, થંડીસહીત ના એકાંતરે આવતો હોય, કાંઇ પણ દરદ વગર પચ્યા વગરના પીળા ઝા થઇ આવતા હોગ, યકૃત અને પ્લીહા વૃદ્ધી પામ્યા હોય, કમળો થઇ આવ્યે હોય, તેવા દરદોમાં આ દવા ખાસ ઉપયોગનીછે. વળી તે ઉપરાંત મ પાચન શકતી હોય, ભુખ કમી લાગતી હોય, પેટમાં બહુ વાયુ થઇ આ હોય તો આ દવા વાપરવા થી ફાયદો થાયછે;

Cimicifuga (સીમીસીફ્યુગા ૩-૨૦૦)

સાધારણ ઉપયોગ—સ્ત્રીઓના ગર્ભાશયના રોગો અને રજો દર્શન અનીયમીતપણુ (જેમકે અતી આર્તવ, અગર રજોદર્શન દુખી આવે અથવા કમી આવે) અને તે સાથે ડાબી બાજુએ સંધીવા હો ત્યારે આ દવા ખાસ ઉપયોગનીછે, તે ઉપરાંત સગર્ભાવસ્થા દરમીઆ જણાતી અશકતી તથા બીજા વ્યાધીઓ, જેવા કે કડનો દુખાવો; ડાબ

બાજુનો માથાનો દુખાવો; જ્ઞાન તંતુની અતીશય નબળાઇ, સ્ત્રીઓને હીસ્ટીરીઆ વીગેરે વ્યાધીઓમાં આ દવા સારો ફાયદો કરેછે; ઇનફ્લુએનઝાની સાથે માથાનું તાળવું દુખતુ હોય તો આ દવા કામનીછે.

Cina (સાઇના ૩–૨૦૦)

બાળકોને કૃમી થવાથી જે જે દર્દો થાયછે, જેવા કે ઉલટી, પેટની અંદરનો દુખાવો અતીશય ભુખ, નાકમાં તથા ગુદામાં ચળ આવવી, બાળક રાત્રે બીછાનામાં પેશાબ કરી દેતું હોય તો, બાળક પોતાના દાંત કચડતું હોય તેવા વ્યાધીઓમાં આ દવા ખાસ ઉપયોગની છે. (સરખાવો નેટ્રૂયમફોસ કેમોમીલા)

Coffea Cruda (કોફીઆક્રુડા ૩–૨૦૦)

ઉપયોગ—ઇંદ્રીઓની તથા મનની અતીશય ચંચળતા, તથા નાજૂકાઇ, તથા દાંત, આંખ, મસ્તકમાં અસહ્ય દુખાવો થતો હોય; વળી અત્યંત શોક, હાસ્ય તથા ચીતાને લીધે કાંઇ દર્દ થઇ આવ્યું હોય, અને ઉંઘ મુદ્દલ ન આવતી હોય તેવે પ્રસંગે આ દવા દુબળા, ઉંચાને વાંકાવળી ગયેલા માણસોને માટે કામનીછે, વળી નબળાઇને લીધે છાતીમાં ધબકારો થઇ આવે ત્યારે પણ આ દવા બહુ સારો ફાયદો કરેછે.

Colocynthis (કોલોસીનથસ ૩, ૬, ૩૦)

પેટમાં અને માથામાં થતા સખત દુખાવા મટાડવા માટે આ દવા મુખ્યત્વે કરીને વપરાય છે; સફરાનો સોજો, ઝાડા સાથે ચુંક અને માથાનો દુખાવો એ આ દવાના ખાસ લક્ષણો છે; તે ઉપરાંત મરડાનો વ્યાધી જેમાં ઝાડામાં લોહી પડતું હોય અને પેટમા સખત દુખાવો થતો હોય; વળી પેટમાં આવતી ચુંક દબાવાથી અગર વાંકા વળવાથી મટતી હોય ત્યારે આ દવા ખાસ ઉપયોગની છે. (સરખાવો મૅગનસ ફોસ)

Conium Maculatum (કોનીયમ મૅકયુલેટમ ૬, ૩૦, ૨૦૦)

વૃદ્ધાવસ્થામાં, તથા ખાસ કરીને સ્ત્રીઓને જ્યારે લકવો, અર્બુદ કંઠમાળ, આર્તવ વીકાર કે એવાં દરદો થાય ત્યારે આ દવા ખાસ ઉપયોગની

છે; બરડામાં કરોડરજ્જુ ઉપર તે ખાસ અસર કરે છે; માથું ફેરવવા અથવા સુતાં સુતાં પડખું ફેરવવાથી ફેર આવતા હોય તે મટાડવા મ આ દવા ઘણી સારી છે.

Coralium Rubrum (કોરેલીયમ રૂબ્રમ ૬, ૩૦)

બચ્ચાને થતી મોટી ઉધરસ, તેના જેવી ઉપરા ઉપરી આવતી સખ ઉધરસ જે રાત્રે વધતી હોય, ઉધરસમાં લોહી પડતું હોય, નાકની અંદર ભાગમાં સળેખમની અસર હોય તો આ દવા ખાસ ઉપયોગની છે; ઉપરાંત રાતા રંગના મૃદુ ચાંદા તથા પુરૂષને જનનેંદ્રીય ઉપર ક્ષત થ હોય અને અંદરથી પીલી રસીની કળતી હોય તો આ દવા ખાસ ફાય કારક છે.

Cuprum Arsenicum (કુપ્રમ આરસેનીકમ ૩)

આ દવા ત્રાંબુ અને સોમલને એકત્ર થવાથી થતા ક્ષારમાંથી બનાવ છે. અને કોલેરા, ઝાડા, મરડો, મુત્રાવરોધ વીગેરે દર્દોમાં વપરાય છે.

Cuprum Metalicum (કુપ્રમ મેટાલીકમ ૬ થી ૩૦)

આ દવા પેટના વ્યાધીઓ તથા મજ્જાતંત્રના વ્યાધીઓ જેવા કે તાણ આંચકી, ખેંચાવું વગેરે ઉપર અપાય છે; તે ઉપરાંત હાથ પગની આંગ ળીઓમાં ખેંચ થઇ આવતી હોય, કોલેરાના દર્દમાં પગમાં ગોટલા સખ થઇ આવ્યા હોય, મોટી ઉધરસ થઇ આવી હોય તથા શ્વાસ વીગેરે વ્યાધ ઓમાં ખાસ ફાયદો કરે છે.

Digitalis (ડીજીટેલીસ ૩ × થી ૩૦)

રકતાશયના વ્યાધીમા, આ દવાનો ખાસ ઉપયોગ છે, જ્યાં ના. ઘણીજ મંદ, અનીયમીત વારંવાર અટકી જતી હોય ને રકતાશયં વરમ થયો હોય, તે સાથે શરીરના જુદા જુદા ભાગમાં સોજા ચઢયા હો રકતાશય નબળું પડીગયું હોય કે જરા પણ શ્રમ લેવાથી છાતીમાં થડકા થઇ આવતો હોય, રકતાશયના વરમની સાથે કમળો થઇ આવ્યો હો શ્વાસોશ્વાસની અનીયમીતતા અને મુશ્કેલી, શરીરબળની ક્ષીણ આંખના પોપચા, જીભ, નખ, વિગેરેમાં ભુરા રંગનો દેખાવ વિગેરે શાર રીક લક્ષણો માટે આ દવા ખાસ ઉપયોગની છે.

Drosera (ડ્રોસેરા ૧ થી ૩૦)

આ દવા ખાસ કરીને શ્વાસ માર્ગનાં વ્યાધીઓમાં વપરાય છે મોટી ઉધરસને માટે આ દવા અકસીર ગણાય છે, કંઠને લાગુ પડતો ક્ષય, તથા સાધારણ ક્ષયનાં વ્યાધીમાં પણ આ દવા ઉપયોગમાં આવેછે.

Dulcamara (ડલકેમારા ૩)

જે દરદીઓને હવાના ફેરફારની બહુજ અસર થતી હોય તેને આ દવા બહુજ ઉપયોગનીછે. ઉનાળો ઉતરવા આવ્યો હોય ચોમાસાની શરૂઆત હોય ત્યારે ઝાડો, સંધીવા સળેખળ વિગેરે દર્દો ઉત્પન્ન થાય છે તેને માટે આ દવા ખાસ ઉપયોગની છે, થંડા પવનથીકે વરસાદની અસરને લીધે શરદી લાગવાને લીધે સળેખમ થઇ આવતું હોય, અને ઉધરસ હોય ડોક સજ્જડ રહી ગઇ હોય કમરનો દુખાવો, દાંતનો દુખાવો, કાનનો દુખાવો, તેને માટે પણ આ દવા ઘણીજ ઉપયોગની છે. ચામડી ઉપર નીકળતા ચળ આવતા ફોડકા અને લાલ ચાઠા તથા શીળસને આ દવા ઘણોજ સારો ફાયદો કરેછે.

Eupatorium Perfoliatum
(યુપેટોરીયમ પર્ફોલીએટમ ૩, ૨૦૦)

આ દવા વારંવાર થઇ આવતા ટાઢીઆ તાવ કે જેમાં હાડકામાં દુખાવો સખ્ત રહેછે, પિત્તજ્વર, ઇનફ્લુએનઝા નામનું ચેપી સળેખમ, સસણી, મજ્જાતંત્રના પડનો વરમ અને પગના સોજા માટે ખાસ ઉપયોગમાં આવે છે.

Euphrasia (યુફ્રેઝીઆ ૦ થી ૬ ×)

આંખ દુખવા આવી હોય અને તે સાથે આંખમાંથી ઘણું પાણી વહેતું હોય; અને તે દાહકગુણવાળું હોય; વળી સળેખમની સાથે આંખમાંથી પાણી વહેતુ હોય ત્યારે આ દવા ખાસ ઉપયોગની છે સવારમાં આંખનાં બન્ને પોપચા ચોટીજતા હોય ત્યારે આ દવા અંદર તથા બહાર વપરાયછે.

Gelsemium (જેલસેમીઅમ ૧, ૬, ૬૦, ૨૦૦)

આ દવા બાળકોને યુવાન પુરૂષોને, અને ખાસ કરીને હિસ્ટીરીઆની પ્રકૃતીવાળી સ્ત્રીઓને ખાસ ઉપયોગની છે; તે ઉપરાંત અસ્વભાવીક

વીષયની ટેવ થી જે યુવાન પુરૂષોએ પોતાની શારીરીક અને માનસી શકતી ગુમાવી હોય તેને ઉપયોગનીછે તે ઉપરાંત નીચેના દર્દોમાં તે ખાસ કામનીછે હીસ્ટીરીઆ, મગજની નબળાઇ, શરીરની નબળાઇ કામ કરવાન શકતીની ક્ષીણતા, શરીરના અવયવો નો હાલતી ચાલતી વખતે થતે ધ્રુજારો; સુસ્તી અને બેચેની, બપોરના ૩ થી ૫ વાગે આવતો એકાતરીએ અગર પીતનો તાવ જેમાં દર્દીને ટાઢ બહુ આવતી હોય અને શરીર દબાવવાનું કહે તો હોય તથા માથાનો દુખાવો સકત હોય. તે ઉપરાં બાળકોને આવતો મુદતના તાવમાં પણ ખાસ ઉપયોગમાં આવેછે,

Graphites (ગ્રેફાઇટીસ ૬,૩૦,૨૦૦)

મુખ્ય ઉપયોગ—આ દવા જેઓના શરીર પુષ્ટ હોય, ચામડી ગોર હોય, ચરબીનો જમાવ ઠીક હોય, ચામડી ઉપર વારંવાર ખરજવા થ આવતા હોય, દસ્ત કબજ રહેતો હોય, ટાઢવાયા કરતી હોય, સ્ત્રીઓ અટકાવ મોડો આવતો હોય, અને હાથ પગની ગરમીને લીધે હાથે પ ચીરા પડતા હોય, શરદી લાગવાથી જલદી સલેખમ થઇ આવતુ હોય તેઓને આ દવા બહુ માફક આવે છે; જેઓને સ્હેજ સાજ કારણથી રતવ થઇ આવતો હોય તેને આ દવાથી સારો ફાયદો થાય છે (૩૦× પાવરની વીષય તરફ અનીચ્છાએ પણ આ દવાનું સુચક ચીન્હ છે.

Hamamelis Verginica (હેમેમેલીસ વરજીનીકા ૩×)

આ દવા શીરાઓનું લોહીનું ભરાઇ રહેવું, કાળા લોહીનો સ્ત્રાવ, શીરાઓન વૃદ્ધી, અર્શ અને વ્યાધીગ્રહસ્ત ભાગમાં છોલાયાના જેવો દુખાવો જણાય તો તે મટાડવા માટે વપરાયછે.

Helonias Dioica (હેલોનીઆસ ડાયોઇકા ૩× થી ૩૦)

આ દવા સ્ત્રીઓના ગર્ભાશયને પુષ્ટી આપવા માટે વપરાયછે; કમરમ નબળાઇ, ભારેકે દુખાવો લાગતો હોય અને સુસ્તી બહુ હોય, સ્ત્રીને થા બહુ લાગ્યા કરતો હોય, કેડ બહુ દુખ્યા કરતી હોય, ગર્ભાશય બહુજ નીચે ઉતરી આવ્યું હોય, પોતાને સ્થળેથી ખસી ગયું હોય, આર્તવ બરાબ આવતો ન હોય, અને સ્ત્રી ઘણીજ ઉદાસી રહેતી હોય, ત્યારે આ દવ ખાસ ઉપયોગી થઇ પડેછે.

Hepar Sulphuris (હેપાર સલફ્યુરીસ ૬x થી ૨૦૦)

મુખ્ય ઉપયોગ—કંઠમાળ, ત્વચા રોગ, બગલમાં, સાથળમાં અગર કાનની પાછળ ગાંઠો થઇ આવી હોય, નજીવા કારણ થી ગુમડા થતા હોય, ક્ષત પડતા હોય, અને તેમાં પરૂ થયાં કરતુ હોય, ગરમીના રોગના ઝેરને લીધે ચામડીના રોગ થતા હોય; નાકમા વારંવાર શરદીને લીધે ચાંદા પડ્યા હોય, અને અંદર સોજો રહેતો હોય, શ્વાસ માર્ગમાં કોઇ દર્દથી સાદ બેસી ગયો અને ખાલી ઉધરસ આવતી હોય; અને છાતીમાં કફ ભરાઇ રહેતો હોય તો આ દવા ખાસ ઉપયોગમાં આવેછે; વળી તે ઉપરાંત હાથ પગના ફાટી જવા તથા ચામડીને થયેલી ઇજાને લીધે તે પાકતી હોય તો તેમાં પણ બહુજ ફાયદો કરેછે.

Hydrastis (હાઇડ્રાસટીસ ૬ x, ૩૦)

આ દવા શ્લેષ્મપડના વ્યાધીઓમા કામનીછે શળેખમ અગર શરદીને લીધે ગળામાંથી અન્નમાર્ગમાંથી, યોનીમાર્ગમાથી નીકળતો, જાડો પીળાસ પડતો અને તાંતણો ચાલે તેવો શ્લેષ્મ નીકળતો હોય ત્યારે આ દવા આપવાથી ફાયદો થાયછે. વળી જેઓ વૃદ્ધ જેવા થઇ ગયા હોય, જલદી થાકી જતાં હોય, શરીરે દુબળાને અશકત રહેતા હોય, પાચન-શકતી મંદ હોય; વારંવાર બેચેન થતા હોય, દસ્ત સાફ ન આવતો હોય તેઓને આ દવા વધારે માફક આવેછે; યકૃત ઉપર પણ આદવા સારો ફાયદો કરેછે ઝાડો સાફ લાવવા કોઇ કોઇ વખત આ દવાના (૧ x ના) ૨ થી ૩ ટીપા ૧ વાઇન ગ્લાસ પાણીમાં સવારમા અપાયછે.

Ignatia (ઇગ્નેશીઆ ૩, ૬, ૩૦)

આ દવા જે સ્ત્રીઓ પોચા સ્વભાવની હોય, જલદી ઉશ્કેરાઇ જતી હોય, શ્યામ વર્ણની અને નમ્રસ્વભાવવાળી હોય, જેની જ્ઞાનેંદ્રીય સતેજ હોય, વળી કામકાજમાં ચપળ હોય, સ્વભાવ ઘડીઘડીમાં બદલાઇ જતો હોય, મનમાં વારંવાર વીચાર થયા કરતા હોય, તેમને આ દવા ખાસ ઉપયોગનીછે, વળી હીસ્ટીરીઆ કોરીઆ અને વાઇના દરદમાં પણ આ એક ઉતમ દવાછે, માથાના દુખાવામાં પણ વપરાયછે, વળી દસ્ત આવ્યા પછી આમળ બહાર નીકળતી હોય અને કૃમીને લીધે થઇને આંચકી કે તાણ થઇ આવે તે વખતે પણ આ દવાથી સારો ફાયદો થાયછે; પ્લેગના વ્યાધીને અટકાવાને તેમજ મટાડવાને ઘણા ડાકટરો આ દવા વાપરેછે.

Iodium (આયોડીયમ ૩, થી ૩૦, c. m.)

શ્લેષ્મ પડનો વરમ, શરીરનું સુકાઇ જવું, કંઠ માળને મળતા દર્દો, ક્ષય, શરીરના અવયવોનું સુકાઇ જવું, અતીશય ભુખ લાગવી, ઘણીજ અશકતી, પેટમાં વાયુ તથા ઓડકાર આવ્યા કરતા હોય, વીગેરે દર્દોમાં આ દવા ખાસ ઉપયોગનીછે, યકૃતકે પ્લીહાની વૃદ્ધીને માટે પણ આ દવા વપરાયછે.

Ipecacuanha (ઈપીકેકયુએનહા ૩x,૬x,૩૦,૨૦૦)

મુખ્ય ઉપયોગ—મોળતી સાથે ઉલટી, દમ, મોટી ઉધરસ છાતીમાં કફનું ભરાઇ રહેવુ, અને રાત્રે ઉધરસ આવતી હોય, તે ઉપરાંત બાલકોને થતા ઝાડા, મરડો, ઉધરસ માથાનો દુખાવો ન્યુમોનીઆ અને ટાઢીઆ તાવ કે જેમાં ઉલટી થતી હોય તેમા ખાસ ફાયદો કરે છે. વળીતે ઉપરાત કોઇપણ સ્થળેથી થતો રાતા લોહીનો સ્ત્રાવ બંધ કરવા માટેઆ દવા ઘણીજ ઉપયોગની છે. ચરબી વાળા બાળકો અને માણસો જેઓ નબલા હોય અને ઉનાલામા અગર ચોમાસામાં જેને શરદી લાગતી હોય તેને સારો ફાયદોં કરેછે.

Kali Bichromicum (કાલી બાઇક્રોમીકમ ૨x,૩૦x,)

મુખ્ય ઉપયોગ—આ દવા હોજરી આંતરડા અને શ્વાસ માર્ગના શ્લેષ્મપડના તેમજ હાડકાના દરદોમાં બહુજ ઉપયોગનીછે તે ઉપરાંત ગુરદાનો સોજો હોય અને તે સાથે અન્નાશયમાં પણ બીગાડો થયો હોય, શરીરમા ઘણીજ નબલાઈ હોય, પાંડુરોગ તથા તાવની ગેરહાજરી હોય તો આ દવા સારો ફાયદો કરેછે. વળી જેઓ શરીરે રૂષ્ટ પુષ્ટને જાડા હોય અથવા ઉપદંશ કંઠમાળના ઝેરની અસરવાલા હોય તેમને આ દવાની ઘણીવાર જરૂર પડછે. વળી નાકનું હાડકું સડતું હોય અને તેમાથી ગંધાતી વાસ આવતી હોય, અને નાકમાથી જાડા તાંતણો ચાલે તેવો કઠણ લીલાસ પડતો પીળો શ્લેષ્મ અગર છોડાનીકળતા હોય તો આ દવા ઘણીજ ઉપયોગનીછે વગોરે ઉપરાંત જુની ખાંસી છાતીમાં બળતરાસાથે અજીર્ણ કડવો સ્વાદ ... ઉપર પીળો થર તથા ત્વચા ઉપર ક્ષત પડયા હોય, ચહેરા ઉપર ગુમડા થયા હોય તેવા વ્યાધીઓમાં પણ આ દવા વપરાય છે.

Kreosotum (ક્રીઓઝોટ ૬,૩૦,૨૦૦,)

આખા શરીરમાં નાડીના ધબકારાં જણાતા હોય, નાના જખમોમાંથી પુષ્કળ લોહી વહેતુ હોય, દાંત, આંખ, કાન વીગેરે સ્થળે જ્ઞાન તંતુના દોષથી ઘણાજ લાંબા વખતથી દુખાવો થયા કરતો હોય, વળી શરીરમાંથી દાહક, ગંધાતા અને ચામડીને ઉખેડીનાંખેએવાસ્રોજાતા હોય, ચાંદા પડયા હોય, શરીરના રસો જલદી સડી જાય એવા ખરાબ ઉતપન્ન થતા હોય, બાળકોના દાંતના વ્યાધીમાં, તથા દાંત સડી ગયા હોય તથા દાંત આવે કે તરત કોહ વાટ લાગી દાંત કાળા પડી જતા હોય, મોઢુ ગંધાતુ હોય ઇત્યાદી વ્યાધી ઓમાં આ દવા ઘણો સારો ફાયદો કરે છે. જમ્યા પછી કેટલાક કલાકે થતી ઉલટી તથા ગર્ભાધાન દરમી આન થતી ઉલટીમા પણ આ દવા ઉપયોગી છે.

Lachesis (લેચીસીસ ૧૦૦, c. m.)

લોહીમાં બગાડો થવાથી જે કેટલાક વ્યાધીઓ થાય છે તે મટાડવામાં આ દવા અકસીર છે, જે વાકે પ્લેગ, ટાઇફોઇડ તાવ (સંતત તાવ) તે ઉપરાંત જુનો સંધીવા, સુર્યના તડકામાં ફરવાથી દુખવા આવતુ માથું. ચહેરો મુજી આવ્યો હોય વળી તે ઉપરાંત સ્ત્રીઓને રજો દર્શન બંધ થયા પછી (૪૦ વર્ષ પછી) જે વ્યાધીઓ ઉત્પન્ન થાય છે તેને માટે પણ આ દવા ઘણીજ કામની છે. વળી ઉંઘમાં દરદ વધારે થતું હોય ઉંઘમાંથી દરદી ઝબકી ઉઠતો હોય તે આ દવાનું ખાસ ચીન્હ છે તે ઉપરાંત મનની ચંચળતા અને ખીન્નતા વારા ફરતી થતી હોય તાવની અંદર દરદી જીભ બહાર કાઢી ન શકતો હોય, જીભ કોરી હોય ને ધ્રુજતી હોય, દરદો શરીરની ડાબી બાજુ હોય તો આ દવા સુચવે છે.

Lycopodium (લાઇકો પોડીયમ ૩૦,૧૦૦,૨૦૦,)

આ દવા ખાસ કરીને વૃદ્ધ લોકોને અને બાળકોને વધારે ઉપયોગનીછે; તેમાં પણ જે માંદા, ફીક્કા હોય, ચહેરો બેસી ગયો હોય, અકાળે વૃધ્ધાવસ્થા પ્રાપ્ત થઈ હોય, તથા જે છોકરાંઓના માથા મોટા તથા શરીર ટુંકા અને માંદલા હોય, સ્વભાવે રીસાળ હોય, અને ઘડી ઘડી રડતા હોય તેમને આ દવા સારો ફાયદો કરે છે. નીચેના વ્યાધીઓમાં તે વપરાય છે પેટમાં વાયુનો ભરાવો, તે સાથે કબજીઆત તથા અજીર્ણ, છાતીમાં બળતરા

યકૃતનું દર્દ, યકૃતના રોગ ને લીધે જલંદર થયુ હોય, પેટમાં જમણી બાજુ થી ડાબી બાજુ તરફ દર્દ થતું હોય, પેશાબ બહુ લાલ આવતો હોય, અને પેસાબમાં લાલરેતી જાતી હોય, ફેફસાના જુના વ્યાધીઓમાં, બચ્ચાઓને થતી જમણી બાજુની સારણુ ગાઠમાં, પુરૂષને નપુસકતા પ્રાપ્ત થઈહોય ને બીજા કુલ શકતી ન રહી હોય, માથુ તાળવામા દુખતુ હોય ઈત્યાદી વ્યાધીઓમાં આ દવા ખાસ વપરાય છે. આ દવાની જરૂર વાળા દરદીઓને દરદ હમેશા ૪ થી૮ વાગ્યા સુધી વધારે રહેછે. સ્ત્રીઓને આર્તવ મોડેથી દેખાતો હોય અને લાંબા વખત સુધી રહે છે.

Mercurius Sol (મરકયુરી સોલ ૬,)

આ દવા ગળું આવી જવુ તથા તેની સાથે ખાંસી હોય શરદી થઇ હોય, ગાલ પચોળું થયુ હોય, શરીરના જુદા જુદા ભાગોમાં રહેલી ગાંઠો સુજી આવી હોય, કમળો થયો હોય તથા ચામડી ઉપર ચાદા પડયા હોય તો ઉપયોગની છે. તે ઉપરાત ઉપદંશના ચાંદા તથા પરમાંનીઅંદર જેમા પેશાબમાં લીલો સ્ત્રાવ નીકળતો હોય, અને જનનેદ્રીયના મુખ આગળ બળતરાથતી હોય તો ખાસ જરૂરની છે.

Mercurius Cor (મરકયુરી કોર ૬)

મરડો થયો હોય, ગુદા આગળ દરદ થતુ હોય, દસ્ત ઉતર્યા પછી દસ્તની હાજતમટતી ન હોય ઝાડો લોહી મીશ્રીત જળસવાળો કે ગંધાતો ઉતરતો હોય; તે ઉપરાંત પરમીઆની બીજી સ્થીતીમાં, ઉપદંશને લીધે ચામડી ઉપર તથા હાડકાના ઉપરના વ્યાધીઓમાં આ દવા ખાસ વપરાય છે.

Morbilinum (મૉરીબીલીનમ ૨૦૦, સી. એમ.)

ઉપયોગ—**ઓરી**; ઓરી નીકળીગયા પછી આંખો આવી જવી કાનમાંથી પરૂ જવુ, ખાસી, શરીર ઉપર ચલ વિગેરેમાં આ દવા વપરાય છે.

Mezerium (મૅઝેરીયમ ૩x, ૩૦)

આ દવા ચામડીના રોગ, લાંબા અને મોટા હાડકામાં થતા રોગ અને દાંત તથા ચહેરાના વ્યાધીઓમાં વપરાયછે. સાંધાનો દુખાવો કે હાડકાનો દુખાવો પણ આ દવાથી મટે છે.

Acid Nitricum (એસીડ નાઇટ્રીકમ ૩, ૩૦)

શરીરના દવારોમા જયા શ્લેષ્મપડ અને ચામડી મળે છે તે જગ્યાઓ ઉપર આ દવા કામ કરે છે; તેવા સ્થળો ઉપર ક્ષત પડયાં હોય, ફોલ્લા

થયાં હોય, રસીની કળતી હોય પીડા થતી હોય તો તે બધુ આ દવાથી મટેછે. વળી જેઓને કાંઇ જુનો રોગ હોય, શરદીની અસર જલદી થતી હોય, ઝાડો થઇ આવતો હોય, ઉપદંશ કે કંઠમાલના-ઝેરની અસર હોય, તેમને આ દવાથી સારો ફાયદો થાય છે; મોઢામા, જીભ ઉપર, જનનેંદ્રીય તથા ગુદા વિગેરે ઉપર ચાંદા થયા હોય અને તેમાંથી લોહી નીકળતું હોય, અને દેવતા મુકયા જેવું દરદ થતુ હોય તો આ દવાથી સારો ફાયદો થાયછે.

Nux vomica (નકસ વૉમીકા ૬,૩૦,૨૦૦,)

મુખ્ય ઉપયોગ—શરીરની નબળાઇ, કામ કાજમાં અતીશય ચંચળ અને ઉતાવળા પણુ; ચીડીઓ અને પોચો સ્વભાવ મગજ મારીનું અતીશય કામ કર્યા પછી થતાં વ્યાધીઓ જેવા કે ઝાડાની કબજીઆત, દસ્ત વારંવાર જવાની હાજત થતી હોય, પણ પુરો સાફ આવ્યો નથી તેવી લાગણી થવી, હરસની બીમારી તથા જેઓ ને ચાહ, કાફી, દારૂ, તંબાકુનુ વ્યસન હોય, ને જેઓ અતીશય, તેલ; મરચા, તથા ગરમ મશાલો વાપરતા હોય; વળી જેઓ એ અતીશય જુલાબની ગોળીઓ, અગર કડવી દવાઓનો ઉપયોગ કર્યો હોય તેમને આ દવાથી સારો ફાયદો થાયછે; અનીયમીત જીવનને લીધે યકૃત અને મનના સ્વભાવમાં જે બીગાડ થાય તેને માટે આ દવા સારી છે તે ઉપરાત સવારમાંથી શરૂ થતો અપચાની સાથેનો માથાનો દુખાવો, પીતની ઉલટી, પેટની અંદર વાયુ. તથા જમ્યા પછી થોડી વારે પેટમા ભાર તથા દુખાવો લાગતો હોય, ખાટા તથા કડવા ઓડકાર આવતા હોય, તો આ દવાના ઉપયોગથી ઘણો સારો ગુણ જણાયછે. શરૂ થતી સારણ ગાઠ પણ આ દવાના ઉપયોગથી અટકી જાયછે ને મટી જાય છે.

Acid Phosphoric (એસીડ ફોસફોરીક ૧.x,૩x,૩૦x)

મજ્જા તંતુ જેનુ મુખ્યસ્થાન મગજ છે તેની નબળાઇ એ આ દવાનુ ખાસ સુચકચિન્હ છે, તે ઉપરાંત, મનની નબળાઇ, શરીરની નબળાઇ, જેઓને વૃધ્ધાવસ્થા જલદી આવી ગઇ જણાતી હોય, અતીશય મગજ મારી તીક્ષણ વ્યાધીઓ તથા ઘણોજ અફસોસ અને ચીતા અને અસંતોષ રહેતો હોય, જેઓ ખાવા પીવામાં અનીયમીત રહેતા હોય, સ્વપ્ન ધાત પુષ્કળ જાતી હોય, હરકોઇ સ્થળેથી રકત સ્ત્રાવ થતો હોય તો આ દવા ગુણકારી થઇ પડે છે; વળી પેસાબમા દુધ જેવી ધાત જતી હોય, મધુ પ્રમેહ થયે

હોય તો આ દવાથી સારોફાયદો થાય છે; આ દવાની જરૂરવાળા દરદીના ચહેરો ઘણોજ ફીકકો, દુબળો, તથા આંખો અંદર ઉતરી ગઇ હોય છે, હો જરીપણુ બગડેલી હોય છે.

Phosphorus (ફોસફોરસ ૬,૩૦,૨૦૦)

ઉપયોગ—છાતીના દરદો જેવાકે, કુકડીયા ખાંસી, ક્ષયની ખાંસી, ફેફસાનો વરમ (ન્યુમોનીઆ), ક્ષય, અતીશય પાણી જેવા અને લોહી વાળા ઝાડા મનની તથા જનનેદ્રીયની નબળાઇ; જીવનશકતીનું કમી પણું, વીગેરે દર્દોમાં આ દવાનો ખાસ ઉપયોગ થાય છે; તે ઉપરાંત સ્ત્રીઓમાં વંધ્યત્વ પણ, હીસ્ટીરીઆ, અતી આર્તવ અથવા આર્તવ ઓછો આવતો હોય અને સાથે પ્રદર હોય તો આ દવાના ઉપયોગથી ઉપરના બધા વ્યાધીઓ માટે છે તે ઉપરાંત આંખે મોતીઓ આવ્યો હોય, આખના પોપચા સુજી ગયા હોય ત્યારે આ દવા ઉપયોગમાં આવે છે.

Pestinum (પેસટીનમ ૨૦૦, c. m.)

પ્લેગને માટે અટકાયતની આ દવા છે; તથા પ્લેગ થઇ હોય ત્યારે પણ આ દવા અપાયછે.

Phytolacca (ફાયટોલેકા ૩,૩૦)

આ દવા ગળાને તથા પીંડોને બહુ લાગુ પડે છે, સ્નાયુમાં અને હાડકા મા કાંઇ દર્દ થતું હોય, ગરમીના રોગને લીધે હાડકામાં વેદના થતી હોય, જુનો સંધીવા હોય, ગળુ આવી ગયુ હોય, ગળાનો ચેપી વરમ થયો હોય, ચતુરથયું હોય, શરીરનુ વજન ઓછું થતુ હોય, દાત મોડા આવતા હોય, સ્ત્રીને સ્તનમાં પીડા અને દુખાવો અને વરમ થતો હોય ઇત્યાદી લક્ષણો માટે આ દવા ખાસ ઉપયોગની છે;

Podophyllum (પૉડોફાઇલમ ૬ ૨૦૦)

પીત વિકાર, યકૃતનો સોજો આંતરડાના તથા હોજરીના વ્યાધી, માટી જેવા ઝાડા; ચહેરા અને આખમાં પીળાશ આવીજવી, સવારમાં ઉઠતાવેત એકદમ પાતળા દસ્ત થવા, બાલકો ને થતા કોલેરાના પીળા તથા લીલા રંગના ઝાડા, આમળબહાર નીકળવી વીગેરે દરદો માટે આ દવા ઉપયોગમા આવે છે પ્રસવ પછી સ્ત્રીનું પેટ વધીગયુ હોય અને ગર્ભાશય મહેનતથી અગર સુવાવડથી બહાર નીકળતું હોય ત્યારે પણ વપરાય છે.

Psorinum (સોરીનમ ૨૦૦, C. M.)

ઉપયોગ—ખરજ આવતા ચામડીના દરદો કે જેમા ગંધ મારતું પરૂ નીકળતુ હોય, કાનમાંથી ગંધાતો પરૂજેવો પ્રવાહી નીકળતો હોય, અત્યંત દુર્ગંધ મારતા કાળા અગર તપકીરીઆ રંગના ઝાડા; ચામડી ઉપરના વ્રણમાં રૂઝ આ વવાને બહુજ વખત લાગતો હોય તેવા દરદોમાં આ દવાથી સારો ફાયદો થાય છે.

* Pulsatilla (પલસેટીલા ૩,૬,૩૦)

મુખ્ય ઉપયોગ—મનનો પોચો સ્વભાવ એજ આ દવાનું મુખ્ય સુચક ચીન્હ છે જેથી કરીને સ્ત્રીઓ જે નમ્ર સ્વભાવની અને સ્હેજ બાબતમાં ઉદાસ થઈ જાય અને જેના ચહેરા ઉપર ફીકાસ હોય તે મને આ દવા સારી લાગુ પડે છે તે ઉપરાત નીચેના દર્દોમાં તેનો ઉપયોગ થાય છે ચરબીવાલા પદાર્થ ખાવાથી થતો અપચો, છાતીમાં બળતરા; ઝાડા પીળા રંગના, સ્ત્રીઓને પગે ભેજ લાગવાથી આર્તવ બંધ રહેતો હોય અગર દુખીને આવતો હોય, સફેત પ્રદર હોય, કાનમાથી સોજાને લીધે શ્રાવનીકળતો હોય, આંખની આંઝણી, ઓરીનો તાવ, ફરતોવા, ગાઉટ વીગેરે દરદો, ઉપરાંત શ્લેષ્મ પડના વ્યાધી ઓમાં નીકળતો પીળો શ્લેષ્મ પણ આ દવાના ઉપયોગથી બંધ થાય છે

Pyrogenium (પાયરોજીનીયમ ૨૦૦, C. M.)

ઉપયોગ—સુવાવડ પછી આવતો તાવ, ટાઈફોઈડ તાવ, રાત્રે આવતો જીર્ણતાવ જુના પીતના તાવમાં કે જેની અંદર અતીશય ઘામ થનો હોય તો પણ તાવ ન ઉતરતો હોય, અત્યંત ગંધ મારતો ઝાડો; ગંધ મારતો આર્તવ વીગેરે દરદોમાં આ દવા વપરાય છે.

Rhus tox (રૂસટોક્સ ૬,૩૦)

ઉપયોગ—ચ્હેરાની અને હાથની આસપાસના ત્વચા રોગ, દાદર, શીળસ, રતવા, સંધીવા કડનો દુખાવો. સાયેટીકા, વીગેરે દર્દોમાં આ દવા સારો ફાયદો કરે છે, તે ઉપરાત મુદતના દીવસના એકવીસ દીવસના તાવ કે જેમાં જીભ સુકી, અને કાળી પડી જાય છે તથા ભયંકર સન્નીપાત હોય છે તેમાં આ દવા બહુજ ગુણકારી માલુમ પડે છે. નવીન અગર જુના સંધીવામાં જેમાં હાથ પગના સાંધા સુજી આવેલા હોય અગર ન આવ્યા હોય તેવા

દરદમાં પણ આ દવા અત્યંત ગુણકારી છે. તે ઉપરાંત હાથ પગનો લચક, તથા શરીરના કોઇ પણ ભાગમાં ઇજા થઇ હોય, મસા હોય અગર હાથે પગે આટણુ થઇ આવ્યા હોય તો આ દવાના અંદર તથા બહારના ઉપયોગ થી ઘણો ફાયદો માલુમ પડે છે. (સરખાવો કાલીફોસ)

Sepia (સેપીઆ ૩૦X,૨૦૦)

આ દવા સ્ત્રીઓની નબલાઇ, ચ્હેરાની પીળાશ, શરદી જલદી થઇ આવે તેવી નાજુકતા, ગર્ભસ્ત્રાવ થવાની આદત, સહેજમાં બેશુદ્ધ થઇ જવાય એવી પ્રકૃતી, સ્વભાવ બહુ ઉદાસીન વીગેરે લક્ષણો આ દવા સુચવે છે, તે ઉપરાંત દાદર, ચામડી ઉપર થતા ફોડલા સુકા અથવા લીલા, શીળસ, વસંત ઋતુમાં થઇ આવતુ ખરજવું, પુરૂષના જુના પરમામા, તથા સ્ત્રીઓને પ્રદર હોય તેમા પીળાશ પડતી ધાત જતી હોય, અટકાવ બહુ મોડો અને થોડો આવતો હોય અથવા અનિયમીત વહેલો અને પુષ્કળ આવતો હોય, ગર્ભાશય અડધું બહાર નીકળતુ હોય, તે ઉપરાત સગર્ભાવસ્થામાં થતી કબજીઆત વીગેરે દર્દોમાં આ દવા ઘણો સારો ફાયદો કરે છે.

Spongia (સ્પોનજીઆ ૩, થી ૩૦,૨૦૦)

આ દવા ઉધરસ મોટી ઉધરસ, કુકડીઆ ખાંસી, લાબા વ ખતથી અ· વાજ બેસી ગયો હોય, રકતાશયનો ધબકારો થતો હોય ને શ્વાસની મુઝવણ હોય, તે સાથે રકતાશયના ખાસ દુખાવાનુ દર્દ હોય, તે ઉપરાંત પુરૂષને વૃષણ અગર વૃષણમા રહેતી ગોળીનો સોજો થયો હોય તો આ દવાના ઉપયોગથી સારો ગુણ માલુમ પડે છે, તે ઉપરાત આ દવાની જરૂરવાળા દરદીને આવતી ખાસી રાત્રે ઉંઘમાં જાગ્યા પછી મોટા અવાજ સાથે સુકી ખાંસી આવે છે.

Stannum Metalicum (સ્ટેનમ મેટાલીકમ બંગ ૬,૩૦,૨૦૦)

મુખ્યઉપયોગ—જુની ખાંસી કેજેમાં કફની સાથે પરૂ બહુજ નીકળ્યા કરતુ હોય, છાતી ઘણીજ નબળી હોય, વાતો કરવાથી અગર બોલવાથી છાતીમાં આઘાત લાગતો હોય, લકવાની કાંઇ અસર હોય ત્યારે વાપર· વાથી સારો ગુણ આપે છે. તે ઉપરાંત સ્ત્રીઓને થતાં પ્રદર, અતી આર્તવ તથા નબળાઇ વીગેરે દર્દોમાં આ એક ઉપયોગી ઔષધી છે.

Sulphur (ગંધક ૬,૩૦,૨૦૦ ૧૦૦૦)

મુખ્ય ઉપયોગ ચામડીના તથા બીજા રોગમાં જ્યારે દાહ હોય, તથા ચળ બહુજ આવતી હોય અને જે સુતા પછી વીશેષ આવતી હોય, તથા શરીરના દ્વારો, હોઠ, કાન પોપચાં, ગુદા, મુત્ર માર્ગ વગરે લાલ હોય, ન્હાવુ ધોવુ શરીરને અનુકુળ ન પડતુ હાય, વારંવાર ચામડીના રોગ થઇ આવતા હોય, કોઇ રોગ મટયા પછી ફરી ફરી થઇ આવતો હોય ત્યારે આ દવા આપવાથી આરામ થાય છે તે ઉપરાંત કાનમાંથી લાબા વખતથી વહેતુ પરૂ કંઠમાળ તાવ, અજીર્ણ, કબજીઆત, ઝાડાનો વ્યાધી, અર્શ, ભગંદર વીગેરે દર્દોમાં આ દવા ઘણીજ ગુણકારી માલુમ પડી છે, તે ઉપરાંત નીચેના જીર્ણ વ્યાધીઓમાં પણ આદવા વપરાય છે જેવાકે જુની ખાંસી જેમા લીલો, પરૂવાળો ગળ્યો કફ પડતો હોય, જુનો સંધીવા, જુનુંભ ગંદર જુનાશ્રુણુ અર્શનો વ્યાધી, કંઠમાળ, જુંની કબજીઆત વીગેરે.

Syphillinum (સીફીલીનમ ૨૦૦,૧૦૦૦ સી. એમ.)

આ દવા ઉપદંશના ઝેરમાંથી બનાવામા આવે છે, અને ઉપદંશને લીધે જેને વ્યાધીઓ થાય છે તે સર્વ મટાડવામાં ઘણી અકસીર છે, ઉપદંશની અસરથી ચામડીના રોગ થયા હોય, મજ્જા તંત્રમાં બીગાડ થયો હોય, શરીર આખી રાત દુખ્યા કરતું હોય, સાજે તાવ આવતો હોય, મોઢામાં, નાકમાં, ચામડી ઉપર, કેગુહ્ય અવયવ ઉપર ચાદા પડયા હોય કે વારવાર ગડ થયા હોય.

Thuja (થુજા ૬,૧૨,૩૦,૨૦૦)

શરીરના કોઇપણ ભાગ ઉપર મસા થયા હોય તેની આ ખાસ દવા છે, આ દવાનો ઉપયોગથી ચામડીના રોગ, તથા જનનેદ્રીયના રોગ, જેવાકે મસા, ચાંદા, ભુરા ચાઠા, વળી ગયેલા નખ, પુરૂષની ગુહ્યેન્દ્રીયનો સોજો મુત્રાશયના મુળ આગળ દાહને દુખાવો, વારંવાર પેશાબની હાજત, પરમીઆનું વીષ શરીરમાં રહી ગયું હોય, અને તેનું માઠુ પરી ણામ આવ્યું હોય અને શરીર દુર્બળ પડી ગયં હોય તેવખતે તે સારો ગુણ આપે છે.

Tubrculinum (ટ્યુબરક્યુલીનમ C. M.)

ઉપયોગ—સરૂઆતનો ક્ષય, શરીરનું એકદમ સુકાઇ જવું, જુનું ખરજવું, કાનમાંથી ગંધાતુ પરૂ નીકળતુ હોય કંઠમાળ.

Variolinum (વેરીઓલીનમ ૨૦૦, અને સી, એમ.)

શીળીનો ચેપ લાગુ પડતો અટકાવવાને તેમજ શીળી નીકળ્યા હોય તે તેનુ જોર મંદકરવાને માટે આ દવા અપાય છે,

Veratrum Album (વીરેટ્રમ આલબમ ૩x, ૩૦)

ઉપયોગ—કોલેરાની અંદર થતા ચોખાના ધોણુ જેવા ઝાડા, અતીશ અશકતી, શરીરનુ ટાઢા પડી જવું, અતીશય બેહોસી, ઉલટી, હાથે પ ગોટલા ચડવા, સખ્ત હેડકી આવી હોય, માથાનો સખત દુખાવો, પેશા ઘણીજ મુશકેલીથી આવતો હોય તથા સ્ત્રીને પીડીતાર્તવ હોય અને તે લીધે શરીર થડુ પડી જતું હોય વીગેરે દર્દોમાં આ દવાનો ઉપયોગ થાયછે

Viburnum Opulus (વાઇબર્નમ ઑપ્યુલસ૦ થી ૩x)

આ દવા અનેક જાતની આંચકી, તાણ, ખેંચ વીગેરે માટે સારી છે ગર્ભાશયમાં થતો દુખાવો, ખેચ, મટાડવામાટે ગુણકારી હોવા થી ઘણીવા ગર્ભપાત થતો અટકાવે છે ગર્ભાશયના વ્યાધીને લીધે થતા હીસટીરીઅ ખેંચ તાણ જેવા વ્યાધીઓમા આ દવા ઉપયોગી છે, તે સાથે પીડી તાર્ત અને આર્તવ ઘણો ઓછો દેખાતો હોય અને બહુ મોટો આવતો હોય તે આ દવાથી સારો ગુણ માલુમ પડેછે.

Zincum Metalicum (ઝીંકમ, મેટાલીકમ ૬,૩૦,૨૦૦,)

ઉપયોગ—મગજની નબળાઇ, હૃદયની અતીશય ખીન્નતા, કરોડ રજ ના વ્યાધીઓ અને તેમા દાહ લાગતો હોય, હીસ્ટીરીઆ, કોરી આ જેમ હાથ પગ નબળા હોય, ધ્રુજતા હોય, પગને કાયમ હલાવ્યા વિના ચેન ન પડ હોય, શરીરમાં આંચકી આવતી હોય. તથા અશકતી ઘણીજ હોય, અ પાડુ રોગ તેની સાથે હોય, અતીશય અભ્યાસને લીધે માથાનો સખ્ દુખાવો, કપાળ ઠંડુ હેય અને મગજની પાછળનો ભાગ ગરમ હોય ત્યાં આ દવાનો ઉપયોગ થાય છે.

Section B.

ડા. સુસલરના જીવનરસાયન પધ્ધતીથી દરદ મટાડવાના આરક્ષારો.

(૧) Galcarea Fluorica (કેલકરો ફ્લુરિકા ૬૪)

હાડકાની સપાટી ઉપરના વ્યાધીઓ, દાંતના ઇનામેલના દરદો, આંખના દરદો (મોતીઓ, ફુલા, ક્ષત વીગેરે) અર્શ, શીરાઓનું વિસ્તૃત્વ અથવા ફુલીજવુ અને ભુરી દેખાતી હોય, ગર્ભાશયનુ ખસી જવુ તથા તેમાં થતી ગાંઠ, ગળાની અંદરના ચોરીઆ મોટા થઇ ગયા હોય, અને પડજીભ મોટી થઇ હોય, રકત સ્ત્રાવ, ત્વચા ઉપર કઠણ ચાંદા, સ્તનમાં થતી કઠણ ગાંઠો વીગેરે દર્દો માટે આ દવા વપરાય છે (સરખાવોહેમેમેલીસ, પલસેટીલા, સીલીકા)

(૨) Calcar Phos (કેલકેરા ફોસ ૬૪)

લોહીના તથા હાડકાના વ્યાધીઓ જેવાકે, પાંડુ રોગ, હાડકાની નબળાઇ (Rickets) મજ્જા તંતુની નબળાઇ, મુસ્કેલથી દાત આવવા, આચકી, તાણ, શરીરને થતા ઘાસણીનારોગ, સંધીવા, અપચો મનની ક્ષીણતા, ગળાની આસ પાસ થતી કંઠમાળની ગાંઠો, યાદશકતીનુ કમીપણું વૃધ્ધાવસ્થા ઓછી સમજ શકતી, ખટાશ ખાવાથી થતા માથાના વ્યાધીઓ, કંઠમાળવાળા દરદીને થતા આખના તમામ વ્યાધીઓ, નસકોરીફુટવી, નાકમાં, થતામસા, ફીકો ચેહરો, ચોરીઆનો જીર્ણ વરમ, અજીર્ણ અને પેટમાં વાયુનો સંચય, સુકતાન, અર્શ, પાયુસ્થાનતું ભગંદર, સારણ ગાંઠ પેશાબની વારંવાર હાજત, મધુ પ્રમેહ, જીર્ણ પ્રમેહ પેશાબમાં ફોસફેઇટ (phosphates) નામના ક્ષાર જાય તે, વૃષણમાં જલ સંચય, ગર્ભસ્થાનની નબળાઇ, પ્રદર, રજો દર્શન જલદી થવું, સુવાવડમાં ધાવણ ઓછું આવવું ભગંદર સાથે છાતીની વેદના, ક્ષયરોગની શરૂઆત, કપાળ ઉપર થતો અતિશય પસીનો, રકતાશયની ફડક, સંધીવા, અવયવો બહેર મારી જવા અને તે ભાગમાં કીડી ચાલતી હોય તેવુ ભાન થવું, રાંટા પગ, બાળક ચાલતાં

નહિ શીખતુ હોય, દાંત આવતી વખતે થતી આંચકી જીર્ણજ્વર, મસા, વીગેરે વ્યાધીઓમાં આ દવાનો ખાસ ઉપયોગ છે.

Calcar Sulph (કેલકેરીઆસલ્ફ ૬x)

આ ઔષધનીચેના વ્યાધીઓમાં વપરાયછે—એલો પેથીક દવા લીધા પાછળ રહેતા જીર્ણ વ્યાધીઓ. શરીરના કોઇ ભાગમાંથી લોહી મીશ્રીત પીળુ જાડુ પરૂ નીકળતું હોય ત્યારે, દાંતના પેઢા સડતા હોય. ક્ષયના વ્યાધીઓમા, આખની કીકીમા પડેલું ચાઠુ, આંખ આવી તેમાથી પીળાચીપડા નીકળવા, કાન પાકયા પછી પીળું પરૂ નીકળવું. દાંતના પેઢામાં થતા ફોડલા જુનો મરડો જેમાં ઝાડામા લોહી મીશ્રીત પરૂ પડે છે, વૃદ્ધ પુરૂષોને થતું કળતર, જ્ઞાન તતુંઓનો દુખાવો, દરેક વ્યાધી એકે જેમાથી પીળુ લોહી મીશ્રીત પરૂ નીકળતુ હોય પણ બંધનથતુ હોય તો તે બંધ કરવા, આખા માથાનો દુખાવો જેમા મગજમાં ખીલો માર્યો હોય તેવુ દરદ, સ્ત્રીઓના સ્તનમાં થતો પાક, પાઠું, ભગદર, જુનો પરમો, નાસુર વીગેરે (સીલીશીઆ, હેપારની સાથે સરખાવો.)

Ferrum Phos (ફેરમ ફોસ ૬x, ૧૨x)

આ દવાની ચેના વ્યાધીઓમા ખાસ કરીને ઉપયોગમાં આવે છે—રક્તના સઘળા વ્યાધીઓ, જેવાંકે પાડુ રોગ, કોઈ પણ ઠેકાણે રૂધીરનો જમાવો વરમ અને તેમાંથી થતો તાવ, માથામા લોહીનો વધારે જપાવ થવાથી થતો માથાનો દુખાવો, સરદી, ખાસી, હરેક તરેહના તાવ, તથા સધીવામા, રકત સ્ત્રાવ, નષ્ટાર્તવ, અતી આર્તવ ચોરી આના વરમ, અજીર્ણ ખોરાકની ઉલટી, ગુસ્સાથી થતી માઠી અસર, બાળકોને થતો માથાનો દુખાવો નસકોરી ફુટવી, અજીર્ણનાદસ્ત, અર્શમા લોહી પડવું, દીવસના ભાગમા વારંવાર સ્હેજ સ્હેજ પેશાબ થવો, સગર્ભાસ્ત્રીને થતી ઉલટી તથા સુકી ઉધરસ (સરખાવો એકો નાઇટ, જેલમે મીયમ) આ ક્ષાર શરીરની વૃધ્ધી કરેછે બળ આપે છે, અને દસ્તને સાફ લાવે છે.

Kali Mur (કાલી મુર ૬x)

આ ક્ષારનીચેના વ્યાધીઓમાં વપરાય છે બધકોશ, ગાંઠ, જીર્ણ ઉપદશ, ચાંદી, પ્રમેહ, રતવા, ઉંડાટીયું, મુદતનો તાવ, ફેફરું, મરડો, ઓરી અથવા ગોબરૂ, ગાલ પચોળા, શરીરના કોઇ પણ ભાગમાં થતા સોજાની દ્વીતીય

સુમીકામાં, વૃષણની કોથળીનું જાડું થવું, કાળી કીકી ઉપરનુ ચાંદુ, શરીરના કોઇ ભાગમાં દાઝવુ, શરદી, ખાંસી, કમળો યકૃતનું મંદ થયેલું કામ, અતીસાર, મોઢામાં ચાંદા પડયા હોય, પ્રદર, ત્રીદોષ, બંધકોશ સહિત કડવો સ્વાદ અર્શ, સુતીકાજ્વર, વીગેરે; આ ક્ષાર કફપ્રકૃતી વાળાને જેને યકૃતની મંદતા તથા પ્લીહનો સોજો હોય અને જીભ ઉપર જાડો ધોળો થર માલમ પડતો હોય તેને સારો લાગુ પડે છે. વળી જે માણસોને ઘીવાળા તથા ચરબીવાળા પદાર્થો પચતા નથી તેને આ દવા ખાસ ઉપયોગની છે.

Kali Phos (કાલી ફોસ ૬x)

આ ક્ષારનીચેના વ્યાધીઓ તથા ચીન્હોમાં વપરાય છે—ઉદાસીનતા. ચીડીઓ સ્વભાવ, નિરૂત સાહ પણું; યાદ દાસ્ત શકતીની ખામી, હીસ્ટીરીઆ, ગાંડપણ, સન્નીપાત, નીદ્રાની ખામી, ચકરી, મગજ શકતીનો વધારે ઉપયોગ કરનારાઓને થતી શીરો વ્યાધી, કાનમાંથી અગર શરીરના કોઇપણ દવારમાંથી નીકળતા પદાર્થનું દુર્ગંધમારવુ તે, જીભ ઉપર તપકીરીઆ રંગનો થર, અવાળુમાંથી લોહી નીકળ્યાકરતું હોય, કોલેરામાં નીકળતો દુર્ગંધ અને ધોળો છાસ જેવો ઝાડો, સગ્રહણી જેવા જીર્ણ ઝાડાના વ્યાધીથી થતી નબળાઇ, નપુસંક પણું, કેશરીઆરંગનો પેસાબ, સુતીકા જ્વર, સંનીપાત દમનો વ્યાધી, નાડીની અત્યંત મંદતા, સર્વ પ્રકારના પક્ષાઘાત, શરીરના અવયવનું બહેર મારી જવું તે, કળતર, મંદવાડ પછી સ્નાયુની શીથીલતા, બાલકોનું રાત્રીમાં ભયને લીધે ચીસ પાડીને ઉઠવું ટાઇફોઇડ તાવમાં જણાતી અતીશય શારીરીક શીથીલતા, ચાહ કાફી, તંબાકુ વીગેરે, વાપરવાથી થયેલી ખરાબ અસર તે ઉપરાંત ઘણું કામ કરી થાકી જનાર કારીગર વર્ગ તથા અત્યંત મગજમારીનું કામ કરનાર વીદ્વાન વર્ગને આ ક્ષાર ટેકારૂપ છે, સગર્ભા સ્ત્રીને પ્રસવ વખતે આ ક્ષારના ઉપયોગથી કાંઇ પણ વેદના વગર પ્રસવ થાયછે.

(સરખા વો–ઈપીકેક, ઇગનેશીઆ ફોસ)

Kali Sulph (કાલી સલ્ફ ૬x)

આ ક્ષારને સુચવનાર ચીન્હો, તથા વ્યાધીઓ નીચે પ્રમાણે છે—**ખાંસી મરડો, ઝાડા, પ્રદર વીગેરે દરદો જ્યારે પીળો, ચીકણો, પાતળો રસ નીક-**

જાતો હોય ત્યારે, જંતુથી ઉત્પન્ન થતા વ્યાધીઓમાં, રૂધીર ખરાબ થઇ જાય તેવા તાવના વ્યાધીઓમાં, જેમાં પ્રસ્વેદ મુદ્દલ નહિ થતો હોય અને તાવ સાંજના પાછલા પહોરે વધતો હોય. એક ઠેકાણેથી બીજે ઠેકાણે ફરતોવા અને તેને લીધે થતી વેદના, શીતલા, ઓરી, રતવા આદી દરદોમા, શમી ગયેલા દાણાને બહાર લાવવા, ખરજવુ, માથાનો ખોડો વીગેરે.

(સરખાવો પલસેટીલા, સલફર)

Magnes Phos (મૅગનીશીઆ ફૉસ ૬,થી૩૦X)

આ ક્ષાર નીચેના ચીન્હો તથા વ્યાધીઓમાં વપરાય છે—શરીરના જે દરદોમાં આંચકી તાણુ, વેદના થઇ આવતી હોય તેવા દરદોમાં પીડા શાંત કરવા, તથા સ્નાયુ અને મજ્જા તંન્તુઓની તંગસ્થીતી દુરકરવા, પેટમાં વાયુનો સંચય, શરીરમાં થતી વેદનામાં, બીસાતુ હોય તેમ લાગે અને વેદના રહી રહીને થતી હોય વીગેરે ચીન્હો આ ક્ષારના સુચક છે, તે ઉપરાંત ઈન્દ્રિય ભ્રમ, રહી રહીને થતો માથાનો દુખાવો આંખ આગળ તણખા દેખાવા તથા વીવીધ જાતના રંગો દેખાય, જ્ઞાન તંતુ ઓનો વરમ, ધનુરવા, આંચકી, હીસટીરીઆ, ફેફરૂં, પેટમા ચુંક, પક્ષાઘાત, પીડી તાર્તવ, હેડકી, મોટી ઉધરસ, દાંતનો દુખાવો, કાનનાં દર્દો, મરડો, કોલેરાથી થતી આંકડી, સુતીકા જ્વરમાં થતી આંકડી, હૃદય શુળ, રકતાશયની ફડક, ઉરૂસ્તંભ (સાયેટીકા) (સરખાવો, બેલાડોના, કોલોસીન્થ) આ ક્ષાર ગરમ પાણી સાથે લેવાની જરૂર છે

Natrum Mur (નેટ્રમ મુર ૬૪,૩૦)

આ ક્ષારને સુચવનાર ચીન્હો તથા વ્યાધીઓ નીચે પ્રમાણે છે—

અતીશય તૃષા લાગવી, અતીશય મોમાં થુંક આવવુ, જીભ સ્વચ્છ અથવા તેના ઉપર થુંકનો પાતળો થર હોય અથવા સાવ સુકી અને દાઝી ગયા જેવી દેખાતી હોય, ઉંઘ ઘણી સખ્ત આવતી હોય, લોહી પાતળું પાણી જેવું થઇ ગયુ હોય, કવીનાઇન વીગેરે ઝેરીદવા ખાવાથી થયેલા ઉપદ્રવો હૃદયની નબળાઇ થવાથી હાથ પગ ઠંડા થઇ જાય અને નાડીનો ધબકારો આખા શરીરમાં સંભળાય, શરીરના કોઇ પણ ભાગમાં સુકા પણું દેખાય મોઢામા સ્વાદ ખારો લાગે, તથા મીઠાની ઇચ્છા થયા કરતી હોય, માથાનો

દુખાવો, નિરૂત્સાહ પણું આધાશીશી. લુલાગવી, આંખ આવવી કવીનાઇન ખાધા પછી આવતો તરીઓ તાવ, ચોથીઓ તાવ, વારંવાર શરદી થઇ આવવી, બંધકોષ, વૃષણની કોથલીમાં પાણી ભરાવુ, અતીશય પેસાબ થવો નપુસંક પણું; હીસ્ટીરીઆની નબળાઇ, પ્રદરના વ્યાધીઓ ચામડીના જુના દરદો, પાંડુ રોગ વીગેરે (સરખાવો. ઓરમ, ચાઇના, આરસ, રૂસ ટોકસ)

, Natrum Phos (નેટ્રમ ફોસ ૬)

આ ક્ષાર નીચેના ચીન્હો તથા દરદોમાં વપરાય છે. તાળવા ઉપર થતો માથાનો દુખાવો, જીભમાં થતો ખાટોસ્વાદ, બાળકોનું કૃમીને લીધે રાત્રે દાંત કકડાવવું, હોજરીમાં વધતી ખટાશ, ખાટા ઓડકાર આવવા, પેટમાં વાયુનો સંચાર, જીભ ઉપર પીળો સોનેરી રંગનો થર હોય અને પેટમાં કૃમી થતા હોય, ઝાડા ખાટા ગંધાતા ધોળારંગના અથવા લીલા રંગના હોય, મધુ પ્રમેહ, પ્રદર, બાળકોને દહી જેવી ખાટી ઉલટી થાય, ક્ષયની શરૂઆતમાં, ધાતુની નબળાઇ તથા સ્વપ્ન દોષ, સંધીવા, કંઠમાળ, ક્ષય, પેશાબ અતીશય લાલ થયો હોય.

Natrum Sulph (નેટમ સલ્ફ ૬x)

નીચેના વ્યાધીઓમાં આ ક્ષારનો ઉપયોગ થાય છે—યકૃતનાવ્યાધીઓ, પીત પ્રકોપ, કમળો, એકાંતરીઓ તાવ, શ્વાસ, મીઠી પેસાબનું દર્દ જલોદર અતી મુત્રતા, ગુમડા, મસા, બરોલ મોટી થવી સવારમાં થતો ઝાડો, યુરીક એસીડના વ્યાધીઓ, જીભ ઉપર લીલો અથવા બદામી મીશ્રીત થર દેખાવો મોઢામાં સ્વાદ કડવો લાગવો, કડવી પીળી પીતની ઉલટી થવી, વારંવાર વાસ મારતો ચીકણો બડખો નીકળતો હોય, જીર્ણ પ્રમેહ, પેટનો ચડાવો તથા જમણે પડખે શરૂ થતો ગુલ્મવાયુ નખનામુળ આગળ થતો વરમ તથા પાકવું (સરખાવો પોડોફાઇલમ, બ્રાયોનીઆ, નકસ,)

Silicea (સીલીશીઆ ૬,૧૨,૩૦,૨૦૦ C. M.)

આ ક્ષારને સુચવનાર વ્યાધીઓ તથા ચીન્હો નીચે પ્રમાણે છે--બાળકોને થતી હાડકાની નબળાઇને સુકતાન, માથા ઉપર અતીશય પ્રસ્વેદ થવો, નાના બાલકોને માથુ મોટું હોય, પેટ પણ ફુલેલુ હોય, પગના તળીયામાં બહુજ પરસેવો વળતો હોય, ઝાડાની કબજીઆત, શરીરના કોઇ પણ ભાગમાં થતા

ગુમડા પાકવા ઉપર આવે છે ત્યારે, પાઠું, ગંડમાલ, ભગંદર, રાત્રે અગર પુર્ણીમાને દીવસે થતી અપસ માર અથવા વાઇનુ દરદ, ખરાબ રીતે શીળી-કાઢ્યા પછી શરીરમાંરહીજતી માઠી અસર, ક્ષય, કાનમાંથી પરૂનુ વહેવુ, શરીરમાં થતી ક્ષીણતા, અત્યંત નીરૂત્સાહપણું, કપાળપર સાંજના ભાગમાં થતો અતીશય પ્રસ્વેદ માથા ઉપરના વાળ ખરી જવા; લાંબો વખત સુધી રહેલી શરદીની પીડા, ભુખનું કમી પણું સ્ત્રીઓને આર્તવ ઘણોજ થોડો અને વહેલો દેખાય છે.

Section C.

ખાસ ચુંટીકાઢેલી અમેરીકન હોમીયોપૅથીક દવાઓ.

Aletris Far (એલીટ્રીસ ફૅર)

આર્તવ ઓછો આવવો અગર અનીયમીત હોય, તે સાથે પેડુમા વાઢ આવની હોય; તો આ દવાના ઉપયોગથી સારો ફાયદો થાય છે; સખ્તકામ અગર વારંવાર થતી સગર્ભાવસ્થાને લીધે ગર્ભાશયની નબળાઇ, પ્રદર, ગર્ભાશયનું તેની જગ્યાએથી ખસીજવું અગર બહાર આવવું, ગર્ભપાત, તથા સ્ત્રીઓને વંધ્યત્વપણા માટે આ દવા ચોકસ ઇલાજ છે; તે ઉપરાંત સગર્ભાવસ્થામાં થતી ઝાડાની કબજીઆત, સ્નાયુમાં થતુ દરદ અને સખત ઉલટી માટે પણ આ દવાનો ઉપયોગ થાય છે; ઍાલટ્રીસ કોરડીઅલ નામની પેટંટ દવાનો જે ગુણ છે તે તેની અંદર રહેલી ઉપરનીઔાષધીને લીધેછે;

દવાનો ડોઝ. ૩ થી ૧૦ ટીપા

૨. ઍાલસ્ટોનીઆ—પીતનો તાવ, એકાંતરીઓ તાવ, અતીશય નબળાઇ, તાવમાં થતો મરડા અગર ઝાડામાં આ દવા વપરાયછે દવા લેવા-નુ પ્રમાણ ૩ થી ૧૦ ટીપા.

૩ Ambrosia (એમ્બ્રોઝીઆ)—ક્ષય, જુની ખાંસી, દમ, સસણી માટેનો વનસ્પતીકઇલાજ આ વનસ્પતીની અંદર, ફોસફરસ, આયોડીન, અને લોહ સુક્ષ્મ અણુંરૂપે રહેલા છે, અને તે ઉપર જણાવેલા દર્દો માટેનો ચોકસઇલાજ છે, તે દરદીની પાચન શકતી સુધારે છે જેથી તે દુધ શકેછે પચાવી છે, અને રાત્રે થતો અતીશય પ્રસ્વેદ તથા ખાંસીને આરામ

આપે છે, વળી તે ક્ષયમાં આવતા જ્વરને પણ મટાડે છે અને શરીરને શક્તી આપી તેનું વજન વધારે છે તથા ક્ષયના દરદની અંદર ફેફસામાં પડતા કાણાને પુરી દેછે અને આંતરડામાં તથા ફેફસામાં પડતાં ચાંદાને રૂઝ લાવેછે, ક્ષયની પહેલી સ્થીતીમાં ફેફસાના સોજાને મટાડે છે; કૉડલીવર ઑઇલ જે ક્ષયના વ્યાધીઓ માટે અકસીર ઇલાજ મનાય છે, પણ જે પાચન શકતીને મંદ કરી નાંખે છે અને જેને ઘણી ખરાબ વાસ આવે છે; તે ઉપરાંત ધાર્મીક વીચારવાળા માણસો તે લેવાની વીરૂદ્ધ હોય છે; તેવા માણસોને આ ઇલાજ ઘણોજ ઉપયોગી છે; કારણ આ ઇલાજ તો પાચન શકતીને ઉલટો સારો ફાયદો કરે છે અને દર્દી ઘણુંજ દુધ પચાવી શકે છે આ ઔષધી પ્રવાહી રૂપમાં અગર તેના પાંદડાના પેકેટમાં મળી શકેછે.

દવા લેવાનુ પ્રમાણ ૧૫ થી ૩૦ ટીપાં ૧ ઓંઉસ પાણી સાથે, અગર તો તેના પાંદડામાથી બનાવેલો કાઢો દુધ અને સાકરસાથે દીવસમાં બેથી ત્રણ વખત લેવો.

આ દવા માટેના થોડાક આભીપ્રાયો.

ડૉકટર વીલીયમ બોરીક, એમ. ડી. કહે છે કે:—આ ઔષધી, મોટી ઉધરસ, શરદી, શ્વાસ વીગેરે વ્યાધીઓ માટે એક ખાત્રીલાયક ઇલાજ છે.

ડાકટર ખાન એચ એમ. બી. લખે છે કે ફેફસાના સર્વ વ્યાધીઓમા આ દવા સુવર્ણ જેવી કીંમતી છે.

પ્રોફેસર કુલકર્ની લખે છે કે—ફેફસા તથા તેની નળીના કોઇપણ વ્યાધીઆમા આ દવાના વપરાશથી કોઇ દીવસ મને નાસી પાસ મળી નથી.

ડાકટર કેશાની એલ. એમ. એણ્ડ. એસ. લખે છે કે મેસર્સ રોય એન્ડ કુંપની તરફથી મળેલી એમ્બ્રોઝીઆ ટયુબરોઝાની દવા ક્ષયના દરદીઓમાં પહેલી અને બીજી સ્થીતામાં વાપરતા ઘણોજ સારો ફાયદો કરે છે; તેના વપરાસ પછી થોડાજ વખતમાં તે તાવને અટકાવે છે, અને ખાંસીને કમી કરે છે, તથા રાતે થતો પરસેવો પણ અટકાવે છે, તે એક વનસ્પતીક દવા છે કે જેની અંદર ફૉસફરસ, આયોડીન, લોહ વીગેરે ચીજો સુક્ષ્મ રૂપે રહેલી છે.

એ. આર. પુસાળકર, એચ. એમ. બી. લખેછે કે ૭ વર્ષ અગાઉ હું ક્ષયની બીમારીથી પીડાતો હતો તે વખતે મારે માટે મે એમ્બ્રોઝીઆ ટયુબરોઝા તથા સીલીશીઆ ૨૦૦ x વાપરેલ હતુ અને તેનાથીજ મારો વ્યાધી તદન મટી ગયો હતો અને હું ઘણી ખુશીથી, જણાવુ છે જે હાલ હું તદન તે રોગથી મુક્ત છું; હોમીઓપૅથીક દવાના આવા ઉપયોગી પણાની ખાત્રી થવાથીજ હું તે વિદ્યાનો તથા જીવન રસાયન શાસ્ત્રનો વધારે અભ્યાસ કરવા " બૉમ્બે હોમીઓ પેથીક કોલેજમાં " દાખલ થયો.

વૈદ મી. કારગુટકર લખેછે કે ક્ષયના કેટલાક દરદીઓને મે Ambrosia Tuberosa આપેલુ છે; અને જણાવતા મને ઘણીજ ખુશાલી ઉપજે છેજે તેમના લગભગ બધા દર્દીઓને આરામ થયેલો છે. મા. ફાલકે (જવાર સ્ટેટના જુના કારભારી) લખે છે કે જ્યારે ક્ષયના દરદીઓની ખાંસી ઘણી-જ સખત હોય છે ત્યારે Ambrosia Tuberosa વાપરવાથી ખાંસી એકદમ ઓછી થઇ જાય છે અને દરદીને આરામ મળેછે.

૪ Succus Amogara (સકસ એમોગારા)

આ ઔષધી, નીચે જણાવેલી ચીજોમાથી બનેલી છે. " પ્રચીનેશીઆ," " કૅસ કારા અમારગા " " સબલ સેરૂલેટા " પ્રાઇટો લૅકા " આર્સેની-કમ આલબમ " આ ઔષધી લોહીને સુધારે છે અને શરીરમાં રહેલા ઝેરી પદાર્થોને બહાર કાઢે છે તે શરીરમાં થતા રકત વીકારના દરદો, ચેપી ગુમડા તથા લોહીની અંદર ઝેરી ચીજો દાખલ થવાથી થતા વ્યાધીઓને મટાડેછે. દવાનું પ્રમાણ—૧ થી ૨ નાની ચમચી દવા દીવસમાં ૩ વખત જમ્યાપછી; દવાના ઉપર થોડું ગરમ પાણી પીવુ.

૫ Anti Dysenterica (ઍન્ટી ડીસેનટેરીકા)

સર્વ પ્રકારના મરડાના વ્યાધીમાં અને બધી સ્ટેજમાં આ દવા ચોકસ ઇલાજ છે. દવાનું પ્રમાણ—દરેક દસ્ત પછી ૧ ડોઝ.

૬ Anti Malaria (ઍન્ટી મલેરીઆ)

પીતજવરને માટેનો અકસીર ઇલાજ છે; જે તાવમા કવીનાઇન નીષ્ફળ નીવડયું છે ત્યાં આ દવાથી તદન આરામ થતો માલુમ પડેલ છે; આ દવાની અંદર કવીનાઇન મુદ્દલ નથી.

૭ Anti Syph (ઍન્ટી સીફ)

ગરમીને માટેની આ અચુક વનસ્પતીક દવા છે; આની અંદર મુદ્દલ પારો નથી તેથી તે વાપરવામાં નિર્ભય જેવી છે; ઉપદંશની બીજી સ્થીતીમાં Anti Syph નં. ૨ થોડે થોડે વખતે વાપરવાની ભલામણ કરવામાં આવે છે

૮ Apocynum (ઍપો સાઇનમ)

આ દવા નીચેના વ્યાધીઓમાં વપરાય છે,–જલંદર જેની અંદર પેસાબ ઘણોજ ઓછો થઇ ગયો હોય, અથવા પાણીની તૃષા ઘણીજ ઓછી હોય, યકૃતનો સોજો થયો હોય અથવા યકૃત વધી ગયુ હોય, વૃષણુની કોથળીમાં પાણી ભરાયું હોય, ઉરૂસ્તંભ (Sciatica) સંધીવા અને તેની સાથે થયેલા પગના સોજા. દવાનું પ્રમાણ ૩–થી ૧૦ ટીપા.

૯ Avena Sativa–(એવીના સૅટાઇવા)

અત્યંત શારીરીક નબળાઇ, વીર્યની નબળાઇ, તંબાકુ, અફીણ, ગાંજો વીગેરેનું વ્યસન, અતીશય થકાવટ, વીગેરે દર્દોમાં આ દવા ઉપયોગી છે; દવાઓનું પ્રમાણ ૫ થી ૧૫ ટીપા.

૧૦ Berberis Aquifolia (બરબરીસ ઍકવી ફોલીઆ)

લોહીના બીગાડાને લીધે શરીર ઉપર નીકળતા ગુમડા, ખીલ, ફોલ્લા વીગેરે, તથા જુનુ અને હઠીલુ ખરજવુ, ઉપદંશના ફોલ્લા, વીગેરે. દવાનું પ્રમાણ–૫ થી ૧૦ ટીપા ૧ આઉંસ પાણીમા દર ત્રણ કલાકે.

૧૧ Berberis Vulgaris (બરબરીસ વલગારીસ)

ઉપયોગ—યકૃતના તથા મુત્રાશયના વ્યાધીઓ; પીતની કોથળીમાં ભરાઇ રહેતી પથરી (Gallstone colic) અથવા ગુરદામાં થતી પથરીને લીધે દુખાવો (Renal colic) યકૃતની કોથળીના સ્થાનમા થતો દુખાવો કૅડનો દુખાવો વીગેરે. દવાનું પ્રમાણ ૨ થી ૫ ટીપાં એક આઉંસ પાણીમાં દર ત્રણ કલાકે.

૧૨ Blatta Orientalis (બ્લાટા ઓરીએન્ટાલીસ)

જાડા માણસોમા અગર પીતના તાવવાળા માણસોને થતો દમ, ક્ષય, વીગેરે વ્યાધીમાં આ દવાનો ઉપયોગ થાય છે. દવાનું પ્રમાણ–૩ થી ૫–ટીપા ૧ આઉંસ પાણીમાં દર બેથી ત્રણ કલાકે.

૧૩ Cardus Mar–(કારડસ મૅર)

યકૃત અને બરલના વ્યાધીઓ; દારૂ પીવાને લીધે થતો યકૃતનો સોજો તથા યકૃતનું વધવું, જલોદર, કમળો; શરીરના ભાગમાં કાળું લોહી લઇ જનારી નાડીઓનું ફુલવુ તથા તેને લીધે થતા વ્રણ. દવાનું પ્રમાણ ૨ થી ૫ ટીપા.

૧૪ Cascara Amarga (કેસકારા એમારગા)

ઉપયોગ–જે ઉપદંશ પારો અગર આયોડાઇડના ક્ષારથી ન મટે, પરમીઆને લીધે થતો સંધીવા, જુનું ખરજવું, તથા બીજા ચામડીના દરદો (સોરીઆસીસ વીગેરે)

લેવાનું પ્રમાણ–૧ ચમચો દવા ૧ આઉંસ પાણીમાં દીવસમાં ૩ અથવા ૪ વખત.

૧૫ Caulophyllum (કોલોફાઇલમ)

ઉપયોગ–ગર્ભાશયનો સોજો, તથા તેમાં થતું દરદ અને વાઢ, હીસ્ટીરીઆને લીધે આવતી તાણ, પીડીતાર્તવ, પ્રદર અને કોરીઆ, આ ઔષધી સુવાવડ પછી ગર્ભાશયને કુદરતી રીતે સંકોચાઇ જવામાં મદદ કરે છે.

દવાનું પ્રમાણ—૩ થી ૫ ટીપા; આ દવા ઇંગ્રેજી દવા **Ergot** ના કરતાં ઘણુંજ સારૂં કામ આપે છે.

૧૬ Cenothus Americanus (સીઓનથસ અમેરીકેનસ)

ઉપયોગ–તલ્લી અગર બરલનું વધવું; પ્રદર.

દવાનુ પ્રમાણ–૩ થી ૫ ટીપા; બરલના વધારા ઉપર બહારથી લગાડવાના કામમાં પણ તે આવે છે.

૧૭ Cedron—(સીડ્રોન)

ઉપયોગ—પીતના તાવ, હીસ્ટીરીઆ, સુવાવડ પછી આવતી આંચકી, તાણ, ચહેરાની જમણી બાજુએ વારંવાર થતું દર્દ, સખ્ત સંધીવા. વીગેરે દર્દોમા આ દવાનો ઉપયોગ થાય છે; સર્પદંશમાં પણ આ દવા ખાસ ઉપયોગી છે.

દવાનું પ્રમાણ:—૩ થી ૫ ટીપા.

૧૮ Damiana—(ડમીઆના)

ઉપયોગ—ધાતુપાત, નપુંસકતા, શરીરની અતીશય નબળાઈ, જનનેંદ્રીયની શીથીળતા વીગેરે

દવાનુ પ્રમાણ:—૧૦ થી ૪૦ ટીપા.

૧૯ **Diabetes Cure No.1 (ડાયાબેટીસ મધુ પ્રમેહ)** ક્યુર નં.૧—
તે પેશાબમાં રહેલી ખાંડને ઓછી કરે છે; અને મીઠી પેશાબના દરદનો એક ખાત્રીલાયક ઇલાજ છે.

દવાનો ડોઝ—૫ ટીપા પાણી સાથે.

Diabetes cure no 2 (ડાયાબેટીસ ક્યુર નં. ૨)

આ દવા અતી મુત્રતાનો ખાસ ઇલાજ છે. અને પેશાબનું પ્રમાણ કમી કરે છે મીઠી પેશાબના વ્યાધીમાં જ્યાં દરદીનાં પેશાબમાં સાકર જતી હોય તેમ પેશાબ પણ વધારે થતો હોય તો નં. ૧ અને નં ૨ બને વારા ફરતી વાપરવા ડાયાબેટીસ ક્યુરને માટે મળેલા પ્રમાણપત્રો

ડા. આર. જે. વેદાંત લખે છે કે મારા એક મીઠી પેશાબના દરદીનો પેશાબ ૧૯૧૮ના ૨૬ મી માર્ચે તપાસતાં તેમાં સાકરનું પ્રમાણ ૬ ટકા હતું; મેં તેને બે અઠવાડીઆ સુધી "હોમીઓ ડાયાબેટીસક્યુર" ની દવા આપી, અને ત્યાર પછી એપ્રીલની ૧૦ મીએ તેનો પેશાબ ફરી તપાસ અર્થે મોકલ્યો. જેમાં તપાસ કરતાં માલુમ પડયું જે સાકર પેશાબમાં મુદલ હતીજ નહિ.

મી. **એસ. જી.** ફાળકે લખે છે કે તમારી મીઠી પેશાબ માટેની હોમીઓ પેથીક ડાયાબેટીસક્યુર એક અતી ચમતકારીક દવા છે; મને પોતાને તથા મારા દરદીઓ ઉપર તેની અજ માયસ લેતા તેણે મને ઘણોજ સંતોષ આપેલો છે.

૨૦ Echinacea Augustifolia
(ઇચીનેશીઆ ઑગસ્ટી ફોલીઆ)

ઉપયોગ—શરીરમાં દુષીત લોહી થવાથી સ્નાયુ વીગેરેનો સડો થાય છે, તથા જ્યારે શરીરમાં ઝેરી પદાર્થો દાખલ થવાથી ઉપજતા વ્યાધીઓ, જેવાકે ટાઇફોઇડતાવ (સંતત જ્વર), જુનો મેલેરીઆ તાવ, સુવાવડી સ્ત્રીને આવતો ઝેરી તાવ; પાઠું, ગુમડા, શરીર ઉપરના ચેપીવ્રણ, કુતરાના તથા સર્પ દંશના વ્યાધી, વીગેરેમાં આ દવા વપરાય છે.

દવાનું પ્રમાણ—:૩ થી ૧૦ ટીપા. આ દવા ઉપરના વ્યાધીઓમાં બહારથી પણ લગાડવામાં કામ લાગે છે.

૨૧ **Fucus Vesi**—(ફ્યુકસ વેસીકયુ)

ગળા નીચે હડીઆ ઉપર થતી ગાંઠ, સાથળમાં થતી ગંઠનો સોજો.
દવાનું પ્રમાણ:—૩૦ થી ૬૦ ટીપા.

૨૨ **Gono Cura** (ગૉનોકયુરા.)

પરમાને માટેનો ખાત્રી લાયક ઇલાજ છે; હઠીલા દરદોમાં ગૉનોકયુરા બહારથી લગાડવામાં પણ આવે છે.

૨૩ **Hamamelis** (હૅમૅમેલીસ)

ઉપયોગ—શરીરના જુદા જુદા દવારો જેવાકે નાક, ફેફસા, ગુદા, ગર્ભાશય વીગેરેમાંથી નીકળતો કાળો રકતાશ્રાવ કે જેમાં લોહીના ગાંઠા હોતા નથી, અંડાશ્રયનો સોજો, વધરાવળ, શરીરના ભાગમાં ફુગેલી રકતવાહીની શીરાઓ (veins) અર્શનો વ્યાધી વીગેરે; આ દવા બહારથી પણ લગાડવામાં આવે છે.

૨૪ **Helonioica** (હેલોનીઆસ)

પેડુમાં તથા કેડના નીચેના ભાગમાં સ્ત્રીઓને થતો દુખાવો તથા નબળાઇ, નષ્ટાર્તવ, ઘડી ઘડી કસવાવડ થઇ જતી હોય, સ્ત્રીઓને થતો પાંડુ રોગ ગુરદામાં થતી બળતરા વીગરે દરદોમાં આ દવા ઉપયોગી છે. દવા લેવાનુ પ્રમાણ–૩ થી ૫ ટીપા.

૨૫ **Hoemo cura** (હેમોકયુરા) નં ૨

તે બહારના તથા અંદરના અર્શની ખાત્રી લાયક દવા છે; Hoemo cura no 2 તે રકતસ્ત્રાવને અટકાવે છે; અર્શમાં બહુજ લોહી પડતું હોય તો નં. ૧ અને ૨ વારા ફરતી આપવા.

૨૬ **Hemocura unction** (હેમોકયુરા મલમ)

તે અર્શને માટે બહાર લગાડવાની દવા છે; તે અર્શમાં થતી બળતરા, દરદ, તથા ચળ વીગેરે મટાડે છે; તથા અર્શને સંકોચી નાંખે છેઃ આ મલમ લાંબા વખત સુધી લગાડવામાં આવે તો અર્શબધા સુકાઈ જાયછે અને દરદીને ભયંકર નસ્તરમાંથી બચાવે છે; અર્શના દર્દીઓને નસ્તર મુકાવ્યા પછી ઘણીવાર ભગંદર થઇ આવે છે.

૨૭ **Herbal fever drops** (હર્બલ ફીવર ડ્રૉપ્સ)

સઘળી જાતના તાવ માટે ખાત્રી લાયક દવા છે; તેનાથી હઠીલા જવર મટ્યા છે; તેની અંદર કવીનાઇન નથી. દવાનું પ્રમાણ- બે ટીપાં

:૮ Herbal granin and granae (હરબલ ગ્રેનીન અને ગ્રેના)

આંખની અંદર ખીલ થઇ આવ્યા પછી આંખ આવી જાય છે તેવા આં-ખના વ્યાધીઓમાં આ દવા ઉપયોગની છે. તે આંખમાં નાખવાથી બળતરા અથવા ચચરાટ થતો નથી.

૨૯ Hydrastis (હાયડ્રાસટીસ)

ઉપયોગ—યકૃતમાં થતું દરદ, સખત જુલાબની દવા વાપર્યા પછી હેતી ઝાડાની કબજીઆત, કાન પાકયા પછી નીકળતો પરૂનો શ્રાવ, ગર્ભા-યમાં થતો કેનસર સ્ત્રીઓના પ્રદર તથા પરમીઆમા પણ આ દવાથી સારો ફાયદો થાય છે; આ દવા અંદર તથા બહાર બન્ને રીતે વપરાય છે; વાનું પ્રમાણ ૧x અથવા ૩xના ૨ થી ૪ ટીપાં

૩૦ Hymosa (હાયમોસા)

આ દવા બ્યાગોનીઆ તથા બીજી વનસ્પતીક ઔષધીઓમાંથી બનાવેલી , જે નીચેના વ્યાધીઓમાં વપરાય છે–સધીવા, ગાઉટ (Gout) રૂસ્તંભ (Sciatica) કડનો દુખાવો (Lumbago) પાસા શુળ, ગેરે. આ દવાનો ફાયદો વાપર્યા પછી દરદીને તેમજ ડાકટરોને તુર્ત માલુમ ડે છે.

દવાનું પ્રમાણ–એક આંઉસ ગરમ પાણીમાં એક થી બે નાની ચમચી ૨ બે કલાકે. એનટીરીહયુમા સાલ્વ અને હાયમોસાલવા ઉપરના વ્યાધી-મો માટે બહારથી લગાડવાની દવા છે.

૩૧ Lactogen (લૅકટોજીન).

સુવાવડી સ્ત્રીને ધાવણ ન આવતું હોય તો આ દવાના ઉપયોગથી ધાવણ આવે છે તથા બાળકનીતબીયત પણ સુધરે છે

દવાનું પ્રમાણ–૧૫ થી ૨૫ ટીપા દીવસમાં ત્રણ થી ૪ વખત.

૩૨ Mullein oil (મુલીન ઓઇલ)

ઉપયોગ—કાનનો દુખાવો, કાનમાંથી નીકળતો પરૂનો શ્રાવ, બહેરા ણું; આ દવા કાનમાં ટીપા નાખવાના કામમાં લાગે છે, તે ઉપરાંત નાના ાળકોને બીછાનામાં પેશાબ થઇ જાય, તથા મુત્રાશયના સોજાને લીધે ીપું ટીપું પેશાબ આવે તો આ દવા વપરાય છે. વધરાવળને માટે પણ આ વા અંદર તથા બહાર બન્ને ઠેકાણે વપરાય છે દવાનું પ્રમાણ ૩ ટીપા.

૩૩ **Œnunthe crocata—(ઇને-થી ક્રોકાટા)**

આ દવા વાઇ તથા અપસમાર, આંચકી, તાણ વીગેરેનો ચોકસ ઇલાજ છે, દાંતખીલી બેસી જવામાં પણ આનો ઉપયોગ થાય છે.

દવાનું પ્રમાણ ૨ થી ૩ ટીપા

૩૪ **Ova testa (ઓવાટેસ્ટા) 3 x અને ૬ x**

કેડનો દુખાવો તથા ગંધ મારતા પ્રદરમાં અને ગર્ભાશયમાંથી થતો રકત શ્રાવ માટેની આ દવા છે. દવાનું પ્રમાણ ૪ થી ૫ ગ્રેન •

૩૫ **Panacea Homeopathica(પૅનેશીઆ હોમીઓપૅથીકા)**

આ દવા રકતને સુધારે છે. તે નીચેના વ્યાધીઓને મટાડે છે. દસ્તની કબજીઆત, અર્શ, ખરજ, માથામાં પડેલી તાલ, ખરજવું, ઉપદંશની બીજી અને ત્રીજી સ્થીતી.

હકીમ અહમદખાન (એચ. એમ. બી.) જણાવે છે કે ઉપદંશના વ્યાધીઓમાં આ દવા ૬૦૬ ની દવા કરતાં પણ સારૂ કામ કરે છે.

૩૬ **Pas Avena-(પાસ એવીના)**-તે "પૅસી ફ્લોરા" ઇનકારનેટા અને "એવીના સેટાઇવા" નામની વનસ્પતીક ઔષધીઓમાંથી બનાવવામાં આવે છે; અને તે કોઇપણ જાતના દર્દ, ચુંક, ઉંઘની ગેરહાજરી, જ્ઞાનતંતુઓની નબળાઇ, ઉરૂસ્તંભ, કેડનો દુખાવો, ડોકનું ઝલાઇ જવું વીગેરે વ્યાધીઓમાં વપરાય છે.

દવાનું પ્રમાણઃ—એક નાની ચમચી દીવસમાં ૩ થી ૪ વખત.

૩૭ **Passiflora compound**-આ દવા (**પૅસીફ્લોરા કમપાઉંડ**) "પૅસી ફ્લોરા ઈંકારનેટા", "એવીના સેટાઇવા", "હાયોસીઆમસ" વીગેરે ઔષધીઓમાંથી બનાવવામાં આવે છે; અને તે જ્ઞાનતંતુઓને શાંત કરે છે તેથી જ્ઞાનતંતુઓના કોઇપણ જાતના દુખાવાને દુર કરે છે.

ડા. કે. સી. ફૉર્ડ જણાવે છે કે.Pas avena તે મસ્તકના વ્યાધીઓ, હીસ્ટીરીઆ, જ્ઞાનતંતુઓની નબળાઇ વીગેરે વ્યાધીઓમાં અત્યંત વખાણવા લાયક દવા છે.

૩૮ **Passiflora incarnata (પૅસીફ્લૅારાઈનકારનેટા)**

આ દવા નીચેના વ્યાધીઓમાં વપરાય છે. અતિશય માનસીક કામને લીધે થતી નીદ્રાહીનતા, તથા માથાનો દુખાવો; તાવ ન્યુમોનીઆ (સન્ની-

ાત જ્વર) સંધીવા, છાતીનો દુખાવો, ઉરુસ્તંભ, જ્ઞાનતંતુઓનો દુખા-
ા વીગેરે વ્યાધીઓમાં જ્યારે નીદ્રા આવતી નથી ત્યારે ઉંઘ લાવવામાં આ
ા ઘણીજ ગુણકારી છે; તે ઉપરાંત, શ્વાસ, મોટી ઉધરસ, રતવા,
ાર્તવના વ્યાધીઓ દારૂના વ્યસન વીગેરેમાં પણ આ દવાનો ખાસ
પયોગ થાય છે:

ાનું પ્રમાણ ૧૦ થી ૩૦ ટીપા

હકીમ અહમદખાન જણાવે છે કે " પૅસીફ્લોરા " ની દવા ગાંડા
ાણુસોમાં ઘણીજ સારી ઉંઘલાવે છે વળી તે દમના વ્યાધીને પણ રોકે છે.

૩૯ **Podo laxine** (પૉડો લેકસીન)

આ દવા સાધારણ જુલાબ લાવવાને માટે ઉપયોગની છે; યકૃતને પોતા-
ા કામમાં મદદ કરી કુદરતી ઝાડો સાફ લાવવામાં મદદ કરે છે.
'odo Laxine No. 2 આ દવા પણ ઉપરનાં જેવીજ છે; પણ તે જરા
દુ છે અને સાધારણ એક બે દસ્ત લાવે છે.

૩૯ **Phyto fat reducr** (ફાયટો ફૅટરીડયુસર)

આ દવા શરીરમાં વધતી જતી અત્યંત ચરબી તથા યકૃત તથા હૃદય
પર ચડતી ચરબીને ગાળી નાંખે છે.

દવાનું પ્રમાણ-૧૦ ટીપા એક આઊંસ પાણીમાં દીવસમાં બે વખત.

Phytoline (ફાયટોલીન) આ દવા પણ શરીરમાં વધેલી
રબીને ઓછી કરે છે; પણ ઉપરની દવા કરતા ગુણ જરા વધારે તીવ્ર છે
ાનું પ્રમાણ ઉપર પ્રમાણેજ. જયાંરથી ડાકટર એકસટરે શોધી કહાડયું કે
ાયટો લેકાના ફળ ખાનારા પક્ષીઓએ તેના ઉપયોગથી પોતાનું શારીરીક
જન ઘટાડયું ત્યારથી ઉપરની દવાઓનો વપરાશ ડાકટરોમાં અને સાધા-
ણ માણસોમાં ઘણોજ વધી પડયો છે.

૪૦ **Salix Nigra** (સૅલીક્સ નાઇગ્રા)

ા દવા જનનેંદ્રીઓને શાંતી કરનારી છે તેથી તે સ્વપ્નદોષ, ધાતુપાત
ગેરે વ્યાધીઓમાં વપરાય છે; દવાનું પ્રમાણ ૧૦ થી ૩૦ ટીપા

૪૧ **Saw Palmetto** (સૉ પામેટો)

મુત્રાશયની પાસે રહેલી પ્રૉસટેટગ્લાંડનુવધવું, ઘડીઘડી પેશાબ થવો,
થા નપુંસકતા, સ્ત્રીઓને સ્તનનું ક્ષીણ થઇ જવું; વીગેરે વ્યાધીઓમાં વપ-
ય છે; દવાનું પ્રમાણ-પ થી ૧૦ ટીપા

૪૨ Sizigium (સીઝીજીયમ)

મીઠી પેશાબનો વ્યાધી તથા મીઠી પેશાબના વ્યાધીથી થતું પાઠાનું દરદ વ્રણ વીગેરે વ્યાધીઓમાં વપરાય છે.

૪૩ Thlaspi B. P. (થ્લેસ્પી બરસાપૅસ્ટોરા)

આ દવા મુત્રામાંથતા યુરીક એસીડને મટાડે છે, તથા મુત્ર પીંડમાં થતી પથરી, તથા મુત્ર પીંડનું શુળ મુત્રમાં લોહીનું જવું વીગેરે વ્યાધીઓમાં સારો ફાયદો કરે છે; તે ઉપરાંત તે ગર્ભાશયમાંથી નીકળતો રક્તનો પ્રવાહ, તથા લોહીના કટકા તથા ગર્ભાશયની ચુંક વીગેરે દર્દોમાં પણ વપરાય છે.

૪૪ Viburnum Opulus (વાયબરનમ આપ્યુલસ)

પીડીતાર્તવ, ગર્ભપાત, કસવાવડ, આર્તવ ઘણોજ થોડો તથા પાછળથી આવતો હોય તેવા વ્યાધીઓમાં તથા આર્તવના દેખાઇ ગયા પછી થતો પીળો પાતળો પ્રદરની વ્યાધીમાં આ દવાનો ખાસ ઉપયોગ થાય છે.

દવાનું પ્રમાણઃ—૫ થી ૧૦ ટીપા.

૪૫ Viburnum Prunifolium—
(વાયબરનમ પ્રુનીફોલીયમ)

પીડીતાર્તવ તથા તેની સાથે ગર્ભાશયમાં આવતી ચુંક; વારંવાર થઇ આવતી કસુવાવડ, ગર્ભપાત થવાના ચીન્હો, તથા ગર્ભાશયમાંથી નીકળતો રકત પ્રવાહ, સગર્ભાવસ્થામાં છાતીમા ફડફડાટ થવો, ઉપરના વ્યાધીમાં આ દવાનો ખાસ ઉપયોગ થાય છે;.

દવાનું પ્રમાણઃ—૫ થી ૧૦ ટીપાં

૪૬ Homeo Worm Powder
હોમીઓ પૅથીક કૃમી ચુર્ણ.

નાના બાળકોમાં તથા પુખ્ત માણસોમાં જ્યાં સેનટોનાઇનથી પેટમાં રહેતા કૃમી પડતા નથી ત્યાં આ દવાથી કૃમી પડી જાય છે; વળી સ્વાદમાં પણ ફીકી છે અને બીન નુકસાનકારક છે.

દવાનું પ્રમાણઃ—(૫) ગ્રેન મોટાં માણસ માટે સવારે તથા રાત્રે ખાલી પેટે; બાળકો માટે ૨ થી ૩ ગ્રેન.

Section D.
Elixirs and Tonics

(ઈલીકઝીર અને ટૉનીક્સ.)

૧ **Bio saline Elixir (બાયોસેલાઇન ઇલીકઝીર)**

ઝાડાની કબજીઆત પીતના વ્યાધીઓ પેશાબમાં થતા યુરીકએસીડના ધારાને લીધેના વ્યાધીઓ વીગેરે માટે આ દવા કામની છે.

૨ **Bio Tona Elixir (બાયોટોના ઇલીકઝીર)**

આ દવા રકતને બનાવનાર અને નવા જીવનીય તંતુઓને વધારનાર ાને આખા શરીરને શકતી વર્ધક છે; અને તંદુરસ્તી તથા બીમારીમાં ન્નેમાં કામની છે.

૩ **Kola Elixir (કોલા ઇલીકઝીર)**

દારૂ અફીણ, તંબાકુ, તથા ભાંગના અતીશય વપરાશથી નીપજતા ારાબ પરીણામને માટે આ દવા અતિ ઉપયોગની છે; ઉપવાસ પછીની હેલી નબલાઇ તથા રાત્રીના ઉજાગરા કર્યા પછી આવતી અશકતી માટે ણ આ દવા સારો ફાયદો કરે છે, તે શકતી વર્ધક, અને શરીરને થકાવટ ામે ટકાવી રાખનારી દવા છે.

૪ **Phospho-Damiana Elixir**
(ફોસફો ડેમીઆના ઇલીકઝીર)—

આ દવા જનનેંદ્રીયોને તાકાત આપે છે; અને તેના શકતી વર્ધક ગુણુને ાધે તે સ્વપ્નદોષ, નપુંસકતા, ને જનનેંદ્રીયની નબળાઇને મટાડે છે.

૫ **Pulmo Tona Elixir (પલમો ટોના ઇલીકઝીર)—**

ફેફસાના બધા દરદોને મટાડે છે અને છાતીને મજબુત કરે છે.

૬ **Sanguina Elixir (સેનગ્વીના ઇલીકઝીર)**

ગરમીની રૂતુમાં તથા તાવની અંદર, અત્યંત પાણીની તૃષાને શમાવે છે. ાી તે ઉપરાંત તે લોહીને સ્વચ્છ કરે છે; અને પાંડુરોગ, પ્રદર, ચામડીના ાેલા દરદો; આર્તવ ઘણોજ ઓછો આવવો વીગેરે વ્યાધીઓમાં પણ ેા ગુણ આપે છે.

સેવન વીધી—એક ચમચી દવા ૧ આઉંસ પાણીમાં દીવસમાં ૪ વખત.

થોડોક અભીપ્રાય—**હકીમ અહમદખાન એચ. એમ. બી.** લખે છે કે " યુનાની વૈદક શાસ્ત્ર તરફથી નીકળતા મુફારારા "ની તૃષા શાંત કરવાની દવા કરતા સેનગ્વીના ઇલીકઝીર ઉત્તમ દવા છે.

૭ Homeo Brain Tonic (હોમીઓ બ્રેઇન ટાનીક)

આ દવા નીચેના વ્યાધીઓમાં ઉપયોગની છે. ચક્રી, યાદ શકિતનું કમીપણું, મગજમાં રહેતી ગરમાઈ, માનસીક પરીશ્રમ કરવાનો અભાવ, દીવસમાં આવતી ઉંઘ અને માથાનો દુખાવો, વળી તે માથાના સફેત વાળને કાળા કરે છે. દવાનું પ્રમાણ દર ૩ થી ૪ કલાકમાં ૫ ટીપાં.

૮ Aphro Tona (એફ્રોટોના)

જનનેંદ્રીયો ને તાકાત આપે છે અને તેના શકિતવર્ધક ગુણથી તે સ્વપ્ન દોષ, ધાતુની નબળાઇને મટાડે છે. દવાનુ પ્રમાણ ૫ ટીપા એક આઉંસ પાણીમાં દર ૩ કલાકે.

૯ Biotona (બાયોટોના)

આ દવા નીચેના વ્યાંધીઓમાં કામની છે, બાળકોમાં થતાં સુક્કતન તથા હાડકાની નબલાઇ, દાત આવતા થતી મુશ્કેલીઓ, વૃદ્ધાવસ્થાની નબળાઇ, અજીર્ણ દસ્તની કબજીઆત, ઉંઘની ખામી, કોઇ પણ સખત માંદગી પછી થઇ આવતી નબળાઇ, તે **સેને ટોજન** કરતા ઉત્તમ દવા છે અને તેને બદલે વપરાય છે, વળી તે જીવન રસાયન શાસ્ત્રમાંના ક્ષારોમાંથી બનાવેલી દવા છે. દવાનું પ્રમાણ ૫ ગ્રેઇન, દીવસમાં ત્રણથી ચાર વખત.

૧૦ Nerve-tona (નર્વટોના)

આ દવા શરીરમાંના જ્ઞાનતંતુઓને તાકાત આપે છે, અને હીસ્ટીરીઆ, આંચકી, તાણ, વાઈ, વીગેરે વાયુના દરદોને મટાડે છે.

દવાનુ પ્રમાણઃ—૫ ટીપાં દીવસમાં ત્રણ થી ચાર વખત.

૧૧ Physio-tona (ફીઝીઓ ટોના)

તે શકિત વર્ધક છે અને પાચન શકિતને સુધારે છે.

દવાનું પ્રમાણઃ—૫ ગ્રેઇન દીવસમાં ત્રણ થી ચાર વખત.

૧૨ Phosphaura (ફૉસફૅારા)

આ એક શારિરીક માનસિક અને જનનેંદ્રીયની નબળાઇ માટેની ચોકસ ા છે. તે શુધ્ધ સુવર્ણ તથા ફાસફરસના અણુંઓની હાઇડ્રોકલોરિક સીડમાં બનાવેલી ઉત્તમ વૈજ્ઞાનીક મેળવણીવાળી દવા છે.

ઉપયોગ—આ દવા દસ્તને સાફ લાવી મીઠી ઉંઘ લાવે છે, તે રકતની ધ્ધી કરે છે, અને કોલેરા, ઈનફ્લુએનઝા, પ્લેગ, મેલેરીઆ, સંતત જ્વર, ગેરે વ્યાધીઓની સામે રક્ષણ આપે છે અતીશય નબળાઇ લાવતા ઉપર ણાવેલા ભયંકર વ્યાધીઓ પછી રહેતી કમતાકાતીને માટે આ એક ઉત્તમ ૌષધી છે. ઉપરની ઔષધી તંદુરસ્તીમાં લેવાથી યુવાવસ્થાની શક્તિને ળવી રાખે છે, વૃદ્ધાવસ્થામાં થતી ક્ષીણતાને અટકાવે છે, અને જીવનનુ રૂં સુખ આપે છે. તે વાપર્યા પછી પાછળથી ખરાબ ચીન્હો થતા નથી ને નીચેના વ્યાધીઓ માટે તે એક ખાત્રી લાયક અને લાંબા વખત સુધી જમાયસ કરેલો ફતેહમંદ ઈલાજ છે.

વાયુની બીમારીઓ—અભ્યાસ અથવા કામમાં ચીત્ત ન લાગવું, દશકિતની ખામી, આત્મશ્રધ્ધાની ખામી, મગજની નબળાઈ, જ્ઞાનતંતું- ામા થતો દુખારો, જીર્ણજ્વર, રાત્રે ઉંઘની ખામી, હૃદયનો ફડફડાટ, પ્રદોશથી રહેતી નબળાઇ વીગેરે.

હોજરીના વ્યાધીઓ—જેવાં કે અજીર્ણ, ભૂખની ખામી, દસ્તની રંવાર થતી કબજીયાત, બરલ અને યકૃતના વ્યાધીઓ, અતીશય તૃષા, સમકરોગ, પેટમાં થતો ગુલ્મવાયુ.

જનનેંદ્રીયના વ્યાધીઓ—ધાતુપાત, જનનેંદ્રીયની નબળાઇ, નપુ- કતા, કુટેવની પાછળ રહેતા ખરાબ ચીન્હો, ઉપદંશના વ્યાધીઓ વીગેરે.

સ્ત્રીઓના વ્યાધીઓ—માસિકની અનીયમીતતા, નષ્ટાર્તવ, પ્રદર, ધ્યત્વ, પાડુંરોગ, પ્રસુતી પછી નબળાઇ,

બીજાપરચુરણ વ્યાધીઓ—બાળકોને થતું સુકતાન તથા હાડ- ની નબળાઇ, વૃધ્ધ પુરૂષોને થતી નબળાઇ, જીર્ણજ્વર, મધુ પ્રમેહ, પાર ા ઉપયોગ કર્યા પછીની નબળાઇ, વારંવાર શરદી થઇ આવવી, દવાનુ ાણુ જમ્યા પછી ૫ ટીપાં એક આઉંસ પાણીની સાથે બાળકોને માટે થી ૩ ટીપાં.

આ દવાને વિષેના કેટલાંક અભીપ્રાયો.

ડાકટર સી આર. કેશાની એલ. એમ. એન્ડ. એસ. લખે છે કે—મને જણાવતાં ઘણી ખુશી ઉપજે છે, કે મેસર્સ રોય એન્ડ કુંપની તરફથી મળેલી ફોસફોરાની ઔષધી જનનેંદ્રીયની નબળાઇ વાળા ઘણા દરદીઓ ઉપર શકિત વર્ધક દવા તરીકે વાપરતા ઘણો સારો ફાયદો માલુમ પડેલ છે. વળી તે ઉપરાંત આ દવા સખત બીમારીઓ થઇ ગયા પછી રહેતી નબળાઇને માટે એક ઉત્તમ શકિત વર્ધક અને બળ વર્ધક દવા માલમ પડેલ છે. આ ઔષધીને એક શકિત વર્ધક દવા તરીકે વાપરવાની જનસમાજને ખાત્રી પૂર્વક હું ભલામણ કરૂં છું.

આ દવાની બનાવટમાં આવતી ચીજો છુપી નથી. જેથી તેને માટે વગર અડચણે ભલામણ કરવામાં આવે છે.

પ્રોફેસર વી. એમ. કુલકર્ની—(મુબઇ હોમીયોપેથીક મેડીકલકોલેજ) જણાવે છે કે—શરીરની અંદર રહેલા જ્ઞાનતંતુઓમાં ફોસફરસ નામના પદાર્થની ખામી હોય તો તે પોતાનું કામ કરી શકતા નથી, બાળકોની અંદર ફોસફરસની ખામી હોય તો તેઓ આળસુ અને મૂર્ખ થાય છે. મોટી ઉમરના માણસોમા ફોસફરસની ખામીને લીધે નપુસકપણું અને સુસ્તી રહે છે. અને વૃદ્ધ માણસોમાં ફોસફરસની ખામીને લીધે ચીડીયો સ્વભાવ અને અશકિત રહે છે. ઉપર જણાવેલા સઘળા ચીન્હો માટે ફોસફોરા એક ઉપયોગી દવા થઇ પડે છે વળી તે ઉપરાંત તેમાં રહેલા “ એસીડમ્યુરીઆટીક ” ની દવાને લીધે તે કોલેરા, પ્લેગ, ઇનફ્લુએનઝા, મેલેરીઆ, વિગેરે ભયકર વ્યાધીઓના હુમલા સામે એક અટકાયતની ઔષધી તરીકે કામ લાગે છે. તે ઉપરાંત જીર્ણ વ્યાધીવાળા દરદીઓમાં તેમની ગુમાવેલી શકિત પાછી લાવવામાં એક ખાત્રીલાયક શકિત વર્ધક ઔષધી છે.

ડાકટર કે. એમ. બારડોલીવાળા એમ. બી. ઇ. એચ. લખે છે કે—ઘણી સખત બીમારી પછી રહેતી નબળાઇને અશકિત માંટે ફોસફોરા એક ખાત્રીલાયક ઔષધી માલમ પડેલી છે. વળી ઇનફ્લુએનઝા, ટાઇફોઇડ, મેલેરીયા, મરડો, વિગેરે વ્યાધીઓ પાછળ રહેતી અશકિત માટે ગુણકારક માલુમ પડેલી છે.

ડાકટર ઇ. એચ. રડક એમ. ડી., એલ. આર. સી. પી., એમ આર. સી. એસ. લખે છે કે—ફોસફરસતો જૂની ખાંસી, ક્ષય, અતીસાર, જીર્ણજ્વર, ધાતુની નબળાઇ, વિગેરે વ્યાધીઓ માટે એક ઉત્તમ દવા છે,

ડાકટર બોરીક એમ. ડી. લખે છે કે—સુવર્ણ તે એક ગરમીના અને ક્ષયના વ્યાધીઓ માટે જુના વખતની ઉત્તમ દવા છે. યાદશકિતનું કમીપણું, નીરૂત્સાહ, શરીરની અંદર સ્નાયુઓ તથા શીરાઓના ક્ષય વિગેરે વ્યાધીઓ ફોસફરસથી મટે છે. વળી ફોસફોરામાં રહેલો એસીડ મ્યુરીઆટીકને રકતની સાથેનો ખાસ સંબધ છે અને તેથી તે અતીશય નબળાઇ સાથે રહેલા લોહીના બીગાડા માટે ઉત્તમ દવા છે.

ડાકટર રીંગર લખે છે કે—પાચન શકિતના મંદપણા માટે ફોસફોરા એક સારી દવા છે.

ડાકટર ગર્નસી લખે છે કે—એસીડ મ્યુરીઆટીક તે પ્લેગ, અને ટાઈફોઇડ તાવની શરૂઆતની સ્થીતીમા એક યોગ્ય દવા છે.

વૈદરાજ આર. જે વેદાંત લખે છે કે—તમારા તરફથી મળેલું ફોસફોરાનું ઔષધી મેં નીચે જણાવેલા દરદોથી પીડાતા રોગીઓ ઉપર વાપરતાં ઘણોજ ફાયદો માલુમ પડેલો છે-જેવાકે અજીર્ણ, શરીરની નબળાઇ, ઇનફલુએનઝા તાવ, સંતત તાવ, પીતજ્વર, મરડો, અતીસાર વીગેરે વ્યાધીઓ મટ્યાપછી શરીરમાં રહેલી નબળાઇ માટે ફોસફોરા ઉત્તમ કામ કરે છે; અને તેને હું "મકરધ્વજ" કરતા પણ વધારે ઉપયોગની અને કીંમતી માનુ છું. તેની અંદર પારદ નથી તેથી હું તેને વધારે પસંદ કરૂં છું. મે મારા ઘણા મીત્રોને આ દવા લેવાની ભલામણ કરી હતી અને તેમને પણ તેના ઉપયોગથી સારો ફાયદો થયો છે.

હકીમ અહમદખાન લખે છે કે—ફોસફોરા તે એક સુવર્ણ અને ફોસફરસની મીલાવટનું ઉત્તમ આષધ છે કે જે જયારે આ બંન્ને ચીજો આપવાની જરૂર પડે છે ત્યારે ઘણુંજ ઉપયોગનું થઇ પડે છે. યુનાનીમાં અપાતી "ખુશતાસ" અગર સુવર્ણ ભસ્મના કરતા તે ઘણુ ઉતમ છે અને સહેલાઇ થી આપી શકાય છે.

મી. ફાલકે (જવારસ્ટેટના માજી કારભારી) લખે છે કે—ફોસફોરા તે એક શરીર અને મગજને માટે ઉત્તમ શકતી વર્ધક દવા માલુમ

પડેલી છે અને કોઇ પણ ભયંકર વ્યાધી અગર જવર પછી રહેલી નબળાઇને માટે ઉતમ ઔષધી છે.

Section E.

બહાર લગાડવાની કેટલીક ઉપયોગની દવાઓ.

૧ Antizem Unction (એન્ટીઝેમ અંકશન)

જુનું ખરજવું, દાદર, ખસ, ચામડી ઉપરના બીજા જંતુના ઉપદ્રવથી થતા વ્યાધીઓમાં કામ લાગે છે જે ભાગમાં દરદ થયુ હોય તેના ઉપર જરા ઘસવામાં આવે છે.

૨ Anti-Rheuma Salve—(એન્ટી રહ્યુમાં સાલવ)

[] સંધીવા, ટોકનું રહી જવું, કેડનો દુખાવો, જ્ઞાનતંતુનો દુખાવો; ઉરૂસ્તંભ (સાએટીકા) ગાઉટ વીગેરે વ્યાધીઓમાં એક ખાત્રી લાયક દવા છે; ઘણાજ હઠીલા દરદમાં પણ આ મલમથી સારો ફાયદો માલુમ પડેલ છે.

3 Anti Tuberin Unction (એન્ટી ટયુબરિનનો મલમ)

ક્ષયના અને કંઠમાળના ચાંદા, હાડકાનો સડો થવાથી શરીર ઉપર થતાં ચાંદા, જેઘામાં સડો લાગ્યો હોય અને જેમાં જલ્દી રૂઝ નઆવતી હોય તેવા ચાંદામાં આ દવા લગાડવાથી જલ્દી રૂઝ આવે એ.

૪ Arnica Glycerate (આરનીકા ગ્લીસરેટ)

બધી જાતના શરીર ઉપરના મુઢ ઘા પછાડ, લચકાઇ જવું તે વીગેરે વ્યાધીઓ ઉપર આ દવા લગાડવાથી ફાયદો થાય છે. લખવાનું કામ કરવા વાળા, ટેલીગ્રાફીસ્ટસ, બીબા ગોઠવનારાઓ, તથા પીઆનો વીગેરે વગાડનારાઓને હાથનો ઉપયોગ થવાથી આગળામાં દુખવા આવે છે તથા ખાલી ચડી જાય છે તેવે વખતે આ દવા લગાડીને ચોળવાથી એકદમ દુખાવો તથા ખાલી ચડી જવાનુ મટી જાય છે.

૫ Calendula or Boro Calendula
(કેલેનડયુલા અથવા બોરો કેલેનડયુલા)

શરીરમાં જે ખુલ્લા. ઘા. લાગ્યા હોય, તથા ગુમડા વીગેરે ફુટી ગયા હોય તથા ભગદર, પાકું સડેલા ચાંદામાથી ભયંકર ગંધ મારતુ પરૂ વહે તું જતુ

હોય તેવે વખતે આ. દવા લગાડવાને માટે ઘણીજ ઉપયોગની છે અને ગુમડામાં અગર ઘામાં થતા પાક, પરૂ વીગેરે ને એકદમ અટકાવે છે અને ઘાને જલદી રૂઝલાવે છે.

૬ Carbo Thuja Glycerole (કાર્બોથુજા ગ્લીસરોલ)

શીળી નીકળી ગયા પછી સુકાઇ ગયેલા ભીંગડાને જલદીથી રૂઝલાવવાની લગાડવાની આ ઉતમ દવા છે; અને બારીક વાળની પીંછીવડે લગાડવામાં આવે છે.

૭ Electro-Cynos (ઇલેક્ટ્રો સાઇનોસ)

મગજનો દુખાવો' જ્ઞાન તંતુનો દુખાવો, ન્યુમોનીઆ ખાંસી વીગેરે વ્યાધીઓમાં બહારથી લગાડવાની દવા છે;

૮ Electro Herbal Hair Restorer– (ઇલેક્ટ્રો હુરબલ હૅરરીસ્ટોરર.)

માથામાં પડતી તાલને માટે આ એક ઉત્તમ દવા છે. કુદરતી રીતે વાળને-ગરમી અને વિદ્યુત ને વહન કરતા નથી અને તેથીજ તે મગજને અને આંખોને સખ્ત ગરમી અથવા સખ્ત ઠંડી અને સૂર્યની ગરમીની માઠી અસ-રમાં થી રક્ષણ આપે છે, જે માણસને માથામાં વાળ હોય છે તેને લુ લાગ-વાના તથા શરદી થવાના ઓછા સંભવ છે; વાળનું પ્રથકકરણ કરવાથી માલુમ પડે છે કે તે ચુનો સીલીકા લોહ મેનગેનીઝ વાગેરે તત્વોના બારીક અણુઓના બનેલા છે; આ બધા તત્વો વાળને કુદરતી રીતે લોહી-માંથી મળે છે જ્યારે વાળને ઉપર પ્રમાણે લોહીમાથી ઉપરના તત્વોં મળી શકતા નથી ત્યારે તે ખરાબ થઇ જાય છે અગર ખરી પડે છે અથવાતો નાની ઉમરમાં સફેત થઇ જાય છે; વાળ એ એક કુદરતની બક્ષીસ છે અને બીજી કોઇ પણ કળાથી તેની સુંદરતા આવી શકતી નથી.

વાળને લગાડવાની ઉપરની દવામાં પારદ ગંધક, કાંઇ ખાર અગર બીજી કોઇ નુકસાનકારક, ધાતુ આવતી નથી; પણ ઉપર જણવેલા વાળને ખોરાકની ગરજ સારતા તત્વોથી ભરેલી વનસ્પતીઓનો ગ્લીશરઇનમાં ભીજવી રાખીને થોડા વખત પછી અર્કકાઢવ માં આવે છે તેની અંદર કંઇરંગ લાગે તેવી ચીજ નાખવામાં આવતી નથી; તેથી કુદરતી રીતે વાળને જે

ખોરાકની જરૂર છે તેજ તત્વો આ દવામાં રહેલા છે અને કુદરતી રીતે વાળને ઉગાડવામાં મદદ કરે છે.

વાપરવાની રીત—હેરરીસ્ટોરના થોડાક ટીપા નાહ્યા પછી અગર રાતે વાળના મુળ આગળ બે ત્રણ મીનીટ સુધી આંગળી અગર બ્રશથી ઘસવામાં આવે છે; બે ત્રણ અઠવાડીઆમાં આની અસર માલુમ પડે છે; સાધારણ વ્યાધીમા માથ માં પડેલી તાલ મટાડવાને અમારી એક બાટલી પુરતી છે. પણ દરદ જો લાંબા વખતનું જુનુ હોય તો તેમાં એકથી વધારે બાટલી વાપરવાની જરૂર રહે છે; અને તેની સાથે અમારૂં "લોહી સુધારક" (Blood Purifier) અંદર લેવાની જરૂર રહે છે; આ "લોહી સુધારક"ની દવાથી, ઝાડાની કબજીઆત, ખસ, પાંડુ રોગ વીગેરે વ્યાધીઓને ફાયદો થાય છે આ દવા નવીન વ્યાધીઓમાં દીવસમાં ચાર પાંચ વખત તથા જુના વ્યાધીઓમાં દીવસમાં બે વખત વાપરવામાં આવે છે.

૯ Electro Herbal Hair Tonic(એલેકટ્રો હરબલ હૅરટોનીક)

લોહ, પોટાશ વીગેરે તત્વોના અણુએથી ભરેલી વનસ્પતી ઔષધીઓમાંથી આ દવા બનાવેલી છે; વાળના મુળઆગળ લગાડવાથી અને ઘસવાથી વાળને ખરી પડતા અટકાવે છે તેમજ સફેત વાળને કાળા કરે છે; વળી માથામાં થતા ખોડાને મટાડે છે; વળી આ સાથે "હોમીઓ લોહીસુધારક" દવા અંદર લેવાથી વાળના મુળમા રહેલા જ તુઓનો નાશ કર છે તેમજ માથામાં આવતી ખરજ બે ત્રણ દીવસમાં મટી જાય છે.

થોડાક અભીપ્રાયો.

મી ડી એમ ખોટે (સરકારી તાર ઓફીસવાળા) લખે છે કે તમારી વાળને વધારનારી દવાઓ મે વાપરી છે અને મને ઘણીજ ફાયદા કારક માલુમ પડી છે.

મી. બોચેઝ લખે છે કે—જણાવતા ઘણીજ ખુશી થાય છે જે તમારા હેર રીસટોરરથી ત્રણ અઠવાડીઆમા મારા માથામાં વાળનો સારો જથ્થો આવ્યો છે.

મી. ટી. બી ડીસોઝા (લોઅર કોલાબા) જણાવે છે. છેલા પાંચ વરસ થયાં મારા માથાની તાલને માટે મે ઘણી જાતના મોટી જાહેર ખબરવાળા તેલો વાપર્યા પણ કોઇથી પણ મને ફાયદો જણાયો નહિ; અને છેવટે હું

ોરાશ થયો હતો પણ છેવટે તમારા હેર રીસ્ટોરર વાપરવાથી ત્રણ અઠ-
ાડીઆમાં મારા માથામાં પડેલી તાલ મટીગઇ અને મને માથામાં વાળને
ારો જથ્થો આવ્યો.

૧૦ Euphracin eyedrops—

આંખમાં થતાં મોતીયા માટે આ દવના ટીપા દીવસમાં બે થી ત્રણ
ખત નાંખવાં; Cineria Maritima નામની વનસ્પતીક દવાથી પણ
ાંખના મોતીઆ ગળી જાય છે.

૧૦ બે Granae Eyedrops—

આંખની અંદર કોઇ પણ જાતની ઇજા પહોચાડયા વગર આંખમાં થતાં
ીલને મટાડે છે.

૧૧ **Gonocura External**—હઠીલા પરમાંમાં બહારથી લગાડ-
ાની દવા.

૧૨ **Hemo cura**—અર્શને માટેની લગાડવાની ખાત્રી લાયક દવા
; વળી આ લગાડવાની દવાથી અર્શ સંકોચાઇ જઇ છેવટે તદન સુકાઇ
ાય છે.

૧૩ **Homeo Eardrops**—કાનની અંદરથી વહેતા પરને માટેની
ા દવા છે.

૧૪ **Homeo Healing Balm**—ચામડીના વ્યાધીઓ, સ્તનની
ટીનો સોજો, જે ઘામાંથી પર વહેતુ હોય તેવા ઘા જનનેંદ્રીયના મુખ ઉપ-
ી ચામડીનો સોજો વીગેરે વ્યાધીઓ માટે બહારથી લગાડવાની દવા.

૧૫ **Homeo Pain Reliever**--આ એક જાદુઇ બામ છે; તે
ધીવા, મસ્તકશુળ, ડોકનું રહીજવું, કડનો દુખાવો, ઉરૂસ્તંભ વીગેરે
ાધીઓમાં થતા દરદને જલદીથી મટાડે છે અને દરદને શાંત કરે છે.

૧૬ **Hydra Compound Eardrops**—લાંબા વખતનો કાન-
ાથી વહેતા પરનો શ્રાવ, તથા બહેરાપણું, કાનનો દુખાવો વીગેરે વ્યાધીઓ
ાટે આ દવા ઉપયોગની છે.

Mullein oil પણ ઉપરની દવાના જેવુંજ કામ કરે છે.

૧૭ **Hymo Salva**—આ એક વૈજ્ઞાનીક રીતે બનાવેલો બામ છે કે જે સઘળી જાતનાં સંધીવાના તથા જ્ઞાન તંતુઓના દરદોને લીધે થતો દુખાવો શાંત કરવામાં વપરાય છે.

૧૮ Ledum—(લીડમ)

વીંછીના અગર કોઇ ઝેરી જાનવરના ડંખ માટે આ દવા ખાસ ઉપયોગની છે.

૧૯ Panacea Ointment—(પેનશીઆ ઓઇન્ટમેંટ)

આ મલમ શરીર ઉપરના ઘા, ચામડીનું છોલાવું, શરીર ઉપર થતો સોજો, દાઝી જવું, ચેપી અને સડતા વ્રણ, જુનાવ્રણ અગર ચાંદા ઉપર અકસીર ઇલાજ છે.

ડાકતર. સી. ઇ. લેલ મેન લખે છે કે આ મલમ હું વારંવાર વાપરૂં છું અને હંમેશા મારી પાસેની અકસમાતની દવાની પેટીમાં રાખું છું.

૨૦ Pinus ointment—(પાઇનસ ઓઇંટમેંટ)

ખરજવું, અને ચામડીના બીજા વ્યાધીઓ જેવા કે જનનેંદ્રીય અથવા ગુદા ઉપર ખરજ આવવી, ખસ, હજામનો અસ્ત્રો લાગવાથો લાગતો ચેપ, નાકમાં થતા વ્રણ, ગુદામાં થતા ચીરા વીગેરે દરદોમાં આ મલમનો ઉપયોગ થાય છે.

૨૧ Biochemic Tooth Powder—
(બાયોકેમીક ટુથ પાઉડર)

આ દંત મંજનથી દાંતના પેઢાનું સુજી આવવું, અવાળુમાંથી લોહી પડવું દાંતનું હલવું, તથા દાંતના પેઢામાંથી પરૂ નીકળવુ વીગેરે વ્યાધીઓ મટે છે; તેમજ આ દંત મંજન દાંતને સફેદ કરે છે અને અવાળુને મજબુત બનાવે છે.

૨૨ Camphorated Tooth powder—

મુખમાંથી નીકળતા ખરાબ વાસ, દાંતનો દુખાવો, દાંતનો કોહવાટ પેઢાનું સુજી જવું. વીગેરે દાતના વ્યાધીઓમાં આ દંતમંજન ઉપયોગનુ છે.

૨૩ **Thuja**—મસા, પગના આંટણ, (મુળ દવા) શીળીના ફોલા (ગ્લીસરાઇન સાથે મેળવીને નાના બ્રશથી લગાડવી) વીગેરે વ્યાધીઓમાં લગાડવાની વનસ્પતીક ઔષધી છે.

૨૪ Vividerma—(વીવી ડમા°)

આ દવાથી નાના ગુમડા, તથા આંઝણી વીગેરે દરદો મટે છે. (બહારથી ...ાડવી તથા સહેજ ઘસવી) તે ચામડીને સુંદર બનાવે છે; ચહેરાને સુધારે ...ને શરીર ઉપરના ડાઘને દુર કરે છે અને ચામડી ઉપર થતી કરચલી, ...ડા તથા ચાઠા વીગરેને થતા અટકાવે છે.

સેવન વીધી—૫ થી ૧૦ ટીપાં ૧ ચમચા તાજુ દુધ અથવા નાળીએરના ...માં મેળવીને લગાડવી; અને દીવસમાં એક બે વખત ચામડી ઉપર ...ાડીને ચોળાવવી.

ભાગ ત્રીજો.

વ્યાધીઓ અને તેના ચીન્હો તથા ચીકીત્સા

Abscess. (ગુમડું, ગડ)

શરીરના કોઇ પણ ભાગમાં પ્રથમ વરમ થઇને માંસ કે શરીરના અવ-યવનો કોઇ ભાગ પાકવામાંડે ત્યારે ગડથયું કહેવાય છે.

ચીન્હો—જે ભાગમાં ગડ થયું હોય ત્યાં આગળ, દુખાવો, રતાશ, અને સોજો થાય છે; છેવટે સુજેલો ભાગ કઠણ માંસ જેવો લાગે છે; અને તેના ઉપર નો રંગ ભુરો થઇ જાય છે; છેવટે ચામડી ફાટે છે અને તેમાંથી રસી નીકળે છે ગુમડાની સાથે હંમેશા ટાઢ અને તાવ રહયા કરે છે.

ચીકીત્સા—શરૂઆતમાં "બૅલાડોના" ૩ અને "મરકયુરી" સોલ ૬ અથવા ફેરમફોસ ૧૨ x અને કાલીમુર ૬ x વારાફરતી દર કલાકે કલાકે આપવું, અને ઉપરથી આરનીકાનું ગરમ લોશન લગાડવું; ઉપર પ્રમાણે દવા આપ્યાથી ગુમડું ગળી જતું નથી પણ પાકે છે તો પછી સીલીકા ૬x. આખા દીવસમાં દર ત્રણ કલાકે આપવું. ગુમડું ફૂટયા પછી અગર ફોડાવ્યા પછી કૅલકેરાસલ્ફ ૬x અથવા હેપાર સલ્ફ ૬ દર બે કલાકે આપવું.

અને ઉપરથી "બોરીક એસીડ અને ટીકચંર કૅલંનડયુલાની મીશ્રણની બનાવટવાળું લોશન (પ્રવાહી) લગાડવું. શરીર ઉપર ગુમડા થતા અટકાવવા માટે બાયોટોના ૫ ગ્રેન સવારમાં બપોરે અને રાત્રે સુતી વખતે લેવું તથા સેનગ્વીના ઇલીકઝીર ૧/૨ ચમચીથી ૧ ચમચી ૧ આઉંસ પાણીમાં જમ્યા પછી મહીનો બે મહિના સુધી લેવું.

Accident (અકસમાતથી થતા ઉપદ્રવો)

અકસમાતના પ્રકાર—(૧) જખમ, ઘા. (૨) કચર થવો; અથવા મુઢમાર લાગવો; ચોટ લાગવી (૩) લચક અથવા મરડ થવું (૪) બળવું, દાઝવું (૫) ઝેરી જીવડા અગર જાનવરનો ડંખલાગવો (૬) અસ્થી ભંગ.

૧ જખમ, ઘા—કોઇ પણ પ્રકારના જખમ ઉપર તેને સાફ કર્યા પછી અને લોહી બંધ થયા પછી " કેલેનડયુલાટીકચરનું પ્રવાહી (૧ ભાગ દવા ૭ ભાગ પાણી) ઘા ઉપર સતત લગાડના રહેવાથી ઘા રૂઝાઇ જાય છે અને પાકતો નથી.

કચર થવો; મુંઢમાર (Contusions) જેની અંદર ખુલ્લો ઘા થતો નથી; પણ ચામડી નીચેનો ભાગ તુટીજાય છે; અને અંદર રકતસ્ત્રાવ થાય છે; લોહી બહાર નીકળતું નથી પણ અંદર લીલા, રાતા કે કાળા રંગના ચાઠા થઇ આવે છે; પથર લાગવાથી, લપડાક લાગવાથી, લાકડી કે સોટીનો માર-વાગવાથી મુઢમાર થઇ આવે છે.

ચીકિત્સા—બાહારના ભાગ ઉપર ટીંકચર આરનીકાનું પાણી સાથે બનાવેલું પ્રવાહી લગાડાય છે; અથવા એક આંઉસ ગ્લીસરાઇનમાં ૧ ડ્રામ આરનીકા મેળાવી, તેનુ મીશ્રણ સોજા ઉપર લગાડવામાં આવે છે. તે સાથે દરદ બહુ સખત હોય તો Aconite 3 (એકોનાઇટ ૩) અને Arnica 3 (આરનીકા ૩) એમ વારાફરતી દર કલાકે પાણી સાથે આપવા; જો હાડકા ઉપર માર લાગ્યો હોય તો "રૂટા ૩"ની દવા પીવા આપવી; તથા તેના મધર ટીકચર (મુળ દવાના) દશ ટીપા ૧ આઉંસ પાણી સાથે મીલાવીને બહાર લગાડવા આપવું.

અનુસંગી ઉપાય— ઘા વાગ્યા પછી ખોરાક સાદો આપવો, ઝાડો સાફ આવે તેમ કરવું; તાવ આવ્યો હોય તો તેનો ઉપાય કરવો; જખમ-નો ભાગ ઘણોજ સ્વચ્છ રાખવો; ગંદકી થવા દેવી નહિ.

૩ Sprain (લચક અથવા મરડ થવું)

શરીરના કોઇ સાંધાને ને સ્નાયુને આંચકો લાગે છે; ત્યારે તેના કેટલાક તંતુઓ તુટી જાય છે તેને લચક કહે છે.

ચીકીત્સા—લચકવાળા ભાગ ઉપર લગાડવાને આરનીકા ટીકચરનું પાણી સાથે બનાવેલું પ્રવાહી લોશન (૧૦ ટીપા ૧ શેર પાણીમાં નાંખી તે બનાવવું) લગાડવા આપવું; ને અંદર પીવાને આરનીકા ૩ અને દુખાવો બહુ સખત રહેતો હોય તો રસટોકસ ૩ આપવું.

(૪) Burns. (બળીવું દાઝવું.)

દાઝવાના ૭ પ્રકાર છે—(૧) પ્રકારમાં થોડી ગરમી લાગવા થી ચામડી માત્ર લાલચોળ થઇ જાય છે.

(૨) બીજા પ્રકારમાં, વધારે ગરમી લાગવા થી ચામડી ઉપર ફર ફોલ્લા ઉઠી આવે છે;

(૩) જ્યારે ગરમીની અસર ચામડીની નીચેના સ્નાયુ સુધી પહોંચે છે.

(૪) હાડકા તથા નસો બળી જાય છે.

ચીકીત્સા—જો ત્વચા બહુ દાઝી હોય અને ઉપર ફોલ્લો થઈ આવ્યો હોય તો ' કૅનથારીસ ' મધર ટીકચરનું પાણી સાથે બનાવેલુ પ્રવાહી (૧ ભાગ દવા અને ૧૦ ભાગ પાણી) ઉપર થી લગાડવાને આપવું; અથવા ચામડી બહુ જુજ દાઝી હોય તો હેમેમેલીસ લોશન લગાડવું.

જે લુગડું દવામાં બોળીને લગાડયું હોય તે વારંવાર બદલવું નહિં પણ તેના ઉપર બીજી દવા સુકાઈ જાય ત્યારે રેડવી. અને અંદર કેનથારીસ ૩ દર કલાકે કલાકે પીવા આપવું; દાઝ યા પછી રૂઝ આવવાને બદલે ચાંદા પડીને પરૂ થવા માંડે તો હેપાર સલ્ફ ૬ ની દવા ચાર ચાર કલાકે આપવી; અને ઉપર થી બોરીક એસીડ અને કૅલેનડયુલાનું ટીંકચર મેળ-વીને બનાવેલુ લોશન લગાડવાને આપવું; અથવા આ બન્ને ચીજને વેઝ લાઈન અગર તેલમાં મીલાવીને દાઝેલા ભાગ ઉપર લગાડવી. પહેલા અને બીજા પ્રકારના દાઝવામાં—

(૧) બાઈ કારબોનેટ ઑફ્ સોડા. (Sodi Bicarb) નું ઘટ્ટ પાણી કરી બળેલા ભાગ ઉપર લગાડવાથી બળતરા શાંત થઈ જઇ રૂઝ જલદી આવે છે.

(૨) અથવા અરટીકા ઉરન્સ નામની દવાનો ૧ ભાગને બે ભાગ પાણી મેળાવી તેમાં લુગડાના કડકા બોળી લગાડવાથી દાઝેલો ભાગ જલદી રૂઝાઇ જાય છે; ને બળતરા નરમ પડી જાય છે.

સુચના—દાઝેલો ભાગ થોડો હોય અગર વધારે હોય ત્યારે દવા સ્વચ્છ લગાડવાને તે ભાગને લીટના કપડા થી સારી રીતે ઢાંકી રાખવો કે જેથી તેની અંદર જંતુઓ પ્રવેશ ન કરી શકે ને તે ભાગમાં ઝેરી હવા ન લાગે.

૪ Stings of Insects & Serpents.

ઝેરી જાનવરોનો ડંખ

મચ્છર તથા મધમાખીતથા ભમરીના ડંખ ને માટે "લીડમ પૅલુસટ્રી" ની દવાનું પાણી સાથે લોશન બનાવી કરડેલા ભાગ ઉપર લગાડવાથી દરદ શાંત થઇ જાય છે;

અને અંદરની ખાવાની દવા માટે ઍપીસ ૩૦ અગર ૨૦૦ આપવું. દર ૫। કલાકે જો ઉપરની દવા ન હોય તો એમોનીઆ લગાડવુ અથવા છેવટે ડુંગળીનો રસ લગાડવો.

સર્પદંશ—સર્પદંશ થયા પછી તરનજ ઉપલા ભાગ પર સખત પાટો અગર દોરડી બાંધી તે ભાગને દબાવી લોહી કાઢી નાંખવું અથવા તે ભાગ ઉપર બે ત્રણકાપામુકી લોહી કાઢી નાંખવુ અને તેના ઉપર સળગતો અંગાર ચાપવો અગર પોટાશ પરમેનગેનેટની દવાની ભુકી દબાવવી અને ત્યાર પછી તેના ઉપર તેજ દવાનું બનાવેલુ લોશન (3%) લગાડવું. અંદર ખાવાને માટે લૅચીસીસ ૧૨ અથવા ૩૦ ક્રૉટેલસ ૧૨ સીડ્રોન માંથી કોઇ પણ દવા આપવી.

વીંછીના દશ–ઉપર નેટ્રમમ્યુરની દવા ઘણી ઉત્તમ છે ૩ x પાવરની દવા લગાડવાને આપવી; (સુકી અગર પાણીમાં પલાળીને;) અને અંદર ખાવાને માટે ૬xની દવા આપવી.

(૫) અસ્થી ભંગ (fractures)

ચીન્હો—જે અવયવમાં હાડકું ભાંગ્યું હોય તે અવયવમાં હાડકાના છેડા હલાવવાથી કટ કટ અવાજ થાય છે, કારણ કે તેમાં કુદરતી સંબંધ તુટી ગયો હોય છે; ને હાડકું ભાંગ્યું હોય ત્યાં સોજો થઇ આવે છે; અવયવનો આકાર બેડોળ થઇ આવે છે; અને દુખાવો રહ્યા કરે છે.

ચીકીત્સા—શરૂઆતમાં તાવ, અથવા મગજને ધકકો પહોચ્યો હોય તો, એકોનાઇટ 3x આરનીકા 3x હાઇપરીકમ વીગેરે યોગ્ય લાગે તે દવા આપવી; અને અંદરથી કેલકેરાફોસ 3x અથવા સીમફીટમ 3x વારા ફરતી દર બે કલાકે આપવું. અને ઓરમ ૨૦૦ દીવસમાં ૧ વખત, અને જો દરદી ઘણોજ દુબળો અને નરમ હાડકાવાળો હોય તો સીલીશીઆ ૨૦૦ અઠવાડીઆમાં ૩ વખત; જો દરદીના શરીરમાં લોહીની ખામી હોય તો સેનગ્વીના ઇલીકસીર જમ્યા પછી આપવું; જો દરદી ઘણાજ નબળા બાંધાનો હોય તો જમ્યા પછી બાયો ટોના આપવું.

અનુસંગી ઉપાય—અસ્થી ભંગ હાડકું બરોબર બેસડાવ્યા પછી અને પાટો અગર ખપાટીઆ બંધાવરાવ્યા પછીજ ઉપરની દવાખાવાને આપવી.

Acidity (ખટાશ હોજરીમાં થતી ખટાશ)

ચીન્હ—જમ્યા પછી મોઢામાં ખાટા પાણી જેવું આવે છે;

ચીકીત્સા—નેટ્રમફોસ ૬x દર બે કલાકે; જુના દરદીઓમાં અને સ્થુળ શરીર વાળાને કેલકેરીઆ કાર્બ ૩૦ સવારે અને સાંજે પાચન શકતી સુધારવા માટે ફોસફોરાના (૫) ટીપા જમ્યા પછી ૧ આઉંસ પાણીમાં નાંખીને લેવા.

Alcohol Habit (દારૂનું વ્યસન)

ચીકીત્સા—કોલો ઇલીકઝીર દીવસમાં ૩ વખત દારૂની તલપ કમી કરવા. પેસી ફ્લોરા અગર ચાઇના ૨૦ થી ૩૦ ટીપા. પાણી સાથે આપવા; નબળાઇને માટે ફોસફોરા.

Anaemia (પાંડુરોગ.)

ચીન્હો—શરીરમાં રાતા લોહીનું તત્વ એકદમ ઓછું થઇ જાય છે. તે ઉપરાંત ફીકાસ તથા શરીર પીળુ પડી જાય છે; અને અશકતી ઘણીજ રહે છે

ચીકીત્સા—સેનગ્વીના ઇલીકઝીર દીવસમાં ૩ થી ૪ વખત; તે ઉપરાંત કૅલ્કેરાફૉસ ૬x અને ફેરમફોસ ૧૨x દર ત્રણ કલાકે વારા ફરતી આપવું; જમ્યા પછી ફોસફોરાના ૫ ટીપા પાણી સાથે. તીવ્ર પાંડુરોગમાં-સેનગ્વીના ઇલીકઝીર અને આરસૅનીક વારા ફરતી આપવું.

Anger Effects—(ગુસ્સાની માઠી અસર.)

ચીકીત્સા—એકોનાઇટ ૩ અને કૅમોમીલા પ્રાયોનીઆ ૬ નકસવોમીકા. ૩૦

Aphtha—મોઢામાં ચાંદુ પડવું, થુલીયું; મોંઆવીજવું કાલીમ્યૂર ૬x અને કેલકેરા ફોસ ૧૨x દર ત્રણ કલાકે; બહારથી લગાડવાને અથવા કોગળા કરવાને કાલીમુર ૩x આપવું દરદ–ફરી ન થાય તે માટે સેનગ્વીના ઇલીકઝીર જમ્યા પછી લેવું.

Appetite Lost—(ભુખ ન લાગવી)

જે માણસને દારૂ પીવાની આદત હોય તથા દીવસ આખો બેસી રહેતો હોય તો નકસવૉમીકા ૩x, ભારી ઘી અને ખાંડના ખોરાક ખાવાથી ભુખ મરીગઇ હોય તો પલસેટીલા ૩ અને કાલીમુર ૬x દર બે કલાકે આપવું.

પાચન શકતીની દુર્બળતા હોય તો જમ્યા પછી ફાસફોરા આપવું; તે ઉપરાંત કેલકેરીઆ ૬ તથા બ્રાયોનીઆ પણ વપરાય છે.

Appetite Voracious (ભસમક રોગ)—

કાલીફોસ ૬x અને નેટ્રમફોસ ૬x વારા ફરતી આપવા. કૃમીને લીધે જો ભુખ વારંવાર લાગતી હોય તો નેટ્રમફોસ ૬x અને ચાઇના ૬x વારા ફરતી આપવું..

Aphonia—અવાજનું બેસીજવું—બૅલાડોના, મરકયુરીસોલ, આરનીકા, સ્પોનજીઆ વીગેરે વપરાય છે.

Asthma—(શ્વાસનો વ્યાધી.)

ચીકીત્સા—એમબ્રોઝીઆ ટયુબરોઝા દીવસમાં ૩ વખત. સુકોશ્વાસ હોય તો Arsenic **આરસેનીક ૩૦**

છાતીમા કફ ભરેલો હોય અને શ્વાસ હોય તો આઇ પીકેક ૩, ૩૦

શરીરની નબળાઇને લીધે શ્વાસ હોય તો-કાલીફોસ ૬x અથવા નરવોટોના;

શ્વાસને દબાવવાને શરૂઆતમાં બ્લાટા ઓરીએનટેલીસ અને એમબ્રોઝીઆ હલીકઝીર વારા ફરતી આપવું.

તે ઉપરાંત, નકસ વૉમીકા (૩૦), અને બ્રાયોનીઆ પણ વપરાય છે.

Baldness—(માંથામા પડતી તાલ)—

ઇલેકટ્રો હરબલ હેર રીસટોરર બહારથી લગાડવાને આપવું; અને અંદર પેનેશીઆ. દીવસમાં ૩ વખત આપવું.

Bed Sore—પીઠ પાછળ અગર ગુદા પાસે પાઠા પડવા માટે ઇચીનેશીઆં અંદર પીવાને આપવું; બહારથી લગાડવાને કૅલેન ડયુલાનું લોશન.

Belching—(ખરાબ ઓડકાર આવવા)—

બ્રાયોનીઆ સલફર, કારબોવેજીટાલીસ, ઇગનેશીઆ. વીગેરે.

Biliousness—(પીતપ્રકોપ)—

નકસ વોમીકા, બ્રાયોનીઆ, કૅમોમીલા દરેક ત્રણ દીવસ સુધી દીવસમાં ૪ વખત.

Black eye—(આંખ ઉપર વાગવાથી લોહી ભરાઇ જવું)—

આરનીકા ૩x અંદર અને બહારથી આરનીકા લોશન લગાડવા આપવું.

Bleeding From Anus— (ગુદામાંથી લોહી નીકળવું)
હૅમૅમૅલીસ ૩x, નકસ, સલ્ફ, કૅમોમીલા

Bleeding From Lungs—(ફેફસામાંથી લોહી જવું)
એકોનાઇટ, આરનીકા બ્રાયોનીયા, આઇપીકૅક, નકસે વોમીકા, ઍકેલી ફાઇનડીકા,

Bleeding From Nose (નાકમાંથી લોહી પડવું)
એકોનાઇટ, આરનીકા, ચાઇના પલમેટીલા, ફૉકસ સેટાઇવંસ.

Bleeding From Urinary Organs(પેશાબમાં લોહી પડવું)-
આરનીકા, કૅન થારીડીસ, ચાઇના, આઇપીકૅક, નકસ, પ્લેટીના, પલસેટીલા સૅબીના સીકૅલીકોર વીગેરે

Blepheritis (આંખના પોપચાનો સોજો)—
એકોનાઇટ, એપીસ, બેલાડોના મરકયુરી, યુફ્રેઝીઆ વીગેરે

Borborygmus-(પેટની અંદર ભરાઇ રહેલો ફરતો વાયુ).
લાઇકાપોડીઅમ, ૩૦, નકસવોમીકા, ૩૦ કારબો વેજીટૅલીસ, ૩૦ ચાઇના (આખાપેટમાં વાયુ થયો હોય તો.) ૬.

Breast Gathered or Swollen—(સ્તનનો સોજો)—
બ્રાયોનીઆ, બેલાડોના, ફાઇટોલેકા ૬x, ફૉસ અને સીલીશીઆ (જો પાકવા આવે તો)

Bleednig; Hemorrage-(રકત શ્રાવ)-
હીમોકયુરા નં. ૨ વારંવાર આપવું.

Boil—(ગુમડુ)
આરનીકા ૩, સીલીસીઆ, ૨૦૦; સલફર ૨૦૦

Brain Fag—(મગજની નબળાઇ)-
જો નીદ્રાની ખામી હોય તો મેગનેશીઆ ૩ અથવા કાલીફોસ ૬x; શરીરમાં નબળાઇ હોય તો ફૉસફોરા આપવું.

Breath Offensive—શ્વાસનું ગંધ મારવું—દસ્તની કબજીઆતને લીધે હોય તો—નકસવોમીકા ૬x આપવું.

યકૃતના વ્યાધીને લીધે હોય તો—પોડો ફાઇલમ ૩ દાંત સડેલા હોય તો મરકયુરી વાઇવ ૩૦ અને ઓરમ ૩૦ વારા ફરતી આપવું.

લોહીનો બીગાડો હોય તો સેનગ્વીના પ્લીકઝીર અને પેનેશીયા હોમીઓ-પૅથીક આપવું. તે ઉપરાંત—આરસનીક, કારબોવેજ, મરકયુરીકોર વીગેરે.

Bronchitis—શ્વાસની નલીનો સોજો—ખાંસી-ઍકોનાઇટ ૩ અને બ્રાયોનીઆ ૩ વારા ફરતી ખાંસી અને તાવ હોય ત્યાં સુધી આપવું; નાના બાળકોને થયેલી ખાંસીમાં બૅલાડોના ૬x આપવું.

જીર્ણ ખાંસીમાં—એમબ્રોઝીયા ટયુબરોઝા આપવું.

ખાંસીની સાથે ઉલટી થતી હોય તથા મોળા આવતી હોય તો આઇપીકેક આપવું.

નાના બાળકોને છાતીમાં કફ ભરાઇ રહેલો હોય પણ બહાર નીકળતો ન હોય તો એન્ટીમનીટાર્ટ ૬ અગર બાળકોને દાંત આવવાને લીધે ખાંસી હોય તો કૅમોમીલા ૬x આપવું. ૩૦

Carbuncle—પાઠું—

આરનીકા ૩x બૅલેડોના ૩, સીલીસીઆ ૩x થી ૨૦૦ આરસનીક ૩x થી ૧૦૦૦

જ્યારે ફુટયું ન હોય ત્યારે બહારથી સીલીસીઆ અથવા આરનીકાના પોતા લગાડવા, જ્યારે ફુટયુ હોય ત્યારે બોરો કલેન્ડલાનુ લોશન લગાડવું જો મીઠીપેશાબનુ દરદ હોય તો સીઝીજીઅમ (જાંબુલ) નુ ટીંકર અંદર આપવું તથા બહારથી પણ લગાડવુ, દરદીને શકતી આપવા માટે બાયોટો-ના વાપરવું.

Cataract (આંખનો મોતીઓ)

નરમ મોતીઓ હેય તો કાલી મર ૩૦x; મોતીઓ સખત હોય તો કૅલ-કેરા ફ્લુરાઇડ ૩x, ફોસ ૩૦, સીલીશીઆ ૨૦૦; આખની અંદર યુફ્રેઝીઆ અથવા સાઇનેરીઆ મરીટીમાના ટીપા નાંખવા.

Chicken Pox (અછબડા)

ચીકીત્સા—એકો નાઇટ ૩ અને બેલાડોના ૩ વારાફરતી અથવા ફેરમ ફોસ ૬x અને કાલી મર ૬x વારફરતી દર બે કલાકે આપવુ.

Chill (ઠંડી લાગવી) ઍકોનાઇટ, કેમફર

Chlorosis (નબળાઇ, પાંડુ રોગ)

હેલન ૩ થી ૫ ટીપા દીવસમાં ૩ વખત; સૅનગ્વીનેરીઆ પ્લીકઝીર જમ્યા પછી

Cholera—(કૉલેરા) વીશુચીકા.

ચીકીત્સા—શરૂઆતમાં ઝાડા અતીશય હોય અને નબળાઇ લાગતી હોય તો રૂબીની કપુરનેના અર્કના ૩ થી ૫ ટીપા સાકરની સાથે દર અર્ધા કલાકે જયાં સુધી શરીરમાં ગરમી પાછી આવે ત્યાં સુધી આપવા જો ઉલટી અને ઝાડા બન્ને બહુજ સખત હોય તો વીરાટ્રમ આલ્બમ ૧૨x અથવા ૩૦x આપવું.

જો પગે ગોટલા ઘાલતા હોય તો કુપ્રમ એૅર્સ્રટીકમ ૩x અથવા કુપ્રમ મૅટ ૩૦ આપવું

છેવટે ઘણીજ અશકતી માલુમ પડતી હોય તો આરસનીક ૩૦ દર ૦ા કલાકે આપવું. પેટની અંદર સખ્ત દુખાવો હોય, અને શરીર ઠંડુ પડતું જતું હોય તો એૅકોનાઇટ ૧x આપવું.

ઉલટીજ ઘણી સખત હોય તો અ ઇપીકેક ૩x આપવુ.

પેશાબ બંધ થઇ ગયો હોય તો–બેલા ડોના ૩.

કૃમીને લીધે ઝાડા તથા ઉલટી થતા હોય તો નેટ્રમ ફૅાસ ૬x અથવા ચાઇના ૩x આપવાની જરૂર પડે છે. તે ઉપરાંત ઝાડા સફેત ચોખાના ધોણ જેવા હોય અને ઉપરની દવાથી ફાયદો ન હોય તો કાલીફૅાસ ૬x અને મેગનસફૅાસ ૬x વારા ફરતી (ગરમ પાણીમાં) દર પા કલાકે આપવું.

દરદ મટી ગયા પછી શકતી વર્ધક તરીકે ફૅાસ ફોરા આપવું.

Cholera Infantum—

(બાળકોને શીયાળા તથા ઉનાળામાં થતા ઝાડા ઉલટી)

એૅકોનાઇટ ૩, લીલા પીળા રંગના ઝાડાને માટે પોડોફાઇલમ ૩. દરદ મટી ગયા પછી શકતીવર્ધક તરીકે અને દરદને અટકાવ કરવા માટે બાયો- ટોના જમ્યા પછી આપવું.

Cold in head (શરદી થવી; સળેખમ)-

શરૂઆતમા એૅકો નાઇટ ૬x દર કલાકે, જયારે નાકમાંથી શ્લેષ્મ નીક- ળવા માંડે ત્યારે મરકયુરી સોલ ૬ આપવું; જયારે નાકમાથી નીકળતો શ્લેષ્મ બહુજ પાતળો તથા નાકમાં બળતરા થતી હોય તો આરસેનીક ૩ અથવા નેટ્રમમ્યુર ૬ આપવું. બહુજ છીંકા આવતી હોય અને નાકમાંથી પાણી બહુજ નીકળતું હોય તો યુફ્રેઝીઆ ૧ x દર કલાકે આપવું.

Colic (પેટમાં આવતી ચુંક, વાઢ)—

બૅલાડોના ૬x અને કૅમોમીલા ૬x મુખ્ય દવાઓ છે. અને તે દર ૦। કલાકે આપવી.

Colic Bilious (અત્યંત પીતને લીધે આવતી ચુંક)

નકસ વૉમીકા, કોલોસાંન્થ બ્રાયોનીઆ, મરકયુરી, પલસેટીલા વીગેરે દવામાંથી ચીન્હ પ્રમાણે કોઇ પણ દવા આપવી.

Colic flatulent (પેટમાં પવન ભરાવાને લીધે આવતી ચુંક અથવા ગોળો ચડવો)

કારબો વેજીટેલીસ, નકસ વૉમીકા, લાયકોપોડીયમ (નીચેના આંતરડામાંજ વાયુ હોય તો) અને સલફર

Colic Hepatic—(યકૃતના દરદને લીધે આવતી ચુંક)

મરકયુરી, નકસ વોમકા, લાયકો પોડીયમ, બ્રાયોનીઆ, બરબરીસ વલગારીસ વીગરે દવાઓમાથી ચીન્હો હોય તે અનુસાર દવા આપવી.

Colic of infants—(બાળકોને આવતી ચુંક)

કૅમોમીલા, બેંલાડોના ૬x ઇપીકૅક

Nephritic or renal Colic (મુત્રાશયમાં પથરીને લીધે પેટમાં આવતી ચુક કે જેની સાથે પેશાબ બંધથઇ જાય છે; અને જરા જરા આવે છે.)

કૅનથારીડીસ, મરકયુરી, બરબરીસ ૩x, લાઇકો પોડીયમ,

Colic due to worms-(કૃમીને લીધે પેટમાં આવતી ચુંક)-

સાઇના, સલફ, નેટ્રમફૉસ.

Coma (મુર્છા અથવા બેશુદ્ધી પણું)

ઓપીયમ. આરનીકા (પછાડ અગર મારને લીધે થયુ હોય તો બૅલાડોના ૬ (દર ૦। કલાકે આપવું)

Constipation—(દસ્તની કબજીઆત)

ઓપીયમ ૩૦ અથવા નકસ વોમીકા ૬ એલ્યુમીના ૩૦ (નાના બાળકોને સુકા બકરીના ગોળ લીડા જેવો ઝાડો આવતા હોય તો નેટ્રમમ્યુર ૩૦, અથવા ૬૦૦—

ઝાડા જતી વખતે ગુદ ના છેડે બહુજ બળતરા થતી હોય, અને છોલાઇને લોહી નીકળતું હોય લાઇકો પોડીયમ ૩૦ અથવા ૧૦૦—ઝાડો મુદ્દલ આવતો ન હોય અને પેટમાં વાયુનો ભરાવો થતો હોય તો આ દવા દીવસમાં ૧ કે બે વખત આપવી.

દસ્તની જુની કબજીઆત—સલફર ૧૦૦ અથવા ૨૦૦ સવારમાં; નકસ વોમીકા ૩૦ રાત્રે સુતી વખતે.

ઝાડાની એકદમ સખ્ત કબજીઆત હોય અને જુલાબની દવા લેવાની જરૂર હોય તો "હાઇડ્રાસટીસ"ની દવાના ૩ થી ૪ ટીપા ૧ આઉંસ પાણીમાં સવારમાં લેવા.

ઝાડાની કબજીઆત સાથે પાંડુ રોગ હોય તો " સંનગ્વીનાઇલીકઝીર " આપવું. શરીરમાં અશકતી હોય તો ખાધા પછી ફોસફોરા આપવુ. ઝાડાની કબજીઆતનુ બીજું ખાસ કારણ હોય તો " બાયો સૅલાઇન ઇલીકઝીર " આપવું.

Convulsions (આંચકી તાણ)

આંચકીની સાથે તાવ પણ હોય છે; આને માટે મુખ્ય દવા બૅલાડોના છે; બૅલાંડોના ૩૦ જયારે બાળકને દાંત આવતા હોય અગર ઝાડા થતા હોય અગર બીજા કોઇ માનસીક વીકારો જેવા કે ગુસ્સો વીગેરે થતો હોય તેને લીધે આંચકી આવતી હોય તો કૅમોમીલા ૬x આપવુ ઉટાટીઆને લીધે હોય તો કુપ્રમ મૅટ ૩૦ આપવું

સાઇના ૬x—કૃમીને લીધે આંચકી કે તાણ આવતી હોય તો આપવું

નકસ વોમીકા ૩૦—અજીર્ણ અથવા ઝાડાની કબજીઆતને લીધે આંચકી કે તાણ આવતી હોય તો આપવુ.

દવા દર ૦। અગર ૦॥ કલાકે આપવી.

Corns (આટણ)

અંદર અને બહાર આરનીકા આપવું.

Cough (ખાંસી)

શરદીને લીધે ખાંસી હોય તો એકોનાઇટ ૩ અને બેલાડોના ૩ વારા ફરતી આપવુ.

ખાંસી પાકી હોય અને કફ પડતો હોય તો હેપારસલ્ફ ૬ જુની ખાસી-માં સલફર ૧૦૦ અથવા ૨૦૦, ક્ષયની ખાંસી હોય તો એમ પ્રોઝીયાટયુબ-રોઝા આપવું.

Consumption—ક્ષય.

ઍમ પ્રોઝીઆના ૩૦ ટીપા ૧ આઉંસ પાણીમાં દીવસમાં ૩ વખત અથવા એમ પ્રોઝીઆના પાંદડાંની ચા બનાવી દુધ સાથે આપવી રાત્રે રહેતા જીર્ણ તાવને માટે–ઍપટીઝીઆ ૨x આપવું, સીલીશીઆ ૨૦૦x–રાત્રે ધામ થતો હોય તો એકાંતરે આ દવાનો એક ડોઝ આપવો.

જમ્યા પછી ફોસફોરા લેવું;

ક્ષયની અંદર દર્દીની તબીયત ઘણીજ નબળી પડી ગઇ હોય, તેને ખાંસી ઘણીજ સખત હોય, અને કફ બહુજ પડતો હોય, હૃદય બહુજ નબળું પડી ગયુ હોય, રાત્રે ધામ બહુજ આવતો હોય, અને તાવપણ હંમેશા આવતો હોય, તથા તેને ઝાડા થતા હોય તો **આર્સનીક આયોડાઇડ** ૬x આપવું.

બેસીલીનમ ૨૦૦ અથવા સી. એમ. દર પખવાડીએ ૧ વખત આપવું.

શરીરની દુર્બળતા માટે બાયોટોના જમ્યા પછી આપવું.

ટયુબરકયુલીનમ સી. એમ પણ કોઇ કોઇ વાર આપવામાં આવે છે.

Cramps—(આંકડી આવવી, ચુંક આવવી)

ગોટલાધાલવા; તાણ,) આરનીકા ૩x—જ્યારે પગને અત્યંત પરી-શ્રમ થયો હોય ત્યારે અંદર આપવું અને બહારથી આરનીકા સ્પીરીટ લગાડવા આપવું.

લખવાથી અથવા, કૉમપોંઝીટરને બીબા ગોઠવવાને લીધે અને ટેલીગ્રાફી-સ્ટને ટેલીગ્રાફ મશીન ઉપર કામ કરવાથી થતા દુખાવાને માટે નર્વેટિના આપવું; અને બહારથી આરનીકા લગાડવું.

છાતીના દુખાવાને માટે—નકસ, કુપ્રમ, બ્રાયોનીઆ ૬x

પેટમાં થતા દુખાવા માટે—નકસ વોમીકા, સેપીઆ, ફોસ, કારબોવેજી-ટેલીસ, વીરાટ્રમ વીગેરે.

Croup (નાના બાળકોને થતી ઉધરસ, તાવ તથા ભરાઇ જવું)–

શરૂઆતમાં એકોનાઇટ ૩x અને સ્પોનજીઆ ૩ વારા ફરતી દર ૦। કલાકે આપવું; પછી સારૂ થવા માંડે તો દર કલાકે અગર બે કલાકે આપવા.

ખાંસીને કમી કરવા માટે **એમબ્રોઝીઆના** ૫ ટીપા સાકર સાથે દીવસમાં ત્રણ ચાર વખત આપવા.

છેવટે શકતીને માટે બાયોટોના આપવું.

Deafness--(બહેરાપણુ)

શરદીને લીધે જો બહેરા પણું માલુંમ પડતું હોય તો એકોનાઇટ ૩ અને પલસેટીલા ૩ અથવા ફૅરમ ફોસ ૬x અને કાલીમુર ૬x વારાફરતી દર ૩ અથવા ૪ કલાકે આપવું. અતીશય કવીનાઇન ખાવાને લીધે બહેરાપણું થયુ હોય તો આરસનીક ૧૦૦ અથવા નેટ્રમુર ૩૦ આપવું; દરદ લાંબા વખતનુ જુનું હોય તો ઓરમ ૨૦૦ આપવું.

તે ઉપરાત કાનની અંદર મુલીન ઓઇલના ટીપા દીવસમાં ૩ વખત નાખવાં

Debility અશકતી--નબળાઇ

આરસનીક, ચાઇના, ફેરમ ફોસ, એસીડ ફોસ, નકસવોમીકા, કૅલકેરી આ વીગરેમાંથી ચીન્હો પ્રમાણે કોઇ પણ દવા આપવી.

તે ઉપરાંત મોટા વ્યાધીઓ થઇ ગયા પછી રહેતી નબળાઇ માટે ફોસફોરા જમ્યા પછી ૫ થી ૧૦ ટીપા; શરીરમાં લોહીની ખામી હોય તો સેનગ્વીરીઆઇલીકઝીર જ્ઞાનતંતુઓની નબળાઇ હોય તો નર્વો ટોના આપવુ.

શરીરનો બાધો ઘણોજ નબળો હોય તો બાયોટોના લેવું.

Dentition Difficult or Morbid

ન્હાના બાળકને દાંત આવતી વખતે થતા વ્યાધીઓ અથવા દાંત મુશકેલીથી આવે તે)

કૅલકેરા ફોસ ૬x દીવસમાં ૩ થી ૪ વખત આપવું, જો બાળક ઘણુંજ નબળું હોય તો બાયો ટોના આપવું;

Depression of Spirits-(સુસ્તી નીરૂત્સાહી પણું ચીંતાગ્રસ્ત

હોમીઓ બ્રેઇનટોનીક સવારમાં; અને જમ્યા પછી ફૉસફોરા.

Diabetes Insipidus or Mellitus—

(અતીમુત્રતા અને મીઠી પેશાબ)

અતી મુત્રતા માટે હોમીઓ ડાયાબેટીસ નં. ૨ દીવસમાં ૩ વખત આપવું જમ્યા પછી ફોસ ફોરા આપવુ.

મીઠી પેશાબના વ્યાધી માટે—હોમીઓ ડાયા બેટ્સ ક્યુર નં. ૧ અને નં. ૨ બને વારા ફરતી દર બે કલાકે તાજા દરદોમાં આપવું; વ્યાધી જુનો હોય તો દર ૪ કલાકે આપવું; જમ્યા પછી ફોસફોરા આપવું.

અતીશય હઠીલા વ્યાધીમાં સીઝી જીયમ જેમબુલ આપવું.

Diarrhoea—(અતીસાર)

ચાઇના ૩—જયારે ઝાડા પાણી જેવા હોય અને તે સાથે નબળાઇ બહુજ લાગતી હોય પણ ઝાડે જતી વખતે કોઇ પણ દર્દ ન થતુ હોય તો ઉપરની દવા આપવી.

આરસનીક ૬—જયારે દસ્ત પાણી જેવા થતા હોય; તે સાથે અતીશય તૃષા લાગતી હોય, અને નબળાઇ ઘણીજ આવી ગઇ હોય; અને પેટ પણ દુખતુ હોય તો ઉપરની દવા આપવી.

પૅાડોફાઇલમ—સવારમાં ઉઠતાની સાથેજ પીળા ઝાડા થતા હોય તો, અને આમળ બહાર નીકળતી હોય તો, કૅમોમીલા ૬ બાળકોને દાંત આવતી વખતે લીલા ઝાડા થતા હોય ને પેટમાં બહુજ દુખતું હોય તો, તે ઉપરાંત લીલા ઝાડામાં નેટ્રમફોસ ૬x પણ વપરાય છે.

ડલકેમારા—૩ વર્ષા રૂતુમાં શરદી લાગવાથી ઝાડા થતા હોય તો આં દવા આપવી;

પલસેટીલા ૩–ઘી તથા ખાંડવાળો ભારી ખોરાક ખાધા પછી અજીર્ણને લીધે થતા ઝાડામા આ દવાથી સારો ફાયદો થાય છે.

નકસ વોમીકા ૬—પેટમાં દુખાવો થઇ ઘડી ઘડી જરા જરા ઝાડો આવતો હોય તો આ દવા આપવી.

તે ઉપરાંત ફોસ ૬, એસીડ ફોસ ૩x સલફર ૩૦ વીગેરે દવાઓ પણ ઝાડા માટે વપરાય છે.

Dysentery—મરડો.

દરેક ઝાડા પછી એન્ટી ડીસેનટેરીકા આપવું.

શરૂઆતમાં એકો નાઇટ ૬x અને નકસ વોમીકા ૬ આપવું.

પાછળથી ઝાડામાં જળાસ અથવા લોહીના ટીપા પડે તો મરકયુરી કોર ૬ દર કલાકે આપવું,

પેટમાં બહુજ ચુંક આવતી હોય અને ઝાડો જરા આવતો હોય તો કોલોસીન્થ અથવા મૅગનસ ફૅાસ ૬ આપવું;

આરસનીક ૬ અથવા ૩૦—જ્યારે મરડો જુનો હોય અને શરીરમાં નબળાઇ આવી ગઇ હોય, અને ગુદામાં દુખતુ હોય તો ઉપરની દવા આપવી. જુના મરડામાં કૅલકેરા સલ્ફ ૬ પણ બહુજ સારો ફાયદો કરે છે.

Dysmenorrhœa—પીડીતાર્તવ સ્ત્રીઓને દુખીને માસીક આવવું)

મૅગનસ ફૅાસ ૬x (વાંકા વળવાથી અગર દબાવવાથી દરદ ઓછું થતું હોય તો, તે ઉપરાંત બૅલાડોના બોરાકસ, સીમીસીફયુગા, પલસેટીલા, વાઇબરનમ ઑપ્યુલસ વીગરે દવાઓ પણ વાપરવામા આવે છે.

Dyspepsia--(અજીર્ણ, અપચો)

નકસ વોમીકા ૬—અજીર્ણ ઘણુ જ જીર્ણ હોય અને તેની સાથે હોજરીમાં દુખાવો હોય ઝાડાની કબજીઆત તથા પેટમા વાયુ હોય અને અર્શની બીમારી પણ હોય તો આ દવાથી સારો ફાયદો થાય છે.

પલસેટીલા ૬—આ દવા સ્ત્રીઓને માટે સારી છે; જ્યારે કોઇ પણ ચરબીવાળા ભારી ખોરાક લેવાથી દસ્ત થતા હોય તો આ દવા કામની છે.

કૅમોમીલા ૩x—પીતનો પ્રકોપ અતીશય હોય અને તે સાથે પેટમાં દુખાવો હોય તો.

આ ઉપરાંત, ચાઇના ૬x, કારબોવેજ, લાયકોપોડીયમ ૩૦, કેલકેરાફૅાસ ૬x વીગેરે દવાઓ પણ વપરાય છે.

Dysuria--પેશાબ થતી વખતે થતો દુખાવો અને પેશાબ મુશકેલીથી આવતો હોય તો)

બેલાડોના, પલસેટીલા, કેનથારીડીસ, નકસ વોમીકા, ફૅાસ વીગેરે માંથી કોઇપણ દવા દરદીના ચીન્હ પ્રમાણે આપવી.

Earache—(કાનનો દુખાવો.)

શરદીને લીધે દુખાવો હોય તો એકોનાઇટ ૩x આપવું, અંદર જ્ઞાનતંતુના દુખાવાને લીધે હોય તો બેલાડોના ૩ આપવું;

કૅમોમીલા ૩—જ્યારે કાનમાં દુખાવો ઘણોજ સખ્ત હોય તો દર ૦।। કલાકે આપવું કાનની અંદર મુલીન ઓઇલનાઉ થી ૪ ટીપા નાંખવા.

Ear Discharge.—(ottorrhœa)
(કાનમાંથી પરૂ વહેવું.)

શરૂઆતમાં કૅલકેરીઆકાર્બ ૬ અને પલસેટીલા ૬x વારા ફરતી આપવું; દરદ જુનું હોય તો હૅપાર સલ્ફ ૬, મરક્યુરી સોલ ૬ અને સલફર ૬ આપવું; તે ઉપરાંત કાનની અંદર "હાઇડ્રોકોમપાઉંડ"ના ટીપા દીવસમાં ૩ થી ૪ વખત નાંખવા.

Eczema (ખરજવું)

"પૅનેશીઆ હોમીઓપૅથીકા" વાપરવું; અને બહારથી ઍન્ટીઝૅમનો અથવા પાઇનસનો મલમ લગાડવો.

તેઉપરાંત--ગ્રેફાઇટીસ, મરક્યુરી, રસટોક્સ, સલ્ફર, લાઇકોપોડીયમ, આરસનીક સૅપીઆ વીગેરે દવાઓ વપરાય છે.

Elephantiasis--(શ્લીપદ, હાથીપગ)

Hydrocotyle (હાઇડ્રોકોટાઇલ. ૨૦૦ અને એના કારડીયમ ૩૦, ઓરમ ૧૦૦, આરસનીક (સી. એમ.) અને સેનગ્વીનેરીઆઇલીકઝીર વીગેરે દવાઓ દરદના ચીન્હો પ્રમાણે વપરાય છે વળી રકતની શુદ્ધી માટે Panacea Homeopatheca (પેનેસીઆ હોમીઓપેથીકા)

Emissions (ધાતુપાત, વીર્યસ્ખલન)

આ દરદને માટે Salix Nigra (સૅલીક્સ નાઇગ્રા) ૧૫ થી ૨૦ ટીપા દીવસમાં બે વખત લેવું અને નબળાઇને માટે બાયોટોના અથવા ફૅાસફૅરા જમ્યા પછી લેવું.

તે ઉપરાંત એસીડફૅાસ, ચાઇના ૩x, નક્સ વોમીકા ૬ વીગેરે દવાઓ પણ આ વ્યાધીને માટે વપરાય છે.

Enuresis--(રાતમાં પેશાબ થઇ જવાનો રોગ)

આ દરદ ઘણું કરીને બાળકોમા હોય છે; બાળકો રાત્રે ઉંઘમાં બીછાનામાં પેશાબ કરી દે છે.

સાધારણ વ્યાધીમાં બૅલાડોના ૩ આપવું.

દરદ બહુજ હઠીલું હોય તો મુલીન ઓઇલ આપવું.

જો કૃમીને લીધે રાત્રે પેશાબ થઇ જતો હોય તો સીના ૩, અથવા નેટ્રમફૅાસ ૬x દીવસમાં ૩ થી ૪ વખત આપવું.

પેશાબની કોથળી અથવા ફૂકાની નબળાઇ હોય તો નરવોટોના અને મેનગ્વીનેરીઆ ઇલીકઝીર વાપરવું.

Epilepsy (ફેફરૂં વાઇ)

આ વ્યાધી બાળકો તથા મોટા માણસોને થઇ આવે છે; અને શરૂઆતમાંજ તેનો ઉપાય થતો નથી તો લાંબો વખત સુધી ચાલે છે;

ચીકીત્સા—પેસીફ્લોરાનો અર્ક, બેલાંડોના ૩, કાલીબ્રોમ ૩૦, ઓનન્થ ક્રોકેટા ૩x. દર્દ બહુજ હઠીલું હોય તો નરવોટોના. અતીશય જુના દરદમાં કૅલેકેરીઆકાર્બ ૨૦૦ અથવા સી. એમ; પ્લમબમ ૨૦; સલફર ૨૦૦ અથવા સી. એમ. નરવોટોના અને પેસી ફ્લોરા અટકાયનની દવા તરીકે વપરાય છે.

Erysipelas--(રતવા)

આ વ્યાધીમાં ચામડી લાલ થઇ જાય છે; અને સોજો આવે છે; અને સોજો ચારેકોર ફેલાતો જાય છે, દર્દીને માથુ દુખે છે, તૃષા બહુજ લાગે છે અને તાવ આવે છે.

ચીકીત્સા—બૅલાડોના ૩ જ્યારે રતાસ હોય અને તરશ પણ લાગતી હોય તો, એપીસ ૩ રતાશ અને તૃષા મુદલ ન હોય, આંખમાંથી આસુ આવતા હોય તો નૅટ્રમમ્યુર. જખ્મ પછી સંનગ્વીનેરીઆ ઇલીકઝીર અથવા ઇચીનેશીઆનો અર્ક અંદરથી તેમજ બહારથી લગાડવાને આપવો.

Exhaustion, Fatigue (થકાવટ; થાક લાગવો)

કાલીફ્રાસ, આર્સનીક, કૅલકેરીઆ, નકસ, જો ઘડીઘડી લાગતો હોય તો ફૅાસફૅારા આપવું.

Eye Diseases (આંખના વ્યાધીઓ)

જ્યારે આંખ આવી હોય ત્યારે એકો નાઇટ ૩ તથા બૅલાડોના ૩ વારાફરતી દર બે બે કલાકે આપવુ. જ્યારે આંખની અંદર સોજો થયો હોય, આંખ લાલ હોય, તેની અંદર સખ્ત ખટકો લાગતો હોય, અને બળતી હોય તો એકલું બૅલાડોનાથીજ સારો ફાયદો થાય છે.

જ્યારે કાંઇ પણ લાગવાથી આંખ લાલ થઇ ગઇ હોય તો આરનીકા ૩x અંદર આપવું.

મરકયુરી ૬ જ્યારે આંખની અંદર ઘણુંજ દર્દ હોય તેમજ તેમાંથી સફેત ચીકણો પદાર્થ નીકળતો હોય અને અંદર ચાંદા પડયા હોય તો આ દવા આપવી.

પલસેટીલા ૩—જ્યારે શરદીને લીધે આંખ આવી હોય, અને આંખની પાંપણો સુજીગઇ હોય, તેમાંથી પીળા પદાર્થ નીકળતો હોય ત્યારે તથા આંખની ઉપર આંઝણી થઇ આવતી હોય ત્યારે આ દવા ઉપયોગમાં આવે છે.

યુફ્રેઝીઆ ૩—જ્યારે આંખમાંથી પાણી નીકળતા હોય ને સોજો હોય તો. આ દવા આપવી.

Fever તાવ.

શરદીનો તાવ—આ તાવમાં દરદીને શરદી થાય છે અને નાકમાંથી પાણી નીકળે છે, ત્યારે એકોનાઇટ ૩ અને નેટ્રમયુર ૩૦ વારાફરતી આપવું.

જ્યારે નાકમાંથી જાડો શ્લેષ્મ નીકળે છે ત્યારે ફૅરમ ફૉસ ૧૨x અને કાલીમુર ૬x વારાફરતી આપવું.

શરીરના કોઇ ભાગમાં સોજાને લીધે તાવ હોય તો ફૅરમ ફૉસ ૧૨x અને કાલીમુર ૧૨x આપવું.

મુદતનો તાવ સંતત તાવ—ઍપટીઝીઆ ૨x અથવા ૩x દર બે કલાકે આંપવું (આ દવા દરદીને તાવ સાથે ઝાડા ઉલટી હોય તોજ વાપરવી.

પીતનો તાવ એકાંતરીઓ અથવા તરીઓ—એકોનાઇટ ૩ અને બ્રાયોનીઆ ૩ વારાફરતી દર બે કલાકે. નેટ્રમ સલ્ફ ૩x, ફૅરમ ફૉસ ૬x સીડ્રોન, નેટ્રમ યુર ૩૦ અથવા ૨૦૦ (જ્યારે એકાંતરીઓ તાવ ઠંડીવાઇને બપોરે ૧૧ થી ૧૨ વાગે શરૂ થતો હોય અને કવીનાઇનનો બહુ ઉપયોગ થયો હોય તો) આઇપીકાક ૩ (જ્યારે પીતના તાવમાં ઉલટી તથા ઝાડા બહુજ થતા હોય તો) ચાઇના ૩ (બપોરે બે વાગે ટાઢ વાઇને આવતો તાવ) આરસનીક ૬ તાવ ફક્ત ઉનોજ હોય અને ઠંડા પાણીની તૃષા બહુજ લાગતી હોય તો અને કવીનાઇનનો અતીશય ઉપયોગ કર્યો હોય ત્યારે.

એકદમ હઠીલા તાવ માટે—એન્ટીફેબ્રાઇન, ઇચીનેશીઆ, એન્ટીમેલેરીઆ.

બાળકોને આવતો મુદતનો તાવ (રીમીટંટ ફીવર) જેલસેમીયમ ૩ અને નેટ્રમસલ્ફ ૬x.

Typhoid Fever (ટાઇફોઇડતાવ)

—સન્નીપાતજ્વર—

ટાઇફૉઇડીન સી. એમ. અથવા ૨૦૦ નો દરરોજ ૧ ડોઝ.

બેપટીઝીયા ૩x—તાવની સાથે ઝાડા તથા ઉલટી હોય તો આ દવા બહુજ ફાયદો કરે છે.

પાયરોજીનીમ (૨૦૦) અથવા સી. એમ—(   )

તાવની અંદર ઝાડા બહુજ ગંધ મારતા હોય. (કાલીફોસ)

બ્રાયોનીઆ ૬-તાવની સાથે ખાંસી હોય, તથા યકૃતનો બીગાડો હોય તો વાપરવું.

રસ્ટોકસ—જ્યારે સન્નીપાત હોય, અને તાવનું જોર રાત્રે વીશેષ હોય

કાલીમુર ૬x—જીભ ઉપર સફેત છારી હોય અને ઝાડાની કબજીઆત હોય.

Typhus Fever (ટાઇફસ તાવ)

આરસનીક ૬ અને રસટૉકસ ૩

" હોમીઓ હરબલ ફીવર ડ્રોપસ " બધી જાતના તાવમાં શરૂઆતમાં ઉપરની દવા સાથે અગર એકલું આપવાથી ઘણોજ સારો ફાયદો માલુંમ પડે છે. વળી ફૉસફોરા તે તાવ ઉતરી ગયા પછી શકતી આવવા માટે સારી દવા છે. તે ઉપરાંત તાવ, ઇનફ્લુએનઝા મૅલેરીઆ, પ્લેગ અને ટાઇફોઇડ વીગેરે તાવની સામે અટકાયત તરીકે વાપરવાની ઔષધીની ગરજ સારે છે.

Fistula—(ભગંદર નારૂં)

ગુદાની પાસે થતુ ભગંદર—સીલીસીઆ ૨૦૦

કૅલકેરીઆ સલ્ફ ૬x હેપારસલ્ફ ૬ બેસીલીનમ સી. એમ. તથા લૅચીસીસ ૨૦૦ તે ઉપરાંત લોહી સ્વચ્છ કરવાને માટે સેનગ્વીનેરીઆઇલીકઝીર આપવું; તેમજ ભગંદરની અંદર નવુ માંસ આવે તેને માટે બાયોટાના આપવું; તેમજ ફરીવાર થાય નહિ તે માટે જમ્યા પછી ફોસ ફેરા આપવુ; ભગંદરને બહાર લગાડવા માટે "બોરો કૅલેનડયુંલા" નુ અથવા હાઇડ્રાસટીસ ટીંકચરનું લોશન (પ્રવાહી) બનાવીને વાપરવું;

ગ્રંથીમાં થતા નારા માટે—ફૅાસ, મરકયુરી; સીલીસીઆ વાપરવું.

મુત્રાશયમાં થતા નારા માટે—કેલકેરીઆકાર્બ

Flatulence—(પેટમાં વાયુનું ભરાઈ રહેવું; ગુલ્મવાયુ)

નકસવોમીકા ૩ (અજીર્ણને લીધે હોય તો વાપરવું.)

પલસેટીલા ૩—(ચરબીવાળો ભારી ખોરાક ખાવાને લીધે થાય તો આપવું)

તે ઉપરાંત ચાઇના ૩, કારબો વેજીટેબલીસ ૬, લાઇકો પોડીયમ ૩૦ વીગેરે દવાઓ પણ દરદીના ચીન્હ પ્રમાણે વપરાય છે.

વળી તે ઉપરાત બાયો સેલાઇન ઇલીકઝીર દીવસમાં ૩થી ૪ વખત આપવું.

Gingivitis—(અવાળુનો સોજો)

બૅલાડોના, મરકયુરી, નાઇટ્રીક ઍસીડ

Gleet—(જુનો પ્રમેહ)

ગોનોકયુરા, થુજા ૩૦ અથવા ૨૦૦ નેટ્રમયુર ૩૦ અથવા ૨૦૦; તે ઉપરાંત કૅલકેરા ફ્રેસ ૩૦x અથવા ૬૦x ની જરૂર પડે છે. રકત સુધારવાને માટે Panacea Homopathica (પૅનેશીઆ હોમીઓ પેથીકા વાપરવું.

Glands inflammation ગ્રથીનો સોજો પીંડનો સોજો—

બૅલાડોના મરકયુરી, ડલકેમારા, હૅપાર, સીલીશીઆ.

Glands Swollen (ગ્રેથીનું વધવુ)

મરકયુરી, બૅલાડોના કેલકેરીઆ આયોડાઈડ ૬x કાલીમુર ૬x કેલકેરીઆ ફ્લુરાઇડ ૧૨x

Gonorrhœa (પ્રમેહ)

ગોનોકયુરા અંદર આપવુ. તે ઉપરાંત શરૂઆતમાં Aconite ૩x (ઍકોનાઇટ ૩x) સોજાને માટે વાપરવુ.

કેનથારીડીસ ૬ અથવા ૩૦. (જયારે પેશાબમાં બહુજ બળતરા તથા અગન થતી હોય અને પેશાબ જરા જરા ઉતરતો હોય તો. કનાબીસ-સેટાઇવા ૬x અથવા ૩૦—જયારે પેશાબમાં સફેત રસી જતું હોય; અને બળતરા થતી હોય ત્યારે તે ઉપરાંત મરકયુરી સોલ ૬ અથવા મરકયુરી કોર ૬x અને પલસેટીલા ૬x વાગેરે દવાઓ વપરાય છે;

પ્રમેહવાળા દર્દીએ બહુજ સ્વચ્છતા રાખવી, પોતાના કપડા સ્વચ્છ રાખવાં; પ્રમેહની રસીનો ચેપ આખમાં ઉડવાથી ભયંકર તરેહનો આંખનો વ્યાધી થઇ જાય છે; માટે ઘણીજ સંભાળ રાખવી.

Gout—(ગાઉટ)

બાયોસેલાઇન ઇલીકઝીર, બૅલાડોના ૩, કૅાલચીકમ, નેટ્રમસલ્ફ ૧૨x નેટ્રમફાસ ૬, વીગેરે દવા અંદર વાપરવી;

બહારથી લગાડવાને લીડમ અથવા રસટોકસ ટીંકચરનું પ્રવાહી કરીને દુખતા ભાગ ઉપર લગાડવું.

ખાધા પછી હમેશા ફૅાસ ફોરા લેવાથી ગાઉટનું દર્દ થતું અટકે છે.

Granular Eyelids—(આંખની અંદર થતા ખીલ)

હોમીઓ હરબલ ગ્રેનીન અંદર આપવું, અને બહારથી "ગ્રેના"ના આંખમાં નાખવાના ટીપા દીવસમાં ૩ વખત નાંખવા.

Gravl—(પેશાબમાં જતી પથરી, રેત વીગેરે)

બાયો સૅલાઇન ફલીકઝીર અથવા કેલકેરા ફોસ ૧૨x અથવા ૩૦x દીવસમાં ૩ થી ૪ વખત; ફૅાસફોરા અમુક વખત વાપરવાથી પથરીને થતી અટકાવે છે.

Hair Fall off or get prematurely grey.

(માથાના વાળનું ખરી પડવું અથવા જલદીથી પળી આવવા)

હોમીઓ બ્રેઇન ટોનીક અંદર આપવું;

ઇલેકટ્રો હરબલ હેર ટોનીક બહારથી વાળને લગાડવું.

Headache. (માથાનો દુખાવો, શીરોવ્યાધી)

૧ શરદીને લીધે માથું દુખતુ હોય તો—એકોનાઇટ ૬

૨ કપાળમાં અને લમણામાં દુખતુ હોય અને માથું ગરમ હોય તો બૅલાડોના ૬

૩ અજીર્ણ અને દસ્તની કબજીઆત હોય તો નકસવોમીકા ૬x વાપરવું

૪ ચરબી વાળા ભારી ખોરાક ખાવાથી થયુ હોય તો પલસેટીલા ૬

૫ અડધુમાથું દુખતું હોય અને સાથે સવારમાંથી મોળ આવતી હોય અને ઝાડાની કબજીઆત હોય તો નેટ્રમ મુર ૧૨x અથવા ૩૦x વાપરવું.

૬ જ્ઞાન તંતુઓની નબળાઇથી માથું દુખતું હોય તો " નરવો ટોના "

Heart affections (હ્રદયના વ્યાધીઓ)

છાતીમાં હ્રદયના ફડફડાટ માટે—નકસવોમીકા ૬ ઑરમ ૩૦

હ્રદયશુળ તથા છાતીમાં થતો મુઝારો અને શ્વાસ લેતા થતી મુશકેલી માટે બેલાડોના કૅકટસ ગ્રેનડી ફ્લોરસ ૬x આપવું.

ઠંડી અથવા શરદીને લીધે છાતીમાં દુખતું હોય અને દર્દી શરીરે મજબુત હોય તે ઉપરાંત છાતીમાં દર્દની સાથે હૃદયનો ફડફડાટ બહુજ થતો હોય તો એકોનાઇટ ૬x આપવું

Hectic Fever (ક્ષયના દર્દની અંદર આવતો જીર્ણતાવ)

બૅપટીસીઆ, ૩x આરસેનીક આયોડાઇડ ૬x. જમ્યા પછી ફૉસફેરા આપવું.

Hemp Habit—(ભાંગની ટેવ)

કોલા ઈલીકઝીર અને નકસ વોમીકા, ૩ દર બે કલાકે.

Hernia (સારણ ગાંઠ)

નકસ વોમીકા ૬x લાઇકોપોડીયમ ૩૦ જમ્યા પછી.)

Heart Burn (છાતીમાં થતી બળતરા)

નકસ વોમીકા, પલસેટીલા, નેટ્રમ ફોસ ૬x કૅલકેરીઆકાર્બ, કારબોવેજી ટેબલીસ; કૅપસીકમ.

Hiccough—(હેડકી)

નકસવોમીકા, ૬x નેટ્રમમુર ૩૦ મૅગનસ ફોસ, ૬x અથવા ૩૦ બૅલાડોના ૬x ઇગનેશીઆ ૩૦, આરસેનીક, ૬ બ્રાયોનીઆ ૬x વીગેરે

Hoarseness—(અવાજ બેસીજવો)

ઍકોનાઇટ (શરદીને લીધે હોય તો) આરનીકા (અતીશય બોલવાથી થાય તો)

તે ઉપરાંત ફૉસ, કારબોવેજ, મરકયુરી, વીગેરે દવાઓ પણ ચીન્હો હોય તો ઉપયોગમાં આવે છે.

''આરજૅન્ટમ મૅટાલીકમ''–સંગીત કરવાવાળાઓ તથા જેઓને હંમેશાની નિયમીત બોલવું પડતું હોય તેમને માટે આ દવા ફાયદાકારક છે.

" કૉસટીકમ " શરદીને લીધે અવાજ બેસી ગયો હોય તો આ દવા આપવી.

Hydrocele (વધરાવળ કોથળીમાં પાણી ભરાવું તે)

જન્મથી હોય તો 'બ્રાયોનીઆ ૬ ઇજા થવાથી થઇ હોય તો આરનીકા ૬x

તે ઉપરાંત રૉહોડો ડેનડ્રોન ૬, પલસેટીલા ૬ સલફર ૩૦ નેટ્રમમુર ૨૦૦ આયોડીન ૬x, ઓરમમેટ ૩૦ વીગેરે દવાઓ વપરાય છે.

Hypochondriasis—
(મગજની નબળાઇ; ઉદાસી પણું પીતોન્માદ)

હોજરીના બીગાડા માટે નકસવોમીકા ૬ ઝાડાની કબજીઆત માટે નેટ્રમમુર ૩૦. તે ઉપરાંત નરવોટોના દીવસમાં ૩ વખત આપવું.

Hysteria-(હીસટીરીઆ સ્ત્રીઓને થતું આંકડી અગર તાણનું દરદ)

મૅગનસફોસ ૩૦x, કાલીફોસ ૬x, મોસકસ ૩; ઇગનેશીઆ ૩; ક્રોકસ ૩; તે ઉપરાંત નરવોટોના દીવસમાં ૩ વખત આપવું; અને જ્યારે દરદ શરૂ થાય ત્યારે દર ૧૫ મીનીટે આપવું.

Impotence—(નપુસકપણું)—

એસીડ ફોસ, એગનસ કૅાસટસ, આરજેનટીનાઇટ, ચાઇના, નકસવોમીકા, કોનીયમ, કેલેડીયમ, લાઇકોપોડીયમ, વીગેરે દવાઓ રોગીના ચીન્હ પ્રમાણે અપાય છે.

તે ઉપરાંત એફ્રોટોના, ફૅાસફોરા, અને ફોસફોર્મીઆના ઇલીકઝીર ઉપયોગની દવા છે.

Impurities of Blood—(લોહીનો બીગાડો).

પેનેશીઆ હોમીઓ પેથીકા દર બે કલાકે અને જમ્યા પછી સેનગ્વીના ઇલીકઝીર

Indigestion—(અજીર્ણ)

વધારે ખાવાથી થતું હોય તો નકસવોમીકા ૩x; ભારી ઘી વાળો ખોરાક ખાવાથી થયું હોય તો પલસેટીલા ૩x. પાચન શકતીની નબળાઇ હોય તો જમ્યા પછી, ફૅાસ ફેરા બે વખત લેવું.

અજીર્ણ સાથે પેટમાં વાયુ થયું હોય, મોઢેથી ઓડકાર આવતા હોય, છાતીમાં દરદ હોય, ઝાડા બહુ થતા હોય તો કારબોવેજ ૬ આપવું.

અજીર્ણની સાથે પીતની ઉલટી થતી હોય, જીભ પીળી થઇ ગઇ હોય અને પેટમાં સખ્ત દુખાવો હોય; સ્વાદ કડવો હોય ખાધેલો ખોરાક મોઢામાં પાછો આવતો હોય તો **કેમોમીલા** ૩x આપવું.

મોઢામાં પાણી આવતું હોય, ઝાડાની કબજીઆત હોય તથા પેટમાં વાયુ બહુજ ભરાયો હોય અને પેટમાં બહુજ અવાજ થયા કરતા હોય, અને સાથે પેશાબ લાલરંગનો હોય; તો **લાયકો પોડીયમ ૩૦** આપવું.

સુચના—અજીર્ણવાળા દરદીએ હલકો ખોરાક લેવો; ચાવી ચાવીને જમવું; જમવાની સાથે પાણી પુષ્કળ પીવું નહિ; ભુખ હોય તોજ ખાવું. અતીશય તીખા ખાટા પદાર્થ ન લેવા; ચા કાફી પીવી નહિ.

Influenza—(ઇન્ફ્લુએનઝા)

આ વ્યાધીમાં **ઍપટીસીઆ** ૨x અથવા ૩x—મુખ્ય દવા છે. જ્યારે ખાંસી સખ્ત હોય, અને છાતીમાં દરદ બહુજ થતું હોય, દસ્ત કબજ હોય તો. **બ્રાયોનીઆ** ૬x આપવું. તે ઉપરાંત ગળાની અંદર અથવા આંખમાં દુખતું હોય તો, અને રાત્રે ખાંસી આવતી હોય તો **બેલાડોના** ૩ આપવું.

અ રસનીક (૬) અથવા આરસનીક આયોડાઇડ—જ્યારે ઉલટી થતી હોય, અને પાણીની તૃષા બહુજ લાગતી હોય, અને નાકમાંથી બળતરા થાય તેવું પાણી નીકળતું હોય તો.

યુફ્રેઝીઆ ૩x **અથવા નેટ્રમમ્યુર** ૬—જ્યારે બહુજ છીંકો આવતી હોય, નાકમાંથી પાણી નીકળતા હોય, અને બહુજ મોળ આવતી હોય તો ઉપર જણાવેલી દવામાંથી ગમે તે ૧ આપવી યુપેટોરીયમ ૩x—જ્યારે તાવની સાથે આખા શરીરમાં અને હાડકામાં બહુજ દુખાવો હોય તો આ દવા વાપરવી.

નેટ્રમ સલ્ફ ૬x—જીવન રસાયન શાસ્ત્ર પ્રમાણે મુખ્ય દવા છે ફૉસફોરા તે એક ઇનફ્લુએનઝાના અટકાવ સામે ઉપયોગી દવા છે; તે ઉપરાંત ઇનફ્લુએનઝાની પાછળ રહેતી નબળાઇ માટે શકતી વર્ધક દવા છે.

ડૉ. કુલકરણી જણાવે છે કે ઉપર પ્રમાણેની પદ્ધતીથી ઔષધી આપવાથી તેમણે (૪૨) દર્દીઓને ઇનફ્લુએનઝાના વખતમાં સારૂ કર્યું હતુ.

Insanity-(ગાંડપણ)

પૅસી ફ્લોરા અને કાલીર્ફૉસ.

Itches (ચળ, ખસ)

સલફર ૬ દીવસમાં ૩ વખત, જમ્યા પછી સેનગ્રીના ઇલીકઝીર; જો બહુ હઠીલી હોય તો પેનેશીઆ હોમીઓપૅથીક વાપરવું.

સોરીનમ ૩૦ પણ જરૂર પડે તો વાપરવું.

Jaundice—(કમળો)

આ દર્દ લીવરના બીગાડાને લીધે થાય છે; પેશાબ કેશરના રંગ જેવો આવે છે; ઝાડો સખત આવે છે; અને દર્દીને ભુખ લાગતી નથી;

મરક્યુરી સોલ ૬ અને બ્રાયોનીઆ ૩. ફૉસફરસ ૩; કાલીમુર ૬x નેટ્રમસલ્ફ ૬x વીગેરે દવાઓ આ વ્યાધીમાં વપરાય છે.

Labour Difficult—(સુવાવડ વખતે થતી અતીશય વેદના અથવા કષ્ટ)

પલસેટીલા ૩x અથવા કાલીફૉસ ૩x નક્સવોમીકા ૬x.

Puerperal Fever (સુવાવડ પછી આવતો તાવ; સુવારોગ)

એકોનાઇટ, ૬x, બૅલાડોના ૬x; કાલીમુર ૬x.

Laryngitis—(કંઠની નળીનો સોજો)

આ વ્યાધીની અંદર ગળામા બળતરા થાય છે; અને સહેજ તાવ આવે છે; તથા પાછળથી ખાંસી પણ થાય છે.

ચીકીત્સા—એકોનાઇટ ૩ અને સ્પોનજીયા ૩ અથવા ફેરમફૉસ ૧૨x અને કાલીમુર ૬x વારાફરતી આપવું.

જ્યારે દર્દ જુનુ થાય છે: અને અવાજ બેસી જાય છે ખાંસી સખ્ત આવે છે તે વખતે કૉસટીકમ ૩. દીવસમાં ૩ વખત આપવું.

મોટા માણસોને લાંબા વખત સુધી અવાજ બેસી જાય તો ફૉસ ૩૦ આપવું.

Leprosy—(રકત પીત, કોઢ)

હાઇડ્રોક ટાઇલ ૧૦૦, આરસનીક સી. એમ સીલીસીયા. સી. એમ. સોરીનમ. સી. એમ. એનાકારડીયમ ૩૦. પેનેશીઆ હોમીઓ પૅથીક વીગેરે દવાઓ આ વ્યાધીમાં દરદીના ચીન્હો પ્રમાણે વપરાય છે.

Leucorrhœa (whites) પ્રદર

આ દરદ સ્ત્રીઓને થાય છે. પ્રદરનો રંગ કોઇ વખત સફેત દુધ જેવો હોય છે; કોઇ વખત લીલો હોય છે. કોઇ વખત પીળો હોય છે; તેની સાથે માસીકની અનીયમીતતા રહેછે તથા શરીરે નબળાઇ પણ આવે છે; કેડના દુખાવો થાય છે.

ચીકીત્સા—કેલકેરીઆ કાર્બ ૬ અને પલસેટીલા ૬x.

પાણી જેવા પ્રદર હોય તો નેટ્રમમુર ૩૦ આપવું.

લીલા રંગનો, ગંધ મારતો પ્રદર દેખાય તો. સૅપીઆ ૨૦૦ વાપરવું.

તે ઉપરાંત ઓવાટેસ્ટા, ૩x અને સેનગ્વીનેરીઆ ઇલીકઝીર સારી દવાઓ છે.

વ્યાધી અત્યંત હઠીલું હોય, અને ગુહ્ય ભાગ ઉપર બહુજ ચળ આવતી હોય તો એલ્યુમીના ૬ આપવું.

દસ્તની કબજીઆત હોય અને પ્રદર પીળો અને ચીકણો નીકળતો હોય તો હાઈડ્રાસટીસ ૩ દીવસમાં ત્રણ ચાર વખત આપવું.

Lienteria--(અજીર્ણના ઝાડાં)

ચાઇના ૬x, આરસેનીક ૩૦.

Liver Complaints—યકૃતના વ્યાધીઓ.

યકૃતનો સોજો તથા દુખાવો—નકસવોમીકા ૩ ફેરમફોસ ૧૨x; કાલીમુર૬x, બ્રાયોનીઆ ૬x

યકૃત મોટું થવું—ચાઇના ૩, આરસેનીક આયોડાઇડ ૬x (જમ્યા પછી); ફૉસફરસ ૩ યકૃતનુ સંકોચાઇ જવું—ફોસફરસ ૩.

યકૃત બરોબર કામ ન કરતું હોય તો—બ્રાયો સેલાઇન ઇલીક-ઝીર, કાલીમુર ૬x.

પીતની ઉલટી તથા ઝાડા થતા હોય તો આઇરીસ વરસીકોલર આપવું.

તે ઉપરાંત યકૃત પોતાનું કામ બરોબર ન કરતું હોય, અને ઝાડાની કબજીઆત રહેતી હોય, પેશાબમાં લાલ રેત જતી હોય તો, તથા ખાધુ પાચન ન થતું હોય અને પેટમાં વાયુ થતો હોય તો લાઇકો પોડીયમ ૩૦ આપવું.

યકૃતમાં થોડું થોડું દુખતું હોય તે ઉપરાંત જમણા ખભામાં તથા પાછળ દરદ થતુ હોય ઝાડાની કબજીઆત હોય અગર ઝાડા સફેત રંગના આવતા હોય તો ચૅલેડોનીઅમ ૩x આપવું.

Lock jaw—(ધનુરવા; દાંતખીલી બેસી જવી.)

શરદીને લીધે થયું હોય તો એકોનાઇટ ૩ આપવું દર કલાકે. માથું પાછળ વળી ગયું હોય અને હાથ પગ ખેંચાતા હોય તો—સીકયુટા ૩ અથવા ૩૦.

આંચકી આવતી હોય, હાથ પગની ધ્રુજારી થતી હોય તો અને શરીર એક બાજુથી બીજી બાજુ ફરતું હોય તો જેલસેમીયમ ૩ દર કલાકે આપવું.

Lumbago--કમરનો દુખાવો.

પીઠમાં સખ્ત દુખતું હોય તો એન્ટીમ ટાર્ટ ૬, ઝાડાની કબજીઆત હોય; હાલચ લથવાથી વધારે દુખતું હોય અને; માર પડયો હોય તેવું દુખ થતું હોય તો નકસવોમીકા ૬ આપવું.

ઠંડી હવા લાગવાથી થયું હોય; અને દરદ બહુ તીક્ષણ હોય તો એકો-નાઇટ ૩ આપવું સ્નાયુના દુખાવા સાથે બેચેની અને નીદ્રા નહિ આવતી હોય તો સીમીસીફયુગા ૩ દર બે કલાકે આપવું.

તે ઉપરાંત બ્રાયોનીયા ૬x, રસટોકસ ૬x વીગેરે દવાઓ પણ દરદના ચીન્હો પ્રમાણે આપવામાં આવે છે.

Mammæ (Breast) affections (સ્તનના વ્યાધીઓ)

સ્તનનું ગુમડું—શરૂઆતમાં બ્રાયોનીઆ ૬x અથવા કાલીમુર ૬x આપવું; જેનાથી ગુમડુ બેસી જશે તેમ કરવાથી ગુમડું બેસી ન જાય તો પછી ફ્રાયટોલેકા ૩x દર બે કલાકે આપવું

તે ઉપરાંત ફાયટોલેકાની દવા ગરમ પાણી સાથે મેળવી (૬ આઉંસ પાણીમાં ૧૦ ટીપા) તે પ્રવાહીના પોતા લગાડવા.

છેવટે ગુમડું પાકે તો પછી હેપારસલ્ફ ૬x દર ત્રણ ત્રણ કલાકે આપવું; અને બહારથી કેલેનડયુલાની દવાના પાણી સાથે બનાવેલા લોશનના પોતા મુકવા.

Measles—(ઓરી)

મોરબીલીનમ સી. એમ અથવા ૨૦૦ નો ૧ ડોઝ આપવો.

તે ઉપરાંત હંમેશા એકોનાઇટ ૩ અને પલસેટીલા ૩ વારા ફરતી આપવું. અથવા ફેરમ ફોસ ૧૦x અને કાલીમર ૬x વારા ફરતી આપવું.

છેવટે ભીંગડા ઉખડી જાય તે માટે કાલીસલ્ફ ૬x આપવું.

વળી ગળુ દુખતું હોય; ખાંસી સુકી હોય તો બેલાડોના ૩x થી ફાયદો થાય છે.

Memory Weak—(યાદ શક્તીની ખામી)

હોમીઓ બ્રેઇન ટોનીક; તે ઉપરાંત એનાકારડીયમ ૬ અથવા ૩૦; વાપરવું.

અત્યંત હઠીલા દર્દમા બેરીટા ફોસ ૨૦૦ અને ઝીનકમ ફોસ ૨૦૦ દર બે બે ત્રણ ત્રણ દીવસે ૧ વખત આપવું.

મંદ બુદ્ધીના બાળકોમાં જેને ગળામા મસા થયા હોય તેને બેરીટાકાર્બ ૩૦ આપવું.

Menstrual Complaints—
(સ્ત્રીઓને થતા માસીક રજો દર્શનના વ્યાધીઓ)

નષ્ટાર્તવ (માસીક રજો દર્શન બરોબર દેખાયનહિં તે)—જયારે માસીક દરમહિને બરોબર ન આવતો હોય, અને અનીયમીત હોય અને જરા જરા દેખાતો હોય તો પલસેટીલા ૬x દીવસમા ૩ વખત આપવું. જયારે શરદી લાગવાથી; અથવા ભીનારાથી માસીક બંધ થઇ ગયો હોય તો થોડા દીવસ

એકોનાઇટ ૬x આપવું; અને પછી ૧ મહિનો દીવસ સુધી પલસેટીલા ૬x આપવું. દીવસમાં ૩ થી ૪ વખત.

સવારમાં ઉઠતાવેત માથું દુખતુ હોય, શરીર અતીશય દુર્બળ હોય, ઝાડાની કબજીઆત હોય તથા સુસ્તી રહેતી હોય તો **નેટ્રમમુર ૬** અથવા ૩૦ આપવું. માસીક હંમેશા તેના ટાઇમ પછી આવતો હોય, તથા ચામડી ઉપર ફોલ્લા નીકળેલા હોય; ઝાડાની કબજીઆત હોય ને; માથું અને પગના તળીઆ ગરમ હોય તો સલફર ૩૦ દીવસમાં ૧ બે વખત આપવું.

અતી આર્તવ—

(૧) માસીક રજો દર્શન વહેલો આવતો હોય અને ખુબ દેખાતો હોય, તથા સાથે પેટમાં દુખતું હોય તો બોરાકસ ૬ થી ૩૦ આપવું.

તે ઉપરાંત—આઇપીકેક, ૬x, ચેમોમીલા ૬x પ્લેટીના ૩૦, સેબીના ૬ અથવા ૩૦, સીકેલીકોર ૬ અથવા ૩૦, પલસેટીલા ૬x અથવા ૩૦, નકસવોમીકા ૩૦, કેલેકેરીઆ કાર્બ ૩૦, ચાઇના ૬x, બેલાડોના ૬x વીગેરે દવાઓ પણ શરીરના બીજા ચીન્હો પ્રમાણે જોઇને ઉપયોગમાં આવે છે.

માસીક રજોદર્શન લીલા અથવા પીળા રંગનું હોય તથા અતીશ દેખાતું હોય તો, સેપીઆ ૩૦ અથવા નકસવોમીકા ૬ આપવું.

ને ઉપરાંત હીમોકયુરા અતીશય રજોદર્શન દેખાતુ હોય, અને માસીકને બદલે શરીરના બીજા ભાગમાંથી લોહી નીકળતું હોય તો વાપરવાની ભલામણ કરવામાં આવે છે.

હેમેમૅલીસ ૩, અને પલેસેટીલા ૩૦ પણ ઉપરના ચીન્હો માટે વાપરવું. ફાયદા કારક છે.

Mental Weakness (માનસીક નબળાઇ)—

નકસવોમીકા ૩૦, એસીડ ફૉસફૉરીક ૩x, મેગ્નેશીઆ ૩૦ બેરીટા આયોડાઇડ ૬x વીગેરે દવાઓનો ઉપયોગ રોગીના ચીન્હો જોઇને કરવો.

Milk deficient in Nursing Woman—
(સ્ત્રીઓને ધાવણ ન આવતું હોય)

લૅકટોજન દીવસમાં ત્રણ વખત; જમ્યા પછી બાયોટોના.

Milk Fever—(ધાવણ આવતી વખતે આવતો તાવ)

એકોનાઇટ ૩x અને બ્રાયોનીઆ ૩.

Miscarriage (કસુવાવડ)

શરૂઆતમાં જ્યારે તાવ વીગેરે હોય તો એકોનાઇટ ૬x દર કલાકે આપવું. કોઈ પણ અકસમાતને લીધે કસુવાવડ થવાના ચીન્હો હોય તો આરનીકા ૩x આપવું.

સગર્ભાવસ્થાના શરૂઆતના મહિનાઓમાં કસુવાવડ થતી હોય તો સૅબીના ૩ દર કલાકે આપવું.

પણ પાછળના છેવટના મહિનાઓમાં થઈ જતી હોય તો સીકેલીકોર ૩ દર કલાકે આપવું કોઇ પણ ફીકર અથવા ગભરાટ અથવા માનસીક વીકારોના ઉશ્કેરવાને લીધે થતી હોય તો કૅમોમીલા ૬ દર કલાકે આપવું.

ઉપદંશ અથવા ગરમીના વ્યાધીને લીધે ગર્ભપાત થઇ જતો હોય તો મરક્યુરી કોર ૬ દીવસમાં ૩ થી ૪ વખત લાંબા સમય સુધી આપવું.

જ્યારે સ્ત્રી અગર પુરૂષ બેમાંથી કોઇને ક્ષયની બીમારી હોય તો કૅલકેરીઆ કાર્બ ૬ અથવા ૩૦ લાંબો વખત સુધી સ્ત્રીને આપવુ.

Morning Sickness (સગર્ભાવસ્થાની શરૂઆતમાં આવતી મોળ તથા ઉલટી)

આઇપીકેક ૬x નકસ વોમીકા ૬x અને સેપીઆ ૩૦

Mumps—(ગાલપચોળું)

આ વ્યાધીમાં બન્ને ગાલ ઉપર કાન પાસે રહેલી પૅરોટીડ નામની ગાંઠો સુજી આવે છે તથા એક બે દીવસ તાવ પણ રહે છે.

ચીકીત્સા—બૅલાડોના ૩ અને મરક્યુરી સોલ ૬ વારાફરતી દર બે કલાકે આપવુ.

તાવ સાથે હોય તો એકોનાઇટ પણ આપવું.

Nervous Weakness (શારીરીક તથા જ્ઞાન તંતુઓની નબળાઇ)

નરવો ટોના દીવસમા ૩ વખત; ખાધા પછી ફોસ ફોરા બે વખત આપવુ,

Nettle Rash (Urticaria) શીળસ

હોજરીના બીગાડાને લીધે થાય તો પલસેટીલા ૬x નકસવોમીકા ૬x, એન્ટી મની ક્રુડમ એમાંથી ગમે તે ચીન્હો પ્રમાણે આપવું અત્યંત હઠીલા

દર્દીમાં નેટ્રમમ્યુર ૧૨ અથવા ૩૦ આપવું. તે ઉપરાંત જુનાં દરદમાં આરસનીક ૩૦ અને એપીસ ૩૦ વપરાય છે,

Neuralgia--જ્ઞાન તંતુઓનો દુખાવો અથવા દર્દ.

હાથની અંદર થતો દુખાવો—એકોનાઇટ, બ્રાયોનીઆ, મરક્યુરી, રસ ટોકસ

કાનની અંદર થતો દુખાવો--બેલાડોના, મરક્યુરી, પલસેટીલા, ચેમોમીલા સેપીઆં, કાનની અંદર ગ્લીશ્રરાઇન મુલીન ઓઇલ અગર ગ્લીશરાઇન પ્લાન્ટેગોના ટીપા

હૃદયની અંદર થતું દર્દ અથવા દુખાવો—પલસેટીલા, આરસનીક, બ્રાયોનીઆ, કૅકટસ ગ્રૅન્ડીફ્લોરસ.

પગની નસોનો દુખાવો—બ્રાયોનીઆ, પલસેટીલા, રસટોકસ, મરક્યુરી. યકૃતની અંદર થતુ દર્દ—બ્રાયોનીઆ, મરક્યુરી, નકસવૉમીકા,

હોજરીની અંદર થતું દર્દ—નકસવોમીકા, ચૅમોમીલા, કારબોવૅજી ટેબલીસ, પલસેટીલા; બ્રાયાનીઆ, ચાઇના.

ગુરદાની અંદરથી થતું દર્દ—કેનથારીડીસ, રહસ ટોકસ, આરસનીક

હાડકાની અંદર થતો દુખાવો તથા સોજો—ફાયટોલૅકા ૩,

ઉપદંશની જુની બીમારીને લીધે હાડકામા તથા જ્ઞાનતંતુઓમાં થતો અતીશય દુખાવો—કાલી આયોડાઇડ ૩x; મીઝરાઈમ.

Night Sweats—રાત્રીએ થતો પરસેવો, ઘામ—

ચાઇના, આરસનીક, બ્રાયોનીઆ.

Nose affections—
નાકની અંદરના વ્યાધીઓ

નસકોરી ફૂટવી (લાગવાથી) આરનીકા ૩x. વારંવાર નાકમાંથી પુષ્કળ લોહી પડતું હોય તો ફોસફરસ ૬ અથવા ૩૦

ઝાડાની કબજીઆત હોય અને અર્શની બીમારી હોય તે વખતે નાકમાંથી લોહી પડવા માટે સલફર ૬, અને હેમૅમેલીસ ૩x વાપરવું.

નસકોરી ફુટયા પછી મગજ ઉપર અથવા મગજની પાછળ બરોડના ભાગ ઉપર પાણી રેડવાથી લોહી બંધ થઇ જાય છે.

નાકની અંદર થતા મસા—થુજા ૩૦, અથવા કેલકેરા કાર્બ અગર નેટ્રમમ્યુર ૩૦ આપવું; અને બહારથી થુજા ટીંકચરના પ્રવાહીમાં સળી બોળી મસાને લગાડવી.

નાક માંથી અત્યંત દુર્ગંધ વાળો રસી જેવો પદાર્થ નીકળે,

(Ozaena) તો—કેડમીયમ સલ્ફ ૬x

હાઇડ્રાસટીસ ૬x કાલી બાઇક્રોમ ૬x સોરીનમ, ૩૦ ઓરમમેટ ૬ અથવા ૩૦ વીગરેમાંથી કોઇ પણ દવા ચીન્હો પ્રમાણે આપવી.

Obesity—(શરીરનું અતીશય ફુલીજવું, જાડાપણું)

ફાઇટો ફૅટરીડયુસર, ફ્યુકસવર્સીકયુલોસસ, અથવા ફાઇટોલીન આ ત્રણમાંથી કોઇપણ દવા આપવી.

Opium habit (અફીણનું વ્યસન)

કોલાઇલીકઝીર, ઍવીના સેટાઇવા, નેટ્રમ ફોસ ૩x અથવા ૬x આપવું

Ophthalmia—(આંખનો સોજો)

ફેરમ ફોસ ૧૨x અને કાલીમ્યુર ૬x વારા ફરતી આપવું. પરમાને લીધે આંખ આવી ગઇ હોય તો મરકયુરી કોર ૩; આંખ બહુજ હીણી હોય અને સુજી ગઇ હોય તો સલફર ૩૦ આપવું.

આખની અદર ખીલ થયા હોય તો હરબલ ગ્રેનીન તથા ગ્રેનાના આંખના ટીપા દીવસમા બે ત્રણ વખત નાંખવા.

Paralysis—પક્ષાઘાત, શરીરના કોઇપણ ભાગનું રહી જવું.

સાધારણ રીતે આ દરદમાં નર્વોટોના તથા પૅસી ફ્લોરા આપવું.

મ્હોંઢા ઉપરના સ્નાયુનો પક્ષાઘાત—એકોનાઇટ ૩, અને પાછળથી કૉસટીકમ ૬ દર બે કલાકે આપવું.

અર્ધાંગ વાયુ પક્ષાઘાત—વૃદ્ધ માણસોમાં જો થયો હોય તેમજ માનસીક અને શરીરની નબળાઇ હોય તો બૅરીટાકારબ ૩૦ પાચન શકતીનો બીગાડો થયો હોય અને અત્યંત ખાવાથી અગર દારૂ પીવાથી પક્ષાઘાત થયો તો નકસવોમીકા ૩૦ આપવું.

તે ઉપરાન જૅલએમીયમ ૩૦, ઓરમમેટ ૩૦ વીગેરે ઔષધીઓ પણ આ વ્યાધીમા અપાય છે.

Paraplegia—(પક્ષાઘાત પગનું રહી જવું.)

અકસ્માતથી થયો હોય તો—આરનીકા ૬x ઉપરની દવાથી થોડા વખતમાં સારૂ ન થાય તો હાઇપરીકમ ૬.

અ.રજૅનટીનાઇટ્રેસ ૩૦—અતીશય પરીશ્રમ, તથા ધાતુક્ષય વીગેરેથી પક્ષાઘાત થાય તો આ દવા આપવી.

ઉપદંશનેલીધે પગ રહી ગયા હોય તો—કાલી આયોડાઇડ ૩, અગર મરકયુરી કોર ૬ અથવા ૩૦ આપવું.

Phymosis—

જનનેંદ્રીયના મુળ ઉપરની ચામડીનો સોજો અને તેને લીધે ચામડી ઉપર ન ચડી શકે ત્યારે—મરકયુરી સોલ ૬ દર ૪ કલાકે ઉપરથી હેમેમેલીસટીકચરનું પાણી સાથે પ્રવાહી લોશન બનાવી લગાડવું. (૧૦ આઉસમાં ૧૦ ટીપા.) તે ઉપરાંત ગ્વાયાકમ ૩x દીવસમાં ત્રણથી ચાર વખત આપવું.

Piles—અર્શ.

હીમોકયુરા નં. ૧. દર ૨ કલાકે આપવું.

તે ઉપરાંત અર્શના ઉપર હીમોકયુરાનો મલમ લગાડવો.

ઝાડાની કબજીઆત હોય અને યકૃતનો બીગાડો હોય તો નકસ વોમીકા ૬ અથવા ૩૦ દીવસમાં બેથી ત્રણ વખત આપવું.

તે ઉપરાંત સલફર ૨૦૦ વારંવાર સવારમાં ૧ વખત આપવું.

જ્યારે અર્શની સાથે બહુજ બેચેની રહેતી હોય અને કમરમાં અત્યંત દુખતું હોય, અને આમળ બહાર નીકળતી હોય તો ઇસકયુલેપ હીપ ૩x દર ૪ કલાકે આપવું.

વળી અર્શની અંદર મરચા મુકયા હોય તેવી બળતરા થતી હોય, ઝાડે જવા પહેલા પેટમાં ચુંક આવતી હોય; અર્શ સુજી ગયા હોય; અને કમરમાં અત્યંત દુખાવો થતો હોય અને પાણીની તૃષા બહુ લાગતી હોય તો કેપસીકમ ૬ દર ૪ કલાકે.

આ ઉપરાંત ફેરમ ફોસ ૩૦x, કેલકેરા ફ્લુરાઇડ ૧૨x વીગેરે જીવન રસાયનની દવા પણ સારો ગુણ આપે છે.

Pimples—(ખીલ)

બેલાડોના ૩, બરબરીસ એકવી ફોલીયમ પલસેટીલા ૩, સલફર ૩૦ વીગેરે દવાઓ વપરાય છે; તે ઉપરાંત રકત સાફ કરવાને માટે સેનગ્વીનેરીસ ઇલીકઝીર આપવું.

Plague—(ગાંઠીઓ તાવ, મરકી)

પૅસટીસ સીએમનો ૧ ડોઝ હંમેશા આપવો.

શરૂઆતમાં ફેરમ ફોસ ૧૨x અને કાલીમ્યુર ૬x વારા ફરતી દર ૦॥ કલાકે આપવું; અથવા એકોનાઇટ ૬x અને એસીડમ્યુર ૬x વારા ફરતી દર ૦॥ કલાકે આપવું.

સન્નીપાતને માટે બેલાડોના ૩; સન્નીપાત હોય અને નબળાઇ પણ અતીશય હોય તો કાલીફોસ ૬x અને નેટ્રમમ્યુર ૩૦ આપવું.

કાળી ઉલટી અથવા કાળા રંગના ઝાડા થતા હોય તો આરસનેક ૬ અથવા ૩૦ આપવુ.

શરીરના જુદા જુદા ભાગમાં બળતરા થતી હોય તો ઇગનેશીઆ ૩ અથવા ૬ આપવું.

તાવની સાથે સન્નીપાત હોય અને રોગી બહુજ બડબડાટ કરતો હોય તથા નાસીપાસ થઇ ગયો હોય, અને તેનું ગળું પણ આવી ગયું હોય તો લૅચીસીસ ૩૦ આપવુ.

ગાંઠને પકવવાને માટે સીલીશીઆ ૬ અથવા લૅચીસીસ ૬ આપવું.

પ્લેગની સાથે ન્યુમાનીઆ થયો હોય તો--બ્રાયોનીઆ ૩, નેટ્રમસલ્ફ ૬x, ફોસ ફરસ ૬, મરક્યુરી સોલ ૬, રહસટોકસ ૬;

દરદીને આરામ થઇ ગયા પછી નબળાઇને માટે ફોસ ફોરા જમ્યા પછી આપવું.

Pleurisy—(ફેફસાના પડનો સોજો)

આ વ્યાધીમાં દર્દીને એકદમ તાવ આવે છે તેની સાથે છાતીમાં દુખાવો ઉપડે છે અને શુળ મારે છે; શ્વાસ લેતાં એકદમ છાતીમાં દુખે છે તથા ખાંસી પણ આવે છે.

શરૂઆતમાં એકોનાઇટ ૩x અને બ્રાયોનીઆ ૩ અથવા ફેરમ ફોસ ૧૨x અને કાલામુર ૬x વારાફરતી આપવી.

તે ઉપરાંત પાછળથી; આરસનીક ૬, સલફર ૬, હેપાર સલ્ફ ૬, કેલકેરા ફોસ ૬ વીગેરે દવાઓની જરૂર પડે છે.

Pneumonia—(સન્નીપાત જ્વર ફેફસાનો સોજો)

આ વ્યાધીમાં દર્દીને એકદમ તાવ આવે છે; તથા ખાસી પણ શરૂ થાય છે; અને છાતીમાં થોડુક દુખે છે; અને તેની સાથે કફમાં શરૂઆતમાં લોહી પડે છે; તાવ આઠથી ૧૪ દીવસ સુધી રહે છે; દર્દીને શ્વાસ લેતા બહુ મુઝવણ આવે છે; અને શ્વાસોશ્વાસ વધી જાય છે.

શરૂઆતમાં એકોનાઇટ ૩ અને બ્રાયોનીઆ ૩ અથવા ફેરમ ફોસ ૧૨x અને કાલીમ્યુર ૬x વારાફરતી દર કલાકે આપવું.

કફ રાતા રંગનો પડતો હોય તો ફોસફરસ ૬ અથવા ૩૦ દર બે કલાકે આપવું.

પીળો અને લીલાશ પડતો કફ હોય અને જમણી બાજુના ફેફસાને સોજો હોય તો લાઇકોપોડીયમ ૩૦ અથવા નેટ્રમ સલ્ફ ૧૨x આપવુ.

પીળો પાતળો કફ પડતો હોય તો કાલીસલ્ફ ૧૨x વાપરવું. પરૂ જેવો પુષ્કળ કફ પડે તો હેપાર સલ્ફ ૬. ગંધ મારતો કફ પડે તો કારબોવેજ ૬ અગર ૩૦, લાંબા વખત સુધી પીળો જાડો કફ પડતો હોય તો સીલીશીઆ ૨૦૦x અને કેલકેરા સલ્ફ ૧૨x. છેવટે વ્યાધી લાંબો વખત સુધી ટકેલો હોય તો એમસ્રોઝીઆ ઇલીકઝીરનો ઉપયોગ કરવો. જીર્ણ તાવ હોય તો ફોસ ફેરા.

Pyorrhaea—દાંતના પેઢામાં થતો સડો અથવા પરૂ.

પૅનેશીઆ; અને સીલીશીઆ ૨૦૦ અને દાંત ઉપર ઘસવાને બાયોકેમીક ટુથ પાઉડર.

Prickly Heat—ઉનાળામાં ગરમીને લીધે શરીર ઉપર થતા ઘામીઆ ગુમડા.—

પેનેશીઆ હોમીઓ પેથીકા. દીવસમાં ૩ વખત જમ્યા પછી સેનઝ્વીના ઇલીકઝીર.

Pregnancy Disorders–
(સગર્ભાવસ્થામાં થતી વ્યાધીઓની ચીકીત્સા)

છાતીમાં થતા હૃદયના થડકારા માટે-એકોનાઇટ, કોફીઆ ૬x, જેલસેમીયમ.

પેટમાં આવતી ચુક—કોલોસીથ ६x, કેમોમીલા ६x, નકસવોમીકા ६x, પલસેટીલા ६x,

ઝાડાની કબજીઆત—સેપીઆ, બ્રાયોનીઆ. સલ્ફર, નકસવોમીકા, કોલીનસોનીઆ ६x.

ઉધરસ તથા શ્વાસનો મુંઝારો—બેલાડોના, નકસવોમીકા, બ્રાયોનીઆ.

નીરૂત્સાહીપણું—ઇગનેશીઆ, પલસેટીલા,

ઝાડા—પલસેટીલા, નકસવોમીકા ६x; એસીડફોસ ૩x, આઇપીકેક ६x

છાતીમાં થતી બળતરા—કેલકેરીઆ ६, પલસેટીલા ६x, નકસવોમીકા ६.

સફેત માટી તથા કોલસા વીગેરે ખાવાની ઇચ્છા થવી—કેલકેરીઆ ६, ચાઇના ६x, કારબોવેજ ६, સીલીશીઆ.

સવારમાં આવતી મોળ તથા ઉલટી—આઇપીકેક ६x નકસવોમીકા ६x પલસેટીલા ६x, સેપીઆ ६, ક્રીઓઝોટ ૩૦

ખોટી વેણ અથવા દર્દ થવું—કેમોમીલા, સીકેલીકાર, પલસેટીલા;

પેશાબના લગતા વ્યાધીઓ—બેલાડોના, નકસવોમીકા, હાયોસીયામસ, કેનથારીડીસ (પેશાબમાં બળતરા થતી હોય અને પેશાબ જરા જરા આવે તો.)

Prolapsusani—ગુદાનો નીચેનો ભાગ ઝાડો જતી વખતે બહાર નીકળવો; આમળ બહાર આવવી—

ફેરમ ફોસ, ६x દીવસમાં ૩ વખત.

સવારમાં દરેક ઝાડા પછી બહાર નીકળે તો—પોડોફાઇલમ ६, દીવસમા ૩ વખત.

તે ઉપરાંત ઇગનેશીઆ ६x, નકસવોમીકા, બેલાડોના, સલ્ફર ६ વીગેરે ઔષધીઓ દર્દીના ચીન્હો જોઇને આપવામાં આવે છે.

Quinsy—ગળાની અંદરની ટોનસીલ નામની ગાંઠોનો સોજો ચોરીઆનો વરમ—

ફેરમ ફોસ ६x, અને કાલીમ્યુર ६x, વારા ફરતી દર બે કલાકે.

તે ઉપરાંત શરૂઆતમાં એકોનાઇટ ६x અને પછી બેરીટાકાર્બ ६, દર બે કલાકે આપવું.

તે ઉપરાંત ફાઇટોલેકા ૩x જ્યારે શ્લેષ્મપડ ઉપર ચાંદા અથવા બારીક ફોલ્લા નીકળ્યા હોય તો દર બે કલાકે આપવું.

જમણી બાજુનો કાકડો આવી ગયો હોય ને ડાબી બાજુએ ફેલાય તો લાયકો પોડીયમ ૩૦ દર કલાકે આપવું.

ગળાના કાકડા પાકે તો હેપાર સલ્ફ ૬ દર ત્રણ કલાકે આપવું.

Rheumatism—(સંધીવા)

આ વ્યાધીની અંદર એક અથવા વધારે સાંધામાં દરદ સહિત સોજા થઇ આવે છે; તે ઉપરાંત દર્દીને તાવ પણ આવે છે; અને હાથ અથવા પગની હીલચાલ કરી શકતો નથી.

શરૂઆતમાં એકોનાઇટ ૩ અને બ્રાયોનીઆ ૩ અથવા ફેરમ ફોસ ૧૨x અને કાલીમ્યુર ૬x દર બે કલાકે વારા ફરતી આપવું.

જો દર્દ સાંધાઓની અંદર સ્થાયી રહેતું હોય તો બ્રાયોનીઆ ૬x અને રહસટોકસ ૬x દર બે કલાકે આપવું.

જો સાંધાની અંદરનુ દર્દ ફરતું હોય, એટલે કે એક સાંધામાંથી ઘડી બીજા સાંધામાં જતું હોય તો કાલી સલ્ફ ૬x અને પલસેટીલા ૬x દર બે કલાકે આપવું.

જો દર્દ બહુજ હઠીલુ હોય તો નવોંટોના અથવા હાઇમોસા આપવું.

દર્દ બહુજ જીર્ણ હોય તો બીજી ઔષધીઓની સાથે સલફર ૩૦ અથવા ૨૦૦ એક વખત આપવું.

બહારથી લગાડવા માટે હાઇમોસાલવા અથવા એન્ટીરૂહમેટીક સાલ્વ વાપરવું.

તે ઉપરાંત પલસેટીલા ૬x, મરકયુરી વાઇવ ૬ વીગેરે દવાઓ પણ વપરાય છે

જયારે સંધીવા અને દર્દ પીડમાં, અથવા તો ડોકની પાછળનો ભાગ અથવા માથાની પાછળના ભાગમાં જણાય છે તો. સીમીસીફયુગારેસીમોસા ૩x દર બે કલાકે આપવું.

Rickets—(બાળકોને થતી હાડકાની નબળાઈ)

આ વ્યાધી ઘણા ખરા બાળકોને હોય છે અને તેને લીધે થઇ તેને તેના હાડકા નરમ, રહે છે; બાળકનો સ્વભાવ બહુજ ચીડીયો હોય છે; ઝાડાની કબજીઆત રહે છે, તથા પેટ ફુલેલું રહે છે; અને માથાની અંદરના હાડકા બરોબર સંધાઇ જતા નથી તેથી માથામાં ખાડા માલુમ પડે છે; હાથ પગના હાડકા બહુજ નરમ અને પાતળા હોય છે.

ચીકીત્સા.—આયોડોના, અને ઓરમમેટ ૨૦૦ વારા ફરતી દર ૪ ક
આપવું; જો બાળક બહુજ દુબળું હોય તો સીલીસીઆ ૨૦૦x નો ૧
એ બે ત્રણ ત્રણ દીવસે આપવો.

Ringworm—(દાદર)

સલફર ૬ અને રહસટોક્સ ૩૦, સેપીઆ ૨૦૦. બેસીલીનમ સો. ઃ
હઠીલા દર્દમાં પૅનેશીઆ હોમીઓપૅથીક, અને સેનગ્વીના ઇલીકઝીર
સાફ કરવાને માટે વાપરવું; બહારથી લગાડવાને પાઇનસ ઑઇન્ટમેટ લગા

Sciatica—(ઉરૂસ્થંભ; રાંઝણ)

ચીકીત્સા—કોલોસીન્થ ૩x–(શરૂઆતમાં ઠંડી લાગવાથી થાય
આપવું.) અને ખાસ કરીને ડાબા સાંધામાં હોય તો લાઇકોપોડીયમ
જમણી બાજુનો દુખાવો હોય અને દુખાવો બપોરના વખતે વધતો
અથવા અડકવાથી વધે તો.

તે ઉપરાંત કાલીફોસ ૩x, રહસટોકસ ૩૦, એપોસાઇનમ કેન
મૅગનસ ફોસ ૬x વીગેરે દવાઓની પણ દર્દીના ચીન્હો પ્રમાણે જરૂર પ

Scarf and Dandruff (માથામાં થતો ખોડો)

પૅનેશીઆ હોમીઓપૅથીક દીવસમાં ૩ થી ૪ વખત અને બહ
વાળને લગાડવા માટે "ઇલેકટ્રો હરબલ હેર રીસ્ટોરર"નો ઉપયોગ ક

Scrofula (કંઠમાળ, ક્ષય.)

કૅલકેરીઆ આઓડાઇડ ૩x કેલકેરીઆ કાર્બ ૬, આયોડીન ૩x;
ઘણુંજ હઠીલું હોય તો બેસીલીનમસીએમ અગર ૨૦૦ આપવું
કંઠમાળની ગાંઠો પાકીને ફુટીગઇ હોય તો સીલીસીઆ ૨૦૦,
કેલકેરા સલ્ફ ૧૨x નો ઉપયોગ કરવો.

બહારથી લગાડવાને માટે બોરો કૅલેનડયુલા ટીકચરનું પાણી
પ્રવાહી લોશન બનાવી લગાડવું.

Scurvy—(આ વ્યાધીમાં ચામડી ઉપર લાલ ચાઠાં થઇ આવે છે; તે સાથે દાંતમાંથી લોહી પડે છે)

તાજી વનસ્પતી તથા ફળફળાદીના અભાવે આ દર્દ થઇ આવે
લીબુનોરસ આપવાથી ફાયદો થાય છે.

ચીકીત્સા—મરક્યુરી સોલ ૬ અને ફોસફોરસ ૩

Self-abuse (હસ્ત દોષની કુટેવ)

ચાઇના ૬x, નેટ્રમમ્યુર ૧૨x, કેલકેરા ફોસ ૬x, કેલકેરીઆ કાર્બ ૬ એસીડ ફૉસ ફેરીક ૩x વીગેરે દવાઓની જરૂર પડે છે તે ઉપરાંત દર્દીને શકતીને માટે બાયોટોના આપવું.

Sexual Neurasthmia (ધાતુક્ષીણતા, નપુંસકપણું)

એૅક્રાટોના, ફોસફોડેમી આના ઇલીકઝીર, ફોસફોરા.

Sight Weak (આંખની દ્રષ્ટીની નબળાઇ; ઝાંખી દ્રષ્ટી)

બાયોટોના, ઓરમ ૩૦, યુફ્રેઝીઆ ૩x.

Skin Unhealthy (ચામડીના વ્યાધીઓ;)

સેનગ્વીનેરીઆ ઇલીકઝીર અને પેનેશીઆ હોમીઓપેથીકા, હેપાર સલ્ફ ૧૦૦

Sleeplessness (નીદ્રાનો અભાવ ઉંઘની ખામી

કાલીફોસ ૬x, કોફીઆ ૬x, જેલસેમીયમ ૩x, ઇગનેશીઆ ૩, હાયોસીઆ મસ ૩x વીગેરે દવાઓમાંથી કોઇપણ દર્દીના ચીન્હો પ્રમાણે ઉપયોગમાં આવે છે

ઉપરની કોઇપણ દવાથી ફાયદો ન થાય તો પૅસીફ્લોરા ઇનકારનેટા દીવસમાં ૩ વખત આપવુ.

Smallpox—(શીળી નીકળવા)

શરૂઆતમા એકોનાઇટ ૩x આ અને ઍન્ટીમની ટારટ ૬ અથવા ફૅરમફોસ ૧૨ અને કાલીમ્યુર ૬x વારાફરતી દર કલાકે આપવું.

વેરીઑલ સી. એમ નો ૧ ડોઝ હમેશા આપવો જયારે તાપ ઉતરી જાય ત્યારે મરકયુરી સોલ ૬ અથવા કાલીસલ્ફ ૬x આપવું; શીળીના ફોલ્લારૂઝાતી વખતે શરીર ઉપર અત્યંત ગંધ મારતી હોય તો આરસનીક ૩૦ અને સલ્ફર ૬ આપવું.

બહારથી જરૂર પડેતો 'થુજાગ્લીસરાઇન' અથવા કારબોલીક એસીડગ્લીશરાઇન ફોલ્લા ઉપર લગાડવું. થુજા ૨૦૦, વેરીઓલ; મૅલેનડ્રીન વીગેરે દવાઓ જયારે આજુ બાજુમાં શીળીનો રોગ ચાલતો હોય ત્યારે અટકાવવાની દવા તરીકે વાપરવામાં આવે છે.

વૅકસીનીયમ ૨૦૦ ની દવા દર્દને મટાડવા તેમજ અકટકાયતરૂપે વાપરવાને કામ લાગે છે.

શરીર ઉપરના ચાઠા સુકાઇ જાય ત્યાર પછી દર્દીને શકતીને માટે બાપ્ટીસીયા અથવા ફોસફોરા આપવું.

Smoking habit (બીડી પીવાની ટેવ)

આ આદત છોડવાને માટે નીચેની ઔષધીનો ઉપયોગ કરવો કેલા ઇલીકઝીર, નકસવોમીકા ૩x કેમફર.

Sore Throat (ગળું આવી જવું ગળામાં ચાંદા પડવા

બેલાડોના ૩ અને મરકયુરી સોલ ૩૦ વારાફરતી દર બે કલાકે વાપરવું.

Spermatorrhea (ધાતુપાત, સ્વપ્નદોષ)

સેલીકસ નાઇગ્રા; ફૉસફોર્ડમીઆના ઇલીકઝીર, અને એવેના સટાઇવા; તે ઉપરાંત નીચેની દવાઓ પણ શરૂઆતમાં ઉપયોગમાં આવે છે.

નકસવોમીકા ૬, ચાઇના ૬x, સેલીનીયમ ૩૦ નેટ્રમમ્યુર ૩૦, એસીડ ફોસ ૧x (જમ્યાપછી પાણી સાથે ૫ ટીપા) કેલકેરા ફોસ ૬x વીગેરે આ વ્યાધીથી પીડાતા દર્દીઓએ ચા કાફી તથા મશાલા વાળા ભારી ખોરાક નહિ ખાવા; તે ઉપરાંત રાત્રે ઘણોજ હલકો ખોરાક લેવો; અથવા રાત્રે જમવુ નહિ; કઠણ પથારી ઉપર સુવુ; ઠંડા પાણીથી સ્નાન કરવું.

Spleen enlarged (તલ્લીનુ વધવું, ફુલીજવું)

સીઓન થસ અમેરીકેનસના ૩ થી ૫ ટીપા દીવસમા ૩ વખત.

કવીનાઇનનો અતીશય ઉપયોગ કર્યા પછી તલ્લી ફુલીગઇ હોય તો નેટ્રમમ્યુર ૬ અથવા ૩૦ તલ્લી સુજી આવેલ હોય તો સીયોનથસ, ૩x ફેરમ ફોસ ૧૨x અને નેટ્રમ સલ્ફ ૬x વાપરવુ. ફરીને તલ્લી વધી ન જાય તે માટે સેનગ્વીનેરીઆ ઈલીકઝીર વાપરવું.

Sterility in females (સ્ત્રીઓનું વંધ્યત્વપણું)

રજો દર્શન અતીશય દેખાય તેને લીધે હોય તો કૅલ્કેરીઆ કાર્બ ૩૦; દીવસમાં ૩ વખત આપવું તે ઉપરાંત ઑરમમૅટ ૩૦ પણ વપરાય છે. વળી પ્રદર ઘણોજ ઉગ્ર અને તીક્ષણ હોય તો બોરાકસ ૬; દીવસમાં ૩ વખત આપવું.

રજો દર્શન ઘણુજ કમી દેખાતું હોય અને સ્તનનો દુખાવો હોય તો કોનીયમ ૩૦ દીવસમાં ૩ વખત આપવું.

Stye (આંઝણી)

પલેસેટીલા ૬x, સીલીશીઆ ૬ ફરીફરીને થાય નહિ તે માટે સેનગ્વી-નેરીઆ ઇલીકઝીર વાપરવું.

Sun-stroke—(સુર્યનો તડકો માથે લાગવો)

ગ્લોનોઇન ૬x, દર ૦ા કલાકે, તે ઉપરાંત નેટ્રમમ્યુર ૩૦x અને ફેરમ ફોસ ૧૨x પણ વપરાય છે.

Syphilis—(ઉપદંશ)

શરૂઆતની સ્થીતીમા—એન્ટીસીફ,

બીજી સ્થાનામાં—પેનેશીઆ હોમીઓપૅથીકા.

ત્રીજી દશામાં—પૈનેશીઆ હોમીઓપૅથીકા; ઓરમ મૅટ ૩૦.

તે ઉપરાંત જનનેદ્રીયપર પડેલા ચાંદાને માટે મરક્યુરી સોલ ૬ દીવ-સમાં ૩ વખત આપવું. ઉપદંશના ચાંદામાંથી લોહી નીકળતુ હોય અને તેની ઉપરની જમીન લાલ હોય તો કોરેલીયમ રૂબ્રમ ૩૦ આપવું.

જ્યારે દર્દ ત્રીજી કક્ષામાં હોય અને શરીર ઉપર હાકકામાં સોજા માલુમ પડે; અને તે ઉપરાંત દર્દીએ અત્યંત પારદ ખાધો હોય તો ઓરમ-મૅટ ૩૦ વાપરવું.

Thirst—(અતીશય તૃષા)

સેનગ્વીનેરીઆ ઇલીકઝીરના ૩૦ થી ૬૦ ટીપા. પાણીમા વારંવાર આપવા.

Toothache—દાંતનો દુખાવો.

દુખતા દાંત ઉપર "પ્લાનટૅગો ટીકચર "મા રૂનુ પોતું બોળી લગાડવાથી દાંતનો દુખાવો બંધ પડી જાય છે

તે ઉપરાંત; અંદર ખાવાને નીચેની દવાઓ આપવી; બેલાડોના ૩, કૅમોમીલા ૬. પ્લાંટેગો ૨x.

દાંત સડેલા હોય તો મરકયુરી સોલ ૧૦૦; સીલીશીઆ ૨૦૦, ક્રીઓઝોટ ૬x

દાંત સાફ કરવાને કૅમ્ફોરેટેડ ટુથ પ.ઉડર વાપરવો.

તે ઉપરાંત; કોફીઆ ૬x, કૅલકેરીઆ કાર્બ ૬; મેગનસ ફાસ ૬x, પલ્સે-ટીલા ૬x વીગેરે દવાઓ પણ દર્દીના ચીન્હો પ્રમાણે ઉપયોગમાં આવે છે.

Ulceration & Ulcers—વ્રુણ; ચાંદા.

ચીકીત્સા—સેનગ્વીનેરીઆ ઇલીકઝીર દીવસમા ૩ વખત; મીઠી પેશા-બના દરદને લીધે ચાદા થયેલ હોય તો સીઝીજીયમ ટીકચર અંદર આપવું તથા બહારથી પણ લગાડવું.

કૂણુ રૂઝાવામાં ઘણાંજ હઠીલા હોય તો—આરસનીક ૩૦, સીલીશીઆ ૨૦૦, ઓરમ ૨૦૦, કેલકેરીઆ સલ્ફ ૬x, હેપાર સલ્ફ ૬x વીગેરે દવાઓ-માંથી દર્દીના ચીન્હો પ્રમાણે આપવી.

Urine—મુત્રને લગતા વ્યાધીઓ.

(૧) બાળકોને કૃમીનો વ્યાધી હોય, તથા પેશાબમાં સફેત ચીકાશ જેવું નીકળતુ હોય, તેમ પેશાબ ઘડી ઘડી થતો હોય તો. સીના ૬x દીવસમાં ત્રણ ચાર વખત આપવું.

(૨) પેશાબમા ફૉસફેટ નામના સફેત ક્ષાર જતો હોય, શરીરે નબળાઇ હોય; તથા વીર્યની નબળાઇ હોય તો એસીડ ફોસ ફોરીક ૧x દીવસમાં ત્રણ વખત આપવું, અથવા કેલકેરા ફોસ ૬x પણ આપવાથી ફાયદો થાય છે.

(૩) ઝાડાની કબજીઆત હોય, તથા યકૃત બરોબર કામ કરતું ન હોય, અને પેશાબમાં લાલ રંગનો પદાર્થ જતો હોય તો લાઇકો પોડી-અમ ૩૦ આપવું.

(૪) દુધ જેવો પેશાબ થતો હોય તો આયોડીન ૩x દર ચાર કલાકે આપવું.

(૫) બાળકોને ઉંઘમાં પેશાબ થઇ જતો હોય તો બેલાડોના ૬x પલસેટીલા ૬x, વરબેસકમ ૬x, ક્રીઓઝોટ ૩૦ વીગેરે દવાઓમાંથી વ્યાધીના બીજા ચીન્હો જોઇને કોઇ એક આપવું.

Vaccination Effects—શીળી કઢાવ્યા પછી થતી વ્યથા.

કાલીમ્યુર ૬x, બેલાડોના ૬x, મરક્યુરી સોલ ૬, સીલીશીઆ ૨૦૦, થુજા ૩૦.

Vertigo—ચકરી આવવી.

જૅલસેમીયમ ૬x, કેલકેરીઆ કાર્બ ૬, નકસવોમીકા ૩૦ (ઝાડાની કબજીઆત હોય તો) સલફર ૩૦, નેટ્રમમ્યુર ૩૦. એસીડ ફોસ ૩x (મગજની નબળાઇ હોય તો) કૅકટસ ગ્રેનડી ફ્લોરસ ૬x, ડીજીટેલીસ. ૬x (હૃદયના વ્યાધીઓથી ચકરી આવે તો).

Vomiting—(ઉલટી)

આઇપીકેક ૬x, એન્ટીમની ટારટ્રેટ ૬, આરસનીક ૬x, આઇરીસ વર્સી કોલર ૬x વીરાટ્રમ આલબમ ૩x, લાઇકા પોડીઅમ ૩૦, નકસવોમીકા ૬, આરજેનટી નાઇટ્રમ ૩૦.

Warts—મસા.

થુજા ૬, અથવા ૩૦. અંદર આપવું.

તે ઉપરાંત કેલકેરીઆ ૩૦, સલફર ૩૦, કાલીમુર ૬x વીગેરે દવાઓ પણ ઉપયોગમાં આવે છે.

બહારથી થુજાટી કચર લગાડવું. તે લોહી સાફ કરવાને પેનેશીઆ હોમીઓપેથીક તથા સેનગ્વીનેરીઆ ઇલીકઝીરનો ઉપયોગ કરવો કે જેથી શરીરમાં બીજે ઠેકાણે મસા થાય નહિ.

Whooping Cough–મોટી ઉધરસ, કુકડીઆ ખાંસી.

ડ્રૉસેરા ૩ અથવા કાલીમ્યુર ૬x અને મૅગનસ ફોસ ૬x વારા ફરતી વાપરવું. ખાંસીને સાથે ઉલટી થતી હોય તો આઇપીકેક ૬x આપવું.

તે ઉપરાત આંચકી, તથા તાણ આવતી હોય તો નવેરિટીના; કુપ્રમમૅટ ૬, બેલાડોના ૬ વીગેરે દવાઓનો ઉપયોગ કરવો ઉપરાંત કોરેલીયમ રૂબ્રમ ૧૨ અથવા ૩૦ પણ આ દર્દની અંદર બહુજ સારો ફાયદો આપે છે.

Worms—કમીને લીધે થતા વ્યાધીઓ.

સાઇના ૩ અથવા નેટ્રમ ફોસ ૬x દર કલાકે અગર બે કલાકે આપવું.

તે ઉપરાંત કૃમીને બહાર કાઢવાને માટે હોમીઓવરમ પાઉડર્સના પડીકા સવારે તથા સાંજે આપવા.

કૃમીને પેટમાં થતા અટકાવા માટે નૅટ્રમફોસ ૬x સવારે અને સાંજે અને જમ્યા પછી સેનગ્વીનેરીઆ ઇલીકઝીર આપવું.

ચોથો વિભાગ.

હોમીઓપેથીક દવાઓના ઉપયોગથી સારા થયેલા કેટલાક જાણવા જોગ દર્દીઓ વીષેની માહીતી.

(૧) **હેડકી**—એક ૭૦ વર્ષની વયનો માણુસ હેડકીની બીમારીથી લગભગ મરણ પથારીએ હતો. કુમટાથી મુંબઇ આવ્યા પછી આ દર્દથી તે વારંવાર પીડાતો હતો, અને તેને શરીરે અતીશય દુર્બળતા આવી ગઇ હતી. એલોપેથીક અને આયુરવેદીક દવાઓથી તેને કાંઇ પણ ફાયદો માલુમ પડયો નહિ હતો, નકસવોમીકા ૩૦ ના ઉપયોગથી તેની હેડકી તુર્તમાં બેસી ગઇ, અને પાછળથી શકતીને માટે તેને "બાયોટોના" આપવાથી તે તદન સારો થઇ પોતાની નોકરી ઉપર બે અઠવાડીઆમાં લાગી ગયો.

(૨) **રીકેટસ** (બાળકોને થતી હાડકાની નબળાઇ) એક ૧॥ બે વર્ષની છોકરીને એકે દાંત આવેલ નહિ હતો; તથા બીલકુલ હાલીચાલી શકતી નહોતી તેમ તેને કોઇપણ ખોરાક પાચન થઇ શકતો નહોતો, અને તેનુ પેટ ફૂલી ગયું હતું તથા હાડકા બહુ પાતળા અને દુર્બળ હતા; તે છોકરીના માબાપ તેને માટે ઘણાજ ચીંતાતુર હતા એલોપેથીક અને આયુરવેદીક દવાથી તેને કાંઇ સારો ફાયદો થયો નહિ. ઓરમ ૨૦૦ સવારમાં ૧ ડોઝ અને ખાધા પછી બાયોટોનાનો ૧ ડોઝ. આ પ્રમાણે કરવાથી થોડા વખતમાં તે છોકરી તદન સારી થઇ ગઇ અને તેના માબાપને આ દવાની ઉપયોગીતા બાબત સંપુર્ણ સતોષ થયો.

(૩) એક ૨॥ વર્ષનો છોકરો મુદ્દલ હાલીચાલી શકતો નહોતો તેને ભુખ બહુજ લાગતી હતી પણ શરીરે દીવસે દીવસે દુર્બળ થતો જતો હતો; તેનુ પેટ ફુગેલું હતું અને છાતી કબુતરના જેવી હતી; તે શરીરે તદન ફીકો અને તેની ઉમરના પ્રમાણમાં વધારે મોટો દેખાતો હતો; હાથ પગ પણ દુર્બળ તથા પાતળા હતા; એલોપેથીક તથા આયુરવેદીક દવાઓ તથા કેટલીક પેટંટ દવાઓ તેના ઉપર અજમાવામાં આવી હતી; પણ

તેને કાંઇ ફાયદો થયો નહોતો. ઓરમ મેટ ૨૦૦ પાવરનો ૧ ડોઝ સવારમાં અને જમ્યા પછી બાયોટોનાનો ૧ ડોઝ આપવામાં આવતો, આ પ્રમાણેની દવાની સારવારથી થોડા વખતમાં તેનું શરીર મજબુત અને ફોવતી થઈ ગયું.

(૪) અતીસારઃ—

મીસીસ એચ (ઉમર વર્ષ ૨૬) ને લાંબા વખતની અતીસારની બીમારી હતી; અને શરીરે એટલી બધી દુર્બળતા આવી ગઇ હતી કે ઘરમાં પણ હાલીચાલી શકતી નહિ. તેમણે થોડા વખત સુધી અંલો પેથીક અને આયુરવેદીક દવાઓનો ઉપચાર કર્યો હતો પણ કાંઇ ફાયદો થયો નહિ હતો. વળી તે સ્ત્રી સગર્ભા હતી તેથી તેમના પતીને તેની બહુજ ફીકર રહેતી હતી આર્સનીક ૩૦ અને બાયોટોના આ બે દવાઓ તેને દેવામાં આવી હતી, અને થોડા વખતમાં તેને એકદમ આરામ થઇ ગયો.

(૫) મીઠી પેશાબનો વ્યાધી તથા તે સાથે થયેલુ પાકું—

મી. જે. (ઉમર વર્ષ ૫૦) ને થોડો વખત થયા વાઇ, તથા મીઠી પેશાબનું દર્દ લાગ્યુ પડયું હતું; વળી તે સાથે તેને પીડમાં પાકું પણ થયુ હતું અને તેની અંદર અતી તીવ્ર વેદના તથા બળતરા થતી હતી; એક સરજન ડાકટરે તેમને પાઠાને માટે નસ્તર મુકાવાનીસલાહ આપી; પણ તે પોતે નસ્તર મુકાવાની વીરૂધ્ધ હતા; તેમને હોમીઓપેથીક દવાઓનો ઉપચાર કરવાની ઇચ્છા થઇ, " હોમીઓ ડાયાબેટીસ કયુર " નં ૧ અને નં. ૨; તથા કાલીફૉસ, કૅલકેરા ફૉસ અને આરસનીક ૧૦૦ ના ઉપયોગથી તેમને થોડા વખતમાં ત્રણે વ્યાધી મટી ગયા, અને તબીયત સુધરી ગઇ.

(૬)પક્ષાઘાત—

એક વૃધ્ધ માણસ (ઉમર વર્ષ ૬૦) ને થોડો વખત થયાં પક્ષાઘાત થયો હતો; તેમણે " નર્વોટોના તથા બેરીટાકાર્બ ૨૦૦ થોડો વખત લીધું અને વ્યાધીથી તદન મુકત થયા.

(૭) એક ૬૫ વર્ષની વૃધ્ધ સ્ત્રીને પક્ષાઘાત થયો હતો. નર્વોટોના તથા કોનીયમ ૨૦૦ ના ઉપયોગથી તેમનો વ્યાધી તદન સારો થઇ ગયો;

(૮) એક સ્ત્રીને લાંબા વખત થયા વાઇનું દરદ થયું હતું, નર્વો-ટોનાના ઉપયોગથી થોડા વખતમાં તે વ્યાધી મુકત થયા.

આ ઉપરાંત હીસટીરીઆના દર્દમાં પણ નવેર્ટોનાથી ઘણોજ ગુણ માલુમ પડે છે

(૯) **ક્ષય**—એક ૨૦ વર્ષની જુવાન સ્ત્રીને લાંબા વખત થયાં જીર્ણ તાવ, ખાંસી, તથા રાત્રે થતો પ્રસ્વેદ વીગેરે ચીન્હો હતો; તેને એટલી બધી નબળાઇ આવી ગઇ હતી કે લમણામાંના વાળ પણ બધા ખરી પડ્યા હતા; અને પોતાના બાળકોને ધવરાવી પણ શકતી ન હોતી.

તેમને નીચે પ્રમાણે ઔષધોપચાર કરવાથી ૬ અઠવાડીયામાં તદન આરામ થઈ ગયો.

ફૉસફોરા—જમ્યા પછી ૫ ટીપા.

ઍમબ્રોઝીઆ ટયુબરોઝાનો કાઢો સવારે તથા સાંજે.

અને સીલીશીઆ ૨૦૦ નુ ૧ પડી કું અઠવાડીઆમાં બે વખત સવારે.

તે ઉપરાંત ઇલેકટ્રો હરબલ હૅરરીસટોરર જે ઠેકાણે માથામાંથી વાળ ખરી ગયા હતા ત્યાં લગાડવાથી ફરીવાર નવા વાળ આવ્યા.

(૧૦) **પેટમાં થતી ક્ષયની ગાંઠો**—એક ૧૬ વર્ષની સ્ત્રીને સુવાવડ પછી અતીશય નબળાઇ આવી ગઇ હતી; વળી તેને અતીસારનો વ્યાધી પણ લાગુ પડેલ હતો વળી તેને ધાવણ પણ મુદ્દલ આવતું નહિં હતું; અને જન્મેલા બાળકને મેલીન્સફુડ ઉપર રાખવા આવતું હતું; આ સ્ત્રીને બાયોટોનાના પુડીકા દીવસમા ૨ વખત તથા એમબ્રોઝીઆ ટયુબરેઝાનો કાઢો દીવસમા બે વખત આપવામા આવતો હતો,

ઉપર પ્રમાણેની દવાથી લગભગ ૨૦ દીવસમા તેણીની તબીયત તદન સારી થઇ ગઇ; વળી તેને વધારે ધાવણ આવે તે માટે લૅકટોજન પણ આપવામા આવ્યુ હતું કે જેનાથી તેને ધાવણ પણ સારી રીતે આવવા લાગ્યુ.

(૧૧) **કૃમીનો વ્યાધી**—એક ૪ વર્ષના બાળકને લાંબા વખતથી કૃમીનો વ્યાધી હતો; અને તે માટે તેને વારંવાર સૅનટોનાઇન અને એરંડતેલ આપવામા આવ્યુ હતુ; પણ તે છતા તેને પુરેપુરો આરામ થયો નહિ હતો. અને તેના પેટમા હજી પણ કૃમી છે પણ તે બહાર નીકળતા નથી એમ તેની દવા કરનાર ડાકટરે જણાવેલ હતું; આ બાળકને હોમીઓ વર્મ પાઉડર્સ દીવસમા બે વખત એક અઠવાડીઆ સુધી આપવામાં આવ્યા હતા; અને તેનાથી તેના પેટની અંદર બધા કૃમી પડી ગયા હતા. ત્યાર પછી નેટ્રમફોસ ૬x અને પૅનેશીઆ હોમીઓરંથીક દર ત્રણ કલાકે વારા

ફરતી તેને આઠ અઠવાડીઆ સુધી આપવામાં આવ્યું હતું; ત્યાર પછી આ બાળકને કોઇપણ કૃમીનો વ્યાધી થયેલ નથી; અને હાલમાં તેની ઉમર વર્ષ ૧૦ ની છે.

(૧૨) **જીર્ણજ્વર**—એક ત્રણ વર્ષની છોકરીને ઘણા લાંબા વખતથી જીર્ણ અને હઠીલો તાવ આવતો હતો. તેને લગભગ ૧૦ મહિના સુધી ઍલોપૅથીક દવા આપવામાં આવી હતી; પણ કાંઇજ ફાયદો થયો નહિ હતો. ત્યાર પછી તેને બે ત્રણ માસ સુધી આયુરવેદીક દવા પણ આપવામાં આવી હતી. પણ તેનાથી પણ તેને પુર્ણ આરામ થયો નહિ હતો; છેવટે આ છોકરીના માબાપે તેને હોમીઓપૅથીક દવાનો ઉપચાર કરવાનુ વીચાર્યું; બાયોટોના તથા "હોમીઓ ફીવર ડ્રોપસ" તેને આપવામાં આવ્યુ હતું; અને ૩ માસમાં તેને સંપુર્ણ આરામ થઇ ગયો હતો.

(૧૩) એક સ્ત્રીને કસુવાવડ પછી ૩ અઠવાડીઆ સુધી રક્તશ્રાવ થતો હતો; તેને ઍલોપેથીક અગર આયુરવેદીક દવાઓથી આરામ નહિ થયો; ત્યાર પછી તેને હોમીઓપૅથીક દવાઓનુ "હીમોક્યુરા" આપવામાં આવતું; ત્રણ દીવસમા તેને ઘણોજ આરામ થઇ ગયો.

(૧૪) **મેદવૃધ્ધી; જાડાપણું**—એક ૨૨ વર્ષની સ્ત્રીને શરીરે ઘણોજ મેદ વધ્યો હતો; અને શરીર ફૂલી ગયું હતુ. માસીક રજોદર્શન બહુજ કમી આવતું હતું; વળી તે ઉપરાંત તેને શરીરે ખરજ તથા ગુમડા પણ થયેલ હતા. તેને સેનગ્વીનેરીઆ ઇલીકઝીર અને ફાયટો બૅરીડયુસર આપવાથી શરીરમાનો બધો રોગ ૨ માસમાં મટી ગયો.

(૧૫) **આંખની નબળાઇ તથા ટુંકી દ્રષ્ટી**—૨૦ વર્ષની ઉમરના એક વીદ્યાર્થીને લાંબો વખત થયા સ્વપ્નદોષ, હીણી દ્રષ્ટી માથાનો દુખાવો તથા દસ્તની કબીજીઆત વીગેરે વ્યાધીઓ હતા. તેણે લાંબા વખત સુધી, ઍલોપેથીક તથા પેટંટ દવાઓ તથા હકીમી દવાઓનું સેવન કર્યું પણ જોઇએ તેવો ફાયદો થયો નહિ; છેવટે તેણે હોમીઓપૅથીક દવાઓ વાપરવાનો વીચાર કર્યો; સૅલીકસ નાઇગ્રા તથા બાયોટોનાના ઉપયોગથી તેનો સ્વપ્નદોષનો વ્યાધી દુર થયો; તથા ઓરમ મૅટાલીકમ ૨૦૦ થી તેની આખની દ્રષ્ટી સુધરી ગઇ અને છેવટે તેને પોતાના ચસમા વાપરવાની પણ જરૂર ન રહી.

(૧૬) **બહેરાપણું**—એક ૨૫ વર્ષના માણસને તળાવમાં પડી જવાને લીધે કાનનું બહેરાપણું થયું હતું; અને પાંચ છ વર્ષ સુધી

દવાઓ વાપરવાથી તેને કાંઇ ફાયદો થયો નહિ; નૅટ્રમમ્યુર ૨૦૦, ઓરમમૅટ ૨૦૦, કાલીમુર ૩૦ અંદર ખાવાને આપવાથી તથા બહારથી કાનની અંદર મુલીન ઑઇલના ટીપા નાંખવાથી તેનું બહેરાપણું તદન દુર થયું હતું.

બીજા એક વૃદ્ધ માણસને ઉપર પ્રમાણે કાનનું બહેરાપણું હતું; અને તેને કાનની આગળ બહુ મોટેથી બોલવામાં આવે તોજ સાંભળી શકતો હતો; તેનું શરીર ઘણુંજ સ્થુળ હતું તથા સ્વભાવે ઘણોજ ગમગીન રહેતો હતો.

કૅલકેરીઆ ૩૦, ઓરમ મૅટ ૨૦૦ અને કાનની અંદર મુલીન ઓઇલના ટીપા નાંખવાથી ૪ માસમાં તેને તદન આરામ થઈ ગયો.

(૧૭) **મેલેરીઆ તાવ**—એક ૪૪ વર્ષના વૃધ્ધ માણસને ૮ માસ થયાં મેલેરીઆ તાવ આવતો હતો વળી તે ઉપરાંત તેને ખાંસી પણ થઇ હતી; અને બરલ વધેલી હતી. શરીર અત્યંત દુર્બળ થઇ ગયું હતું; ઍમબ્રોઝીઆ ટયુબરોઝા, સીઓનથસ અમેરીકાનસ, અને ફૉસફૉરાના સેવનથી ૨ માસમાં તેને તદન આરામ થઇ ગયો.

(૧૮) એક યુવાન માણસને દારૂ પીવાની ખરાબ આદત લાગેલી હતી; તેણે કહ્યુ જે હું જાણું છું જે આ બુરી ટેવથી તેનું શરીર અને તંદુરસ્તી બધી બગડતી જતી હતી પણ તેનાથી તે ટેવ છોડાતી ન હોતી. પણ તેણે હોમીઓપેથીક દવાનો ઉપયોગ કરવાનું કબુલ કર્યું. પૅસીફ્લોરા, કોલાઇલીકઝીર, નકસવોમીકા, આ ત્રણ દવાઓથી તેને ૩ મહિનામાં આરામ થઇ ગયો.

(૧૯) **પાંડુરોગ**—એક ૨૨ વર્ષની સ્ત્રીને શરીરમા ઘણીજ નબળાઇ અને ફીકાપણુ રહેતું હતું; ૬ વર્ષ સુધી તેણે આ દરદને માટે કેટલાક ડાકટરોની દવા લીધી હતી. પણ તેણીને થોડો વખત આરામ રહેતો હતો અને પાછું દરદ જેવું હતું તેમ થઇ આવતું હતું. દર શીઆગાની રૂતુમાં આ દરદ તેને થઇ આવતું હતું. તેને સેનગ્વીનેરીઆ ઇલીકઝીર જમ્યા પછી અને બાયોટોનાના પડીકા દીવસમાં ૩ વખત આપવાથી દરદ તદન મટી ગયું.

(૨૦) **જુનો સંધીવા**—એક વયોવૃદ્ધ માણસને ૧૦ વર્ષથી સંધીવાની બીમારી લાગુ પડેલી હતી. તેમણે પુષ્કળ આયુરવેદીક તથા ઍલોપેથીક દવા ખાધી પણ કાંઇજ ફાયદો થયો નહિ છેવટે તેમને અંદરથી

ખાવાની દવા માટે હાઇમોસો અને બહારથી લગાડવાની દવા તરીકે ઍન્ટી રૂમેટીક સાલવ આપવામાં આવ્યો અને ચાર માસમાં તે તદન રોગમુક્ત થયા.

(૨૧) **સાએટીકા** (ઉરૂસ્તંભ)—મીસીસ. કે. ઉમર વર્ષ ૨૮ એમને ૯ વર્ષ થયા ડાબી બાજુ ઉરૂસ્તંભનું દર્દ થયું હતુ; અને પગની અંદર સખત દુખાવો રહેતો હતો; હાઇમોસા અને ઍન્ટીરૂમ સાલવ વાપરવાથી ૩ માસમાં તેમનું દરદ તદન મટી ગયું.

(૨૨) **મીઠી પેશાબ**—મી. એન. ઉમર વર્ષ ૪૫ એમને ૭ વર્ષથી મીઠી પેશાબનું દર્દ હતું; તેમને અત્યંત તૃષા તથા ભુખ લાગતી હતી; હંમેશા દર રાત્રે સાત આઠ વખત પેશાબ કરવા ઉઠવું પડતું હતું ડાયાબેટીસ કયુર નં. ૧ અને નં. ૨ દર ત્રણ કલાકે વારા ફરતી આપવાથી તેમનું દર્દ લગભગ ૫ માસમાં સાફ થઇ ગયું. જમ્યા પછી તેમને ફોસફેરા પણ આપવામાં આવતું હતું.

(૨૩) **સુવાવડમાં થતો સનેપાત**—એક ૧૮ વર્ષની યુવાન સ્ત્રીને સુવાવડ પછી એકદમ ગાંડપણુ થઈ આવ્યું. તેની સ્થીતી એટલી ખરાબ થઇ ગઇ કે તે આખો દીવસ ગાયા કરે અથવા નાચે અને આસપાસના સગાવહાલાને ગાળો આપે; પોતાના બાળકને પણ તે સંભાળી શકતી નહિ; ઉનમાદને માટેની ડા. રૅાયની ગોળીઓ વાપરવાથી થોડો વખત તેનું દરદ જરા દબાયું અને તેને ઉંઘ આવવા લાગી; પણ પાછળથી તેને કાઇ ફાયદો માલુમ ન પડયો કાલીફોસ ૬x અને ૬૦x અને પૅસીફ્લોરા ઇનકારનેટા આ બે દવાથી તેને તદન સારૂ થઈ ગયું. અને પાછળથી "નરવોટોના" આપવાથી તેની તબીયત સુધરી ગઇ અને ફરીથી તેને ઉન્માદ કે ગાંડપણ કોઇ વખત જણાયું નહિ.

(૨૪) **આંખમાં થતા ખીલ**—એક ૪૦ વર્ષની સ્ત્રીને ૧૦ વ૰ થયા આંખની અંદર ખીલ થયા હતા ઍલોપૅથીક અને આયુરવેદીક દવા૰ ઉપયોગથી તેને કાંઇપણ ફાયદો થયો નહિ; "હરબલ ગ્રેનીન" અને "ગ્રેન૰ આઇ ડ્રોપ્સ" વાપરવાથી તેની આંખના ખીલ ૩ માસમાં તદન મટી ગયા.

(૨૫) એક ૧૮ વર્ષના છોકરાને નાનપણથી કાનમાંથી પરૂ વહયા કરતુ હતું; આ દરદ થોડોક વખત મટી જતું અને પાછું થઇ આવતું એમ લાંબો વખત ચાલ્યા કર્યુ તેણે પુષ્કળ દવાઓ કરી અને કાન પણ ધોવરાવ્યો પણ છેવટે તદન આરામ થયોજ નહિ; કાનના દર્દ જાણવાવાળા

ડાકટરને બતાવતા તેમણે તેનું દર્દ નહિ મટી શકે એમ જણાવ્યું; છેવટે હોમીઓ પૅથીક દવાઓને ઉપચાર કરવાની તેની ઇચ્છા થઇ તેને કાનમાં નાંખવાને "હાઇડ્રા કમપાઉંડના ટીપા", સોરીનમ સી. એમ. સીલીશીઆ ૨૦૦, કૅલકેરા સલ્ફ ૧૦૦, ૩૦x વીગેરે દવાઓને અંદર ઉપયોગ કરવામાં આવતા થોડો વખતમાં તે તદન વ્યાધી મુક્ત થયો.

(૨૬) એક નવ વર્ષના બાળકને ઘણાજ સખત પ્રકારને ઓરીને વ્યાધી થઇ આવ્યો; બીમારીની અંદર તેને ઔષધની બરોબર તજવીજ નહિ રહેવાથી તેને કાનની અંદર રસીને શ્રાવ, આખ આવી જવી તથા આંખમાં ફુલુ પડવુ વીગેરે વ્યાધીઓ થઇ આવી; વળી વારંવાર તેને ખાંસી થઈ આવતી હતી. આંખની અંદર પ્રોટારગૅાલના ટીપા તથા બીજી પારદની દવાઓના ઉપયોગથી તેને કાંઇ ફાયદો થયો નહિ. અને થોડા વખત સુધી તે આખે દેખતો તદન બંધ થઇ ગયો. ઍમબ્રોઝીઆ, કાલીસુર ૬x થી ૩૦ અને સીલીશીઆ ૨૦૦ થી સી. એમ. પાવરનુ દેતાં તેની ખાસી તો તદન સારી થઇ ગઇ, તે ઉપરાત આખને માટે નેટ્રમમ્યુર ૩૦ થી ૨૦૦, કેલકેરા ફ્લુરાઇડ ૧૦૦, યુફ્રેઝીઆ ૩૦, યુફ્રેસીન આઇડ્રોપ્સ વીગેરે દવાએ વાપરવાથી તેની આખો તદન સારી થઇ ગઇ વળી કાનને માટે હાઈડ્રાકોમપાઉંડ ઇઅરડ્રાપ્સ વાપરવાથી કાનમાંથી વહેતી રસી તદન બંધ થઇ ગઇ વળી તેને શક્તીને માટે સવારમાં બાયોટોના તથા જમ્યા પછી ફોસફોરા લાંબા વખત સુધી આપવામા આવ્યુ હતું.

(૨૭) **શરીરનું સ્થુળપણું; મેદ વૃદ્ધી**—એક ૨૭ વર્ષની સ્ત્રીને થોડાક માસ સુધી " ફાઇટો ફૅટ રીડયુસર વાપરવાથી શરીરની અંદર રહેલી પુષ્કળ ચરબી ઘટી ગઇ તથા તેને આર્તવ પણ સારીરીતે દેખાવા લાગ્યો, અને તેનું શરીર તેણીને ઘણુંજ હલકું તથા પાતળુ લાગવા માંડ્યું.

ડા. એમસી. ટોલટે જણાવે છે કે મેદોદ વૃદ્ધીના વ્યાધી વાળા કેટલાક દરદીઓની અંદર " ફાઇટોલીનની " દવા વાપરવાથી ઘણુંજ સારૂ પરીણામ માલુમ પડેલ છે.

(૨૮) અર્શ—મી. ડી. ઉમર વર્ષ ૩૦ લાંબા વખત થયા બહારના અર્શથી પીડાતા હતા અર્શ ઘણાજ સુજી આવેલ હતા તથા અડકવાથી બહુજ દુખતા હતા; એલોપૅથીક ડાકટરોએ તેને એકદમ નસ્તર મુકાવાની સલાહ આપી પણ નસ્તર મુકાવા તેની ઇચ્છા ન હોતી. હોમીઓપૅથીક

દવાઓના ઉપચાર કરવાની તેને સલાહ મળતા; તે અમારી પાસે આવ્યા અને તેને "હીમોકયુરા" દર બે કલાકે અને બહારલગાડવાને "હીમોકયુરાનો" મલમ આપવામાં આવ્યો ૩૬ કલાકમાં તેની તબીયત સારી થઇ ગઇ અને અર્શનો સોજો ઉતરી ગયો તથા પીડા પણ શમી ગઇ, અને નસ્તર મુકાનાની જરૂરજ રહી નહિ.

(૨૯) ઉપદંશ—મી. એસ. ઉમર વર્ષ ૨૮ એમને ગરમીનો વ્યાધી થયેલ હતો, હકીમી દવાઓથી તેને ગુણ માલુમ પડયો નહિ; "એન્ટીસીફ" અને પેનેર્શીઆના ઉપયોગ થી ૨ માસમા તેને તદન સારૂ થઇ ગયું

(૩૦) **મોતીયો**— (અ) ડાકટર જે. જણાવે છે કે ત્રણ બાટલી "સાઇનેરીઆ મેરીટીમા"ની દવા વાપરવાથી તેમનો શરૂઆતનો આખનો મોતીઓ તદન ગળી ગયો હતો.

(બ) ૪૫ વર્ષની ઉમરની એક સ્ત્રીને પોતાની આંખના મોતીઆ માટે ૧૦ બાટલી "યુક્રેસીન" ની આંખમાં ટીપા નાંખવાની દવા તથા અ દરથી ખાવાની દવા "નેટ્રમમ્યુર" અને "કૅલકેરીઆ ફ્લુરાઇડ" જુદી જુદી પાવરનું લેવાથી મોતીઓ તદન ગળી ગયો અને પોતે અત્યારે પુસ્તકો વાચી શકે છે.

(૩૧) એક ૩૪ વર્ષના યુવાનને "ઇનફ્લુએનઝા"નો વ્યાધી થઇ આવ્યો તેમાં તે લગ ભગ આઠ દીવસ બીમાર રહયો તેને આખી રાત ખાંસી તથા પુષ્કળ કફ પડતો હતો, તથા શરીરે ઘણીજ અશકતી આવી ગઇ હતી; અને ભુખ પણ મુદલ ન હોતી, અને ઝાડાની કબજીઆત રહેતી હતી. એમ્બ્રોઝીઆ ટયુબરોસા અને ફૉસફોરા વારાફરતી દર બે કલાકે લેવાથી તેની તબીયત સારી થઇ ગઇ અને બે આઠવાડીઆમાં સંપુર્ણ આરામ થઇ ગયો.

(૩૨) એક ૩૮ વર્ષના યુવકને ૨૮ દીવસના ટાઇફોઇડ તાવ પછી શરીરમાં ઘણીજ નબળાઇ આવી ગઇ હતી; અને શરીર ઠંડુ રહયા કરતુ હતું અને બે ત્રણ મીનીટ ઉભા રહેવાની તાકત પણ તેનામાં હતી નહિ. સવાર સાંજે "બાયોટોના" અને જમ્યા પછી ફૉસફોરા લીધા પછી થોડા વખતમાં તેને સંપુર્ણ આરામ થઇ ગયો અને પોતાનો નીયમીતનો કામ ધંધો કરવા લાગ્યો.

(૩૩) એક સ્ત્રીને સંધીવાને લીધે પોતાના હાથ પગ અગર શરીરનો કોઇપણ ભાગ હલાવી ચલાવી શકાતો નહિ હતો અને તે વખતે તેને દર્દ થતું હતું "હાયમોસા" અને "ઍન્ટીરીયુમા સાલ્વ" બન્ને ચીજોના ઉપયોગથી થોડા વખતમાં તે સ્ત્રી રોગ મુકત થઇ ગઇ.

(૩૪) એક પુખ્ત ઉમરના માણસને મીઠી પેશાબનો વ્યાધી થયો હતો, તેને અતીશય તૃષા તથા સખ્ત ભુખ લાગતી હતી; રાત્રે તેને ૬ થી ૭ વખત પેશાબ કરવાની હાજત થતી હતી; "ડાયાબેટીસકયુર" નં. ૧ અને "ડાયાબેટીસકયુર" નં. ૨ વારાફરતી દર ત્રણ કલાકેલે વાથી અને જમ્યા પછી ફોસફોરાનો ઉપયોગ કરવાથી બે અઠવાડીઆમાં તેની તબીયત તદન સારી થઇ ગઇ; અને ૬ અઠવાડીઆમાં પેશાબમાં સાકરનું જવું તદન બંધ થઇ ગયુ.

(૩૫) એક ૪૨ વર્ષની વયના માણસને આખા શરીર ઉપર ઉપદંશના ચાઠા થઇ આવ્યા હતા; તેણે ૬૦૬ની દવાની પીચકારી પણ લીધી હતી; પણ તેનાથી તેને પુરતો આરામ થયો નહિ. "પૅનેશીઆ હોમીઓપેથીક" વાપરવાથી ૩॥ માસમાં તેને તદન આરામ થઇ ગયો.

(૩૬) ૩૮ વર્ષની ઉમરની એક સ્ત્રીને આખા શરીર ઉપર ચાઠા થઇ આવ્યા હતા; વળી તેને દારૂ પીવાની આદત પણ હતી. ઍલોપેથીક અને આયુરવેદીક દવાઓના ઉપયોગથી તેને મુદ્દલ આરામ થયો નહિ. "પેનેશીઆ હોમીઓપેથીક" તથા ઇચીનેશીઆના ઉપયોગથી તેને ૨ અઠવાડીઆમાં સારૂં થવા લાગ્યું; અને ૩ માસમાં તદન રોગ મુકત થઇ.

(૩૭) **ડાકટર કે. જણાવે છે જે**—એક યુવાન ૨૫ વર્ષની સ્ત્રીને ડોકની બંન્ને બાજુ કંઠમાળની સખ્ત ગાંઠો થઇ આવી હતી; અને ઍલોપૅથીક દવાઓ પણ પુષ્કળ ખાધી હતી; અને છેવટે રસીની પીચકારી પણ મુકાવી હતી, છતાં દરદને ફાયદો થયો નહિ; કાલીમુર ૬x, કેલકેરા આયોડાઇડ ૬x, કેલકેરા ફલુરાઇડ ૧૨x વીગેરે દવાઓના ઉપયોગથી તેને ૧ માસમાં દરદ કમી થવા લાગ્યું; અને ૬ માસમાં ડોકની બંન્ને બાજુની ગાંઠો તદન ગળી ગઇ, અને કંઠમાળનું કોઇપણ ચીન્હ ડોક ઉપર રહ્યુ નહિ.

(૩૮) ગુજરાત તરફના એક નાના દેશી રાજ્યમાં ૮ વર્ષની ઉમરનાં એક બાળ રાજકુમારને પેશાબમાં આલ્બ્યુમેન જતું હતું કે જે માપતા ૫ થી ૬ ડીગ્રી સુધી જણાતું હતું તે ઉપરાત પેશાબ બહુજ થોડો આવતો હતો; અને શરીરે નબળાઇ તથા વારંવાર શરદી થઇ આવતી હતી; શરૂ-

બાતમાં મુંબઇના નામચીન ડાકટરોને બતાવતા તેમની સલાહ મુજબ ઍલોપેથીક દવાઓનો ઉપાય અજમાવામાં આવ્યો હતો; પણ લગભગ ૧।। માસ સુધી દવા વાપરતા કાંઇ પણ સારો ફાયદો માલુમ પડયો નહિ; અને :રદ તેવુંજ રહ્યુ છેવટે ૧ માસ સુધી આયુરવેદીક દવાઓનો પણ ઉપચાર ‌કરવામાં આવ્યો હતો; પણ તેનાથી પણ કાંઇ આરામ થયો નહિ; આખરના ‌ઇલાજ તરીકે તેમને કાલીમુર ૬x, અને કૅલકેરીઆ ફોસ ૧૨x, અને નેટ્રમફોસ ૧૨x; તથા બીજી ઇલેક્ટ્રો હોમીઓપૅથીક દવાઓના ઉપયોગથી પેશાબની અંદર દેખાતું આલ્બ્યુમેન તદ્દન બંધ થઇ ગયું અને પેશાબ પણ વધવા મંડયો અને બે માસમાં વ્યાધી તદ્દન મટી ગયો.

(૩૯) દેશી રાજ્યમા રહેતા એક દારૂના ઇજારદારને ઘણા વખતથી 'ગાઉટના''નો વ્યાધી લાગુ પડયો હતો, અને તેણે પુષ્કળ ઍલોપેથીક દવા ખાધી હતી; પણ રોગ તદ્દન મટી ગયો નહિ હતો. છેવટે જીવનરસાયનની નેટ્રમસલ્ફ ૬x અને નેટ્રમફોસ ૬x ના ઉપયોગથી અંગુઠામા થયેલો ગાઉટ તેમને તદ્દન મટી ગયો અને પોતાના જરૂરી કામને વખતે પથારી વશ થઇ ગયા હતા તે જલદીથી રોગ મુકત થવાથી પોતાના અગત્યના કામમાં હાજરી આપી શકયા હતા.

(૪૦) એક ૪૫ વર્ષ ઉમરના વણીક ગૃહસ્થને તાવ તથા ન્યુમોનીઆ અને તેની સાથે અર્શની બીમારીને લીધે ઝાડામાં દીવસમાં ૪ થી ૫ વખત લોહી જતું હતું અને તબીયત બહુજ ખરાબ થઇ ગઇ હતી; ઍલોપેથીક દવાઓ તથા આયુરવેદીકના ઉપચાર પણ કરી જોયા હતા; પણ કોઈ પણ રીતે ઝાડામાં પડતું પુષ્કળ લોહી બંધ થતુ નહોતું; છેવટે તેમને ફૅરમ-ફોસ ૬x અને કાલીફોસ ૬x તથા નેટ્રમમ્યુર ૧૨x ના ઉપયોગથી લોહી પડતું એકદમ બંધ થઇ ગયું અને તાવ તથા ન્યુમોનીઆનો વ્યાધી પણ મટીગયો.

(૪૧) ડાકટર કે. જણાવે છે કે એક વખત તેમને જમણે પડખે લીવરની બાજુમા તથા ડાબે પડખે પેડુમાં સખત દુખાવો થઇ આવ્યો, અને સાથે પેશાબ આવતો એકદમ અટકી ગયો; અને દર્દનું કારણ યકૃતનું શુળ અગર ગુરદાનું શુળ હોવું જોઇએ એમ માલુમ પડયું; બીજા ઍલો-પેથીક ડાકટરોને બતાવતા તેમણે મૉરફીઆની પીચકારી મારી તથા પીવાની દવા આપવા માંડી; પણ તેનાથી ફકત થોડો વખત દરદ શાંત રહી

ફરી પાછુ જોરથી બીજે દીવસ થઇ આવ્યું; આ વખતે હોમીઓપૅથીક દવાઓના ઉપયોગમાં જાણીતા ડાકટરને બતાવતા તેમણે "બરબરીસ-વલગારીસ" નામની દવવાનું ૧ ટીપુ દર કલાકે પાણીની સાથે લેવાનું બતાવ્યું; અને ૨૪ કલાકમાં દરદ તદન મટી ગયું; અને પેશાબ પણ છુટથી થવા લાગ્યો અને બીજા આઠ દીવસના તે દવાના ઉપયોગથી તે દરદ તદન મટી ગયું છે અને હજી સુધી ફરીવાર રૂપસ્થીત થયુ નથી.

(૪૨) એક ૪૨ વરસની વૃદ્ધ સ્ત્રીને ઘણા લાંબા વખત સુધી ખાંસી અને દમની બીમારી લાગુ પડી હતી, બધી તરેહની ઍલોપેથીક તેમજ આયુરવેદીક રસાયનો વીગેરે દવાઓનો ઉપયોગ કરવા આવ્યો હતો પણ કોઇ પણ રીતે દરદ મટતું નહિ હતું; ઉધરસ અને શ્વાસ સાથે તેને ઝાડાની કબજીઆત; મોળ, તથા પાચન શકતીની મંદતા હતી, છેવટે તેણે હોમીઓ-પેથીક દવાનો ઉપચાર કરવાનો નીશ્ચય કર્યો, અને તેને શરૂઆતમાં આર્સેનીક ૬ અને નકસવોમીકા ૬ આપવા માંડ્યુ તેનાથી લગભગ ૧ માસમાં શ્વાસ તથા ઉધરસ બહુ મટી ગયુ; છેવટે તેમને આરસનીક (૩૦) અને નકસવોમીકા ૩૦ આપવાથી દર્દ કાયમને માટે જડ મુળથી ગયુ.

(૪૩) એક ૨૦ વરસની ઉમરના માણસને ગુદા પાસે તથા જમણા કુલા ઉપર એમ બે ઠેકાણે ભગદરના નારા થયેલ હતા, ગુદા પાસેનુ નારૂ લગભગ ત્રણેક ઈંચ ઉંડુ હતુ અને કુલા ઉપરના નારામાં ૭ થી ૮ ઇંચની સળી અંદર જઇ શકતી હતી; આ દરદથી તે માણસ લગભગ ૧ વરસ દીવસથી પીડાતો હતો અને છેવટે તે પોતાના મુલકથી મુબઇ ઑપરેશન કરાવા માટે આવ્યો હતો; અને મુબઇના નામચીન સરજનોએ પણ તેને જલદીથી નસ્તર મુકાવાના સલાહ આપી, પણ તેના કોઇ સગાની સલાહથી તેણે થોડો વખત સુધી હોમીઓપૅથીક દવાઓના ઉપયોગથી વગર ઑપ-રેશને દરદ મટે છે કે નહિ તેની અજમાયશ કરવા કબુલ કર્યુ. શરૂઆતમાં તેને અંદરથી સીલીસીઆ ૬x દીવસમાં ત્રણથી ચાર વખત આપવા માંડ્યુ અને ઘા ઉપર "કૅલૅનડયુલા લોશન "ની ભીની પટ્ટી મુકવાને આપવામાં આવતી હતી; થોડો વખત પછી રસીનો બગાડો બહાર નીકળી જતા તેને સીલીસીઆ ૩૦; દીવસમા બે વખત, તથા નેટ્રમફોસ ૬x અને કૅલકેરીઆ ફોસ ૬x બંન્ને મીલાવીને દીવસમાં ત્રણ પડીકા આપવાં માંડ્યાં; અને ૬ માસની અંદર તે બંન્ને ભગંદર (નારા) વગર ઑપરેશને મટી ગયા.

૪) ૩૦ થી ૩૫ વરસની વયના એક યુવાન વકીલને લગભગ
ા દીવસ થયાં દરરોજ અથવા બે ત્રણ દીવસને આંતરે સવારમાં
ા દુખાવો શરૂ થઇ રાત્રે જમ્યા પછી થોડી વારમાં ઉલટી થઇ જતી
ઉલટી કડવી થતી; અને આ વ્યાધીથી તેને ઘણીજ અશકતી આવી
ી; ઝાડાની પણ કબજીઆત રહેતી હતી; શરૂઆતમાં તેને નકસ-
ા ૬ ના અને આરસેનીક (૬) ના એમ વારા ફરતી દીવસમાં બે બે
ાપવા માંડયા, અને તેનાથી તેને થોડોક આરામ થયા; પણ પુરતો
ન મળ્યો જેથી તેને છેવટે આરસેનીક (૩૦) અને નકસવોમીકા
) એમ બે દવાઓના ઉપયોગથી કાયમને માટે તે તદન વ્યાધી
યો; હોમીઓપેથીક દવા શરૂ કર્યા પહેલા તેણે લાંબો વખત સુધી
ાથીક દવાઓ ખાધી હતી પણ કાંઇ પણ ફાયદો માલુમ પડયો નહિ હતો.
૫) એક ૧૬ વરસની ઉમરના છોકરાને ઘણા લાબા વખત સુધી
આ તાવ આવતો હતો; સવારમાં ૧૦ થી ૧૧ વાગ્યામાં તેને ઘણીજ
ઠંડી સાથે તાવ આવતો હતો; તથા ઉલટી પણ એક બે વખત થતી
એલોપેથીક દવાઓ તથા કવીનાઇન ખાવાથી તે કંટાળતો હતો; છેવટે
મીઓપેથીક દવાઓ પોતાના દર્દ માટે અજમાવાની ઇચ્છા થઇ;
કયુએના (૩૦) અને નેટ્રમમ્યુર (૩૦C) આ બે દવાઓના ઉપ-
ી તેનો તાવ તદન ઉતરી ગયો અને તે તદન રોગ મુકત થયો.
૪૬) એક યુવાન સ્ત્રીને ઘણા લાબા વખતથી માસીક (આર્તવ)
હિ આવવાની ફરીયાદ હતી, પુષ્કળ એલોપેથીક દવાઓ તથા ૧/૨
એોલટ્રીસ કોરડીઅલની બાટલીઓ પીધા પછી પણ તેનો વ્યાધી તદન
ગયો નહિ, વળી માસીકના અનીયમીતપણાને લીધે તેને વંધ્યત્વ
તુ, શરૂઆતમા પલસેટીલા ૬ અને સલફર ૬ ના ઉપયોગથી પહેલેજ
તેને નીયમીત કરતાં સાફ આર્તવ દેખાવા લાગ્યો; પાછળથી તેને
ટીલા ૩૦ ના બે ડોઝ રોજના આપવાથી કાયમને માટે માસીકની
મીતતાની ફરીઆદ મટી ગઇ; અને થોડા વખતમાં તે સ્ત્રી સગર્ભા
અને તેને પુત્રપ્રાપ્તી થઇ.
૪૭) એક પુખ્ત ઉમરના માણસને બંન્ને બાજુએ ન્યુમોનીઆ
ાનો સોજો) થયેલ હતો. છ સાત દીવસ સુધી તેણે આયુરવેદીક
ા અજમાવી પણ વ્યાધી જરાપણ નરમ પડયો નહિ; અને તેની તબી-

અત વધારે ખરાબ થવા લાગી; તાવ, ખાંસી તથા છેવટે હેડકીની બીમારી પણ તેને શરૂ થઇ; કફની અંદર પણ તેને લોહી જતું હતુ; શરૂઆતમાં તેને લાઇકો પોડીયમ (૩૦) અને કાલીમ્યુર ૬X વારા ફરતી દર બે કલાકે આપવું શરૂ કર્યુ; અને પાછળથી આરસનીક ૬C અને ફોસફરસ ૬C આપવાથી તેના વ્યાધીની ગંભીરતા ઓછી થઇ ગઇ અને બીજા દશ દીવસમાં તેને નદન આરામ થઇ ગયો.

(૪૮) એક ૩૮ થી ૩૯ વરસની વયના માણસને ઘણા લાંબા વખત થયાં ધાતુની નબળાઈ હતી; તથા વારંવાર સ્વપ્નદોષ થઇ આવતો હતો વળી તે સાથે તેને ઝાડાની કબજીઆત તથા ભુખ પણ કમી લાગતી હતી. અને પેટમાં વાયુ થઈ જતું હતું; વળી તે સાથે બે વરસ થયાં તેને ડાબે પગે ખરજવુ થઇ આવ્યું હતું; જેને માટે બહારથી લગાડવાની પુષ્કળ એલોપેથીક તથા આયુરવેદીક દવાઓ કરવા આવી હતી, પણ પુરતો આરામ નહિ થયો; છેવટે હોમીઓપેથીક દવા કરવાનો તેને વીચાર થયો; અને તેને શરૂઆતમાં "લાઇકો પોડીઅમ ૩૦C"ના ત્રણ ડોઝ દીવસમાં ત્રણ વખત આપવામાં આવ્યાં અને લગભગ ૧ માસની અંદર ઉપરના સઘળા વ્યાધીઓમાથી તે રોગ મુક્ત થયો; પગનું ખરજવું પણ મટી ગયું.

(૪૯) ૫૫ વરસની ઉમરના એક મુસલમાન ગૃહસ્થને પેટ ઉપર ડુંટીની આસપાસ ૧ મોટી ગાંઠ થઈ આવી; એલોપેથીક ડાકટરની સલાહ લેતા શરૂઆતમાં તેને ગાંઠ ગાળી નાંખવાની દવા આપવામાં આવી; પણ ગાંઠ ન ગળાતા, સોજો વધી ગયો અને પેટની ઉપર સખત દુખાવો થઇ આવ્યો; તે સાથે તેને તાવ પણ સખત આવવા લાગ્યો; છેવટે તેને ગાંઠ ઉપર પોલટીસો કરવાની સલાહ મળતાં પોલટીસ કરવા માંડી; પણ ગાંઠ સ્હેજ સાજ પાકવા આવી; એક એલોપેથીક સરજન ડાકટરને બતાવતા તેણે એકદમ પેટ ઉપર નસ્તર મુકી ગાંઠ ચીરવાની સલાહ આપી; પણ આ પ્રમાણે પેટ ચીરવાથો પોતે બચી શકશે કે નહિ તેની પકી ખાત્રી ન મળવાથી તેણે નસ્તર મુકવાની ના પાડી; અને પોતાને કુદરત ઉપર છોડી મુકવાનું ધાર્યુ; છેવટે તેના કોઇ મીત્ર તરફથી તેને છેવટ નાઇલાજ તરીકે હોમીઓપેથીક અગર બાયોકેમીક દવા અજમાવાની સલાહ મળી શરૂઆતમાં તેને સીલીસીઆ ૬X દીવસમાં ૪ વખત આપવા આવ્યું; અને બે દીવસમાં તે ગાઠ તેની મેળા પાકીને ફૂટીગઇ અને પુષ્કળ પરૂ નીકળ્યું; ત્યાર પછી પણ

થોડો વખત સીલીશીઆ ૬x આપવા આવ્યું; અને ઘા ઉપર કૅલેનડયુલા
[ા]કચરના પ્રવાહીની ભીની પટ્ટી મુકવા આવી; અને વખતો વખત તે બદલ-
[ા]માં આવતી હતી; પરૂ કમી થતાં તેને સીલીશીઆ ૩૦ દીવસમાં બે વખત
[ત]થા કૅલેકેરીઆ ફોસ ૬x અને નેટ્રમફોસ ૬x બંન્ને મેળવીને દીવસમાં
[ત્ર]ણ વખત આપવામાં આવ્યું; બરોબર ૧ માસમાં તેને તદન આરામ થઇ
[ગ]યો; અને અંદરનો ઘા પણ પુરાઇ જઇ બહારથી રૂઝ આવી ગઇ.

સમાપ્ત ।

प्रिंटर—एम. एन. कुळकर्णी, कर्नाटक प्रेस, ८३४ ठाकुरद्वार, मुंबई.
प्रकाशक—व्ही. एम. कुळकर्णी, रॉय ॲन्ड कंपनी, प्रिन्सेस स्ट्रीट, मुंबई